અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ ઓગસ્ટ ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ વદ ૧૨ | અંક : ૩૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**પીએમ હોસ્પિટલનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા** । હૈતીના વડા પ્રધાન ગેરી કોનિલ પર ગોળી વાગી હતી અને સુરક્ષા દળોએ તેમને હોસ્પિટલમાંથી સુરક્ષિત બહાર કાઢ્યા હતા

## હૈતીમાં વડાપ્રધાન પર હુમલો, હોસ્પિટલની બહાર ફાયરિંગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

હૈતીના વડાપ્રધાન ગેરી કોનિલ પર ગોળી વાગી હતી અને સુરક્ષા દળોએ તેમને હોસ્પિટલમાંથી સુરક્ષિત બહાર કાઢ્યા હતા. તેઓ હોસ્પિટલના નિરીક્ષણ પર હતા, જેને તાજેતરમાં યુએન સમર્થિત સેના અને સ્થાનિક પોલીસ દ્વારા નિયંત્રણમાં લેવામાં આવી છે. ગોળીબારમાં કોઈ જાનહાનિ થઈ ન હતી અને વડાપ્રધાન સુરક્ષિત રીતે ભાગવામાં સફળ રહ્યા હતા.

હૈતીના વડાપ્રધાન પર ગોળી વાગી છે. સુરક્ષા દળોએ પીએમ ગેરી કોનલીને પોર્ટ-ઓ-પ્રિન્સની હોસ્પિટલમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા. હૈતીમાં ગેંગ વોર ચાલી રહી છે અને અહીં અવારનવાર આવી ઘટનાઓ બનતી રહે છે. ઉદાહરણ તરીકે, ગેંગ ફાઈટર્સ દરરોજ સામાન્ય લોકો અને સુરક્ષા દળો પર હુમલો કરે છે.

વડાપ્રધાનને બચાવવા માટે સુરક્ષા દળોએ ગોળીબાર કરવો પડ્યો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે વડાપ્રધાન કોનિલ નેશનલ પોલીસ ચીફ નોર્માીલ રેમ્યુ અને કેટલાક પત્રકારો સાથે હૈતીની સૌથી મોટી હોસ્પિટલની મુલાકાત લઈ રહ્યા હતા ત્યારે બહારથી ગોળીબારનો અવાજ સંભળાયો. વડાપ્રધાન અહીંની હોસ્પિટલની મુલાકાત દરમિયાન ઈન્ટરવ્યુ આપી રહ્યા હતા, ત્યારે ગોળીઓ ચાલુ થઈ ગઈ. આ દરમિયાન સુરક્ષા દળો બહાર આવ્યા અને અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું. વડા પ્રધાન કોનિલના કાર્યાલયમાંથી જારી કરાયેલા એક નિવેદનમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે વડા પ્રધાન અને તેમનો કાફલો સલામત રીતે હોસ્પિટલ છોડવામાં સફળ રહ્યા છે. આ દુર્ઘટના બાદ પીએમ સીધા તેમના કાર્યાલય પહોંચ્યા, વૈશ્વિક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી અને કોઈને ઈજા થઈ હોવાની માહિતી નથી.વાસ્તવમાં, પીએમ કોનિલે જે હોસ્પિટલની મુલાકાત લીધી હતી તે ગેંગના નિયંત્રણમાં હતી અને ગયા મહિને જ સુરક્ષા દળોએ આ હોસ્પિટલને પોતાના નિયંત્રણમાં લઈ લીધી હતી. પીએમ અને તેમની ટીમ હોસ્પિટલનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા પરંતુ ફાયરિંગની ઘટનાથી અહીં અસુરક્ષાનો માહોલ સર્જાયો હતો. તેમની હોસ્પિટલની મુલાકાત દરમિયાન, પીએમ એ વિસ્તારને 'યુદ્ધ ક્ષેત્ર' ગણાવ્યો હતો, જેના કારણે આ વિસ્તારની આરોગ્ય વ્યવસ્થા ખરાબ રીતે પ્રભાવિત થઈ હતી. આ હોસ્પિટલ હૈતીની રાષ્ટ્રીય પોલીસ અને કેન્યા પોલીસની આગેવાની હેઠળના યુએન-સમર્થિત મિશનના નિયંત્રણ હેઠળ છે, જેમને હિંસા પર નિયંત્રણ માટે હૈતીમાં તૈનાત કરવામાં આવ્યા છે. હૈતીની રાજધાનીનો ૮૦ ટકા વિસ્તાર ગેંગના નિયંત્રણમાં છે અને તેઓ અહીંની મેડિકલ સંસ્થાઓ અને ફાર્મસીઓને લૂંટી રહ્યા છે.


### નીતિન ગડકરીએ નાણાં મંત્રીને કરી રજૂઆત

## લાઈફ-હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમીયમ પરથી GST દૂર કરવાની માગણી

### જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા GST દૂર કરવા નીતિન ગડકરીએ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને વિનંતી કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

બીજેપી નેતા અને કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને વિનંતી કરી છે. તેમણે નાણામંત્રી પાસે જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા GST દૂર કરવાની માંગ કરી છે. સીતારમણને લખેલા પત્રમાં ગડકરીએ કહ્યું કે, નાગપુર ડિવિઝન લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન એમ્પ્લોઈઝ યુનિયને તેમને આ મુદ્દાઓ પર મેમોરેન્ડમ સુપરત કર્યું છે. તેમણે એમ પણ કહ્યું કે જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર ૧૮ ટકા GST લાગુ કરવોએ જીવનની અનિશ્ચિતતાઓ પર કર લાદવા જેવું છે. નીતિન ગડકરીએ તેમના પત્રમાં જણાવ્યું હતું કે યુનિયન માને છે કે, લોકો આ જોખમ સામે કવર ખરીદી શકે તે માટે વીમા પ્રિમીયમ પર ટેક્સ લાદવો જોઈએ નહીં. તેમણે કહ્યું કે, એ




જ રીતે મેડિકલ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ પર ૧૮ ટકા GST વ્યવસાયના આ ક્ષેત્રના વિકાસમાં અવરોધરૂપ સાબિત થઈ રહ્યો છે જે સામાજિક રીતે જરૂરી છે. નીતિન ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે, યુનિયને જીવન વીમા દ્વારા બચત માટે સારવાર, તબીબી વીમા પ્રીમિયમ માટે IT કપાતની પુનઃ રજૂઆત તેમજ જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓના એકીકરણનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. આ સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે, જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર GST ચૂકવવો એ વરિષ્ઠ નાગરિકો માટે એક પડકાર છે. ગડકરીએ તેમના પત્રમાં જણાવ્યું હતું કે, તમને જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર GST પાછી ખેંચવાના સૂચનને પ્રાથમિકતાના આધારે ધ્યાનમાં લેવા વિનંતી કરવામાં આવે છે કારણ કે તે અન્ય સંબંધિત મુદ્દાઓ સાથે નિયમો અનુસાર વરિષ્ઠ નાગરિકો માટે બોજારૂપ બને છે. યોગ્ય ચકાસણી પણ થવી જોઈએ. આ પહેલીવાર નથી જ્યારે નિર્મલા સીતારમણને આરોગ્ય વીમા પ્રીમિયમ પર લાદવામાં આવેલા GST પર પુનર્વિચાર કરવા વિનંતી કરવામાં આવી હોય. આ વર્ષે જૂનમાં કન્ફેડરેશન ઑફ જનરલ ઈન્શ્યોરન્સ એજન્ટ્સ એસોસિએશન્સ ઑફ ઈન્ડિયાએ સરકારને વ્યક્તિગત મેડિકલ પોલિસી પર GST ૧૮ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવાની અપીલ કરી હતી. નોન-લાઈફ ઈન્સ્યોરન્સ એજન્ટોના સંગઠને જણાવ્યું હતું કે, આ લોકોને સામાજિક સુરક્ષાના માપદંડ તરીકે આ પોલિસી ખરીદવા માટે પ્રોત્સાહિત કરવામાં મદદ કરશે. સંસ્થાએ એમ પણ જણાવ્યું હતું કે, છેલ્લા ૫ વર્ષમાં આરોગ્ય વીમા પ્રિમિયમ લગભગ બમણું થઈ ગયું છે. એસોસિએશને સીતારમણને લખેલા તેના પત્રમાં કહ્યું હતું કે, પ્રીમિયમ દરોમાં સતત વધારો અને મેડિકલ ફુગાવાના કારણે પોલિસી રિન્યુઅલ રેટ ઘટી રહ્યા છે.

### હુમલામાં હિઝબુલ્લાહ કમાન્ડર માર્યો ગયો

## ૧૨ નિર્દોષ લોકોના મોત બાદ ઇઝરાયેલ દ્વારા લેબનોન પર મોટો હુમલો કરવામાં આવ્યો

। (એજન્સી) ઇઝરાયેલ તા.૩૧ ।



ગાઝામાં હમાસ ઉપરાંત, ઈઝરાયેલ લેબનોનમાં હિઝબુલ્લાહ સાથે પણ યુદ્ધ લડી રહ્યું છે. ઈઝરાયેલી સેનાએ મંગળવારે લેબનોનની રાજધાની બેરૂતમાં હિઝબુલ્લાહ કમાન્ડર પર હુમલો કર્યો. આ હુમલા પાછળ IDFનું કારણ એ હતું કે હિઝબુલ્લાહ કમાન્ડર ગોલાન હાઈટ્સમાં હુમલા માટે જવાબદાર હતો. આ હુમલામાં ૧૨ ઈઝરાયેલ બાળકો માર્યા ગયા હતા. ઈઝરાયેલના એક અધિકારીએ જણાવ્યું હતું કે લક્ષ્ય ફૌઆદ શુકુર હતું, એક ટોચના હિઝબોલ્લાહ લશ્કરી કમાન્ડર કે જેના પર યુએસએ લેબનીઝ રાજધાનીમાં ૧૯૮૩ ના ઘાતક મરીન બોમ્બ વિસ્ફોટની યોજના અને શરૂઆત કરવાનો આરોપ મૂક્યો હતો. નામ ન આપવાની શરતે બોલતા અધિકારીએ જણાવ્યું હતું કે શુકુર અન્ય હુમલામાં પણ ઈઝરાયેલી નાગરિકોની હત્યાની શંકા છે. ઈઝરાયેલના હુમલામાં ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે ૭૪ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. તે જ સમયે, રોઈટર્સ અનુસાર, એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે લેબનીઝ સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહના ગઢમાં જોરદાર વિસ્ફોટ સાંભળવામાં આવ્યો હતો અને ધુમાડાના વાદળો ઉછળતા જોવા મળ્યા હતા.ઈઝરાયેલી સંરક્ષણ દળોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે IDFએ બેરૂતમાં મજદલ શમ્સમાં બાળકોની હત્યા અને અન્ય ઘણા ઈઝરાયેલી નાગરિકોની હત્યા માટે જવાબદાર કમાન્ડર પર લક્ષ્યાંકિત હુમલો કર્યો હતો. હુમલા પછી, IDF એ ઈઝરાયેલમાં નાગરિક સંરક્ષણ માટે કોઈ નવી સૂચનાઓ જારી કરી નથી.લેબનીઝ વડાપ્રધાન નજીબ મિકાતીએ કહ્યું કે અમે બેરૂતમાં ઈઝરાયેલ હુમલાની નિંદા કરીએ છીએ અને તેને શ્રેણીબદ્ધ આક્રમક કાર્યવાહીની કડી ગણીએ છીએ. લેબનોનના કાર્યકારી વડા પ્રધાન નજીબ મિકાતીએ જાહેરાત કરી હતી કે લેબનોન (સંયુક્ત રાષ્ટ્ર) સુરક્ષા પરિષદને વિગતવાર પત્રમાં ઈઝરાયેલના આરોપોનો જવાબ આપશે. તે જ સમયે, લેબનોનની સત્તાવાર રાષ્ટ્રીય સમાચાર એજન્સીએ કહ્યું કે ઈઝરાયેલના હુમલામાં રાજધાનીના હેરેટ હરેક વિસ્તારમાં હિઝબુલ્લાહની શૂરા કાઉન્સિલની આસપાસના વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યો હતો. ઈઝરાયલના કબજા હેઠળના ગોલાન હાઈટ્સના મજદલ શમ્સના ડ્રુઝ ગામ પર થયેલા હુમલાનો બદલો લેવા ઈઝરાયલી હુમલાની આશંકાથી બેરૂતમાં દિવસોથી તણાવ છે, જેમાં એક ડઝન યુવાનો માર્યા ગયા હતા.

### યુપી વિધાસનભામાં ઘૂસ્યું વરસાદનું પાણી, યોગીએ બીજા ગેટથી જવું પડ્યું

। લખનઉ, તા.૩૧ ।

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં મૂશળધાર વરસાદ થયો છે. વરસાદના કારણે માત્ર રસ્તાઓ પર જ નહીં, પરંતુ વિધાનસભા પરિસરમાં પણ પાણી ઘુસી ગયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિધાનસભા પરિસરમાં પાણી ભરાતા મુખ્યમંત્રીને બીજા ગેટથી બહાર કાઢવામાં આવ્યા હતા. વિધાનસભા ગેટ નંબર સાત પર પાણી ભરાઈ ગયા હતા. તેમજ સચિવાલયના રૂમોમાં પણ પાણી ઘુસી ગયા હોવાના અહેવાલો મળ્યા છે. લખનઉ સીએમ આવાસની સામે પણ પાણી ભરાઈ ગયા હતા.

### શિવ બારાત અંગેના રાહુલના નિવેદન પર કંગનાએ કહ્યું

## રાહુલ ગાંધીનો ટેસ્ટ થવો જોઈએ, તેઓ કોઈ ડ્રગનું સેવન કરે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧।

ભાજપ સાંસદ કંગના રનૌતે લોકસભામાં વિપક્ષના નેતા અને સંસદમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દ્વારા શિવ બારાતને લઈને આપવામાં આવેલા નિવેદન પર આકરા પ્રહારો કર્યા છે. કંગના રનૌતે કહ્યું કે, "આપણી લોકશાહીમાં વડાપ્રધાન લોકતાંત્રિક રીતે ચૂંટાય છે. શું પીએમ લિંગ, ઉંમર, જાતિ અને વર્ગને ધ્યાનમાં રાખીને ચૂંટાય છે?" તેમણે વધુમાં કહ્યું હતું કે, જે લોકો આવી વાતો કરે છે તેઓ દરરોજ બંધારણને ઠેસ પહોંચાડે છે. આવતીકાલે તેઓ કહેશે કે ચામડીના રંગના આધારે વડાપ્રધાનની પસંદગી થશે. શું તેઓ લોકશાહીનું સન્માન



કરતા નથી? તેઓનો(રાહુલ ગાંધી) ટેસ્ટ થવો જોઈએ, તેઓ કોઈ ડ્રગનું સેવન કરે છે." કંગનાએ વધુમાં કહ્યું કે, "ગઈકાલે પણ સંસદમાં એક કોમેડી શો કરવામાં આવ્યો હતો, તેઓમાં કોઈ ગરિમા નથી. ગઈકાલે તેઓ ત્યાં કહેતા હતા કે અમે શિવજીની બારાત છીએ અને આ ચક્રવ્યુહ છે. મને લાગે છે કે, તેઓનો ટેસ્ટ થવો જોઈએ કે તેઓ કોઈ ડ્રગનું સેવન કરે છે." કંગના રનૌતે આગળ કહ્યું કે, " જે સ્થિતિમાં તેઓ સંસદમાં પહોંચીને ભાન વગરની વાતો કરે છે તે જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. સંસદમાં તેમણે હતું કે આ જે કોમ્પિટિશન છે, તે શિવજીની બારાત અને ચક્રવ્યૂહમાં છે, શું વાત પરથી નથી લાગતું કે કોઈ માણસનો ડ્રગ ટેસ્ટ થવો જોઈએ? મને લાગે છે કે, તપાસ થવી જોઈએ. કાં તો તે નશામાં અથવા ડ્રગ્સના પ્રભાવ હેઠળ છે. શું કોઈ માણસ પૂરતા ભાનમાં આવી વાતો કરે છે.લોકસભામાં રાહુલ ગાંધીએ કેન્દ્રીય બજેટની તુલના મહાભારતના ચક્રવ્યુહ સાથે કરી હતી.

### મારે આ વાતાવરણમાં વધુ જીવવું નથી : મલ્લિકાર્જુન ખડગે

। નવી દિલ્હી, તા.૩૧ ।

સંસદ સત્રમાં આજે (૩૧ ઓગસ્ટ) કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું એક અલગ જ રૂપ જોવા મળ્યું હતું. રાજ્યસભામાં વિપક્ષી નેતા અચાનક જ ભાવુક થઈ ગયા હતા. વાત એવી છે કે મંગળવારે (૩૦ ઓગસ્ટ) રાજ્યસભામાં ભાજપના નેતા ઘનશ્યામ તિવારીએ મલ્લિકાર્જુન ખડગેના નામ પર ટિપ્પણી કરી હતી જેના કારણે કોંગ્રેસ અધ્યક્ષ ખૂબ જ દુઃખી નજર આવ્યા હતા. આ અંગે આજે ગૃહમાં પોતાના વિચારો રજૂ કરતી વખતે ખડગે ભાવુક થઈને કહ્યું કે 'હું હવે આ વાતાવરણમાં રહી શકતો નથી.

### ભાગવત શા માટે વડાપ્રધાન કે અન્ય કોઈ પદ પર ન બેઠા?

## અમે અહીં કંઈ બનવા માટે નથી આવ્યા, દેશ માટે કામ કરવું છે : મોહન ભાગવત

। (એજન્સી) લખનૌ, તા.૩૧ ।



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત અવારનવાર દેશના મહત્વના મુદ્દાઓ પર પોતાનો અભિપ્રાય આપે છે. ભાગવતે તાજેતરમાં ઉત્તર પ્રદેશના અમરોહામાં શ્રી દયાનંદ ગુરુકુલ મહાવિદ્યાલયની નવી ઈમારતના ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ દરમિયાન એક કોલેજ સ્ટુડન્ટે મોહન ભાગવતને પૂછ્યું કે તમે ભારતના વડાપ્રધાન તરીકે કે અન્ય કોઈ મહત્વના પદ પર કેમ ના બેઠા? આ સવાલ પર મોહન ભાગવતના નિવેદનની ચર્ચા થઈ રહી છે. વિદ્યાર્થીએ સંઘના વડા મોહન ભાગવતને પૂછ્યું કે તમે દેશના વડાપ્રધાન કે અન્ય કોઈ મહત્વના પદ મેળવી શકતા હતા તો પછી તમે કેમ કોઈ મહત્વનું પદ ન લીધું? આ સવાલનો જવાબ આપતાં તેમણે કહ્યું કે, 'અહીં તેમના જેવા કાર્યકર્તા બેઠા છે, બધા જ એવા છે. ભાગવતે કહ્યું કે અમે અહીં કંઈ બનવા માટે નથી આવ્યા. દેશ માટે કામ કરવું છે.' વધુમાં તેમણે કહ્યું કે, ' તારો વૈભવ અમર રહે મા, અમારે તો ચાર દિવસ રહેવું છે.'

## સેના-NDRFના જવાનો બન્યા દેવદૂત, ૪૮૧ લોકોને બચાવાયા

। (એજન્સી) વાયનાડ, તા.૩૧ ।

કેરળના વાયનાડમાં ભૂસ્ખલનથી ચારે બાજુ બસ તબાહી જ તબાહીનો મંજર છે. કુદરતી આફતથી અત્યાર સુધીમાં ૧૫૧ લોકોના મોત થયા છે. દુર્ઘટના બાદથી અત્યાર સુધીમાં ૪૮૧ લોકોનું રેસ્ક્યુ કરાયું છે અને સુરક્ષિત જગ્યાએ ખસેડાયા છે. ૯૮ લોકો હજુ પણ ગૂમ છે. જેઓ કાટમાળમાં ફસાયેલા હોવાની આશંકા છે. વાયનાડમાં લેન્ડસ્લાઈડ બાદ ભારતીય સેના, ભારતીય વાયુસેના અને એનડીઆરએફના જવાનો દેવદૂત બનેલા છે અને સતત કાટમાળમાં ફસાયેલા લોકોને કાઢવામાં માટે રેસ્ક્યૂ ઓપરેશન કરી રહ્યા છે. વાયનાડમાં હજુ પણ અટકી અટકીને વરસાદ પડી રહ્યો છે. જેના કારણે રેસ્ક્યુ ઓપરેશનમાં સમસ્યા આવે છે. સેના હેલિકોપ્ટરની મદદથી ફસાયેલા લોકોને સતત પહોંચાડવાની કોશિશ કરે છે. ઓપરેશન માટે લગભગ ૨૨૫ લોકોને તૈનાત કરાયા છે. જેમને ચાર ટુકડીમાં વહેંચવામાં આવ્યા છે. ફસાયેલા લોકોને રેસ્ક્યુ કરીને તમને હવાઈ માર્ગથી મોકલવામાં આવે છે. વાયુસેનાના ખાસ વિમાનથી ઘટનાસ્થળે રાહત સામગ્રી પહોંચાડાઈ છે. ૪૮૧ લોકોને બચાવ્યા છે, જ્યારે ૩૦૬૯ લોકોને સુરક્ષિત ઠેકાણે પહોંચાડ્યા છે. ૯૮ લોકો હજુ ગૂમ છે. જેઓ કાટમાળમાં ફસાયેલા હોવાની આશંકા છે. કેરળના પર્વતીય વિસ્તાર વાયનાડમાં મંગળવારે વહેલી સવારે અનેક જગ્યાઓએ ભારે વરસાદના પગલે ભૂસ્ખલનની ઘટનાઓ ઘટી. અનેક લોકો કાટમાળમાં ફસાયા હોવાના કારણે મૃત્યુઆંક હજુ વધવાની આશંકા છે. ઘરમાં સૂતા લોકોને બચવાની પણ તક મળી શકી નહીં. ત્રણ ભૂસ્ખલનોએ વાયનાડના ચુરાલમાલા, મુંડાક્કઈ જેવા વિસ્તારોમાં ભારે તબાહી મચાવી છે. અનેક મકાનો જમીનદોસ્ત થયા, નદીઓ બે કાંઠે વહે છે અને ઝાડ પડી ગયા.

## પેરિસ ઓલિમ્પિકમાં ભારતની દીકરીઓ છવાઈ

। (એજન્સી) પેરિસ, તા.૩૧ ।

પેરિસ ઓલિમ્પિકમાં ૫મો દિવસ ભારત માટે શાનદાર રહ્યો હતો. ભારત માટે બેડમિન્ટનમાં પીવી સિંધુ અને લક્ષ્ય સેન જીતીને રાઉન્ડ ઑફ ૧૬માં પહોંચ્યા હતા. ટેબલ ટેનિસમાં શ્રીજા અકુલા વિજેતા રહી હતી અને તે પણ રાઉન્ડ ઑફ ૧૬માં પહોંચી હતી. ઓલિમ્પિક મેડલ વિજેતા બોક્સર લવલીના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી હતી. તો બીજી તરફ તીરંદાજીમાં દિપીકા કુમારી પણ રાઉન્ડ ઑફ ૧૬માં પહોંચી ગઈ હતી. દીપિકા કુમારી મહિલા વ્યક્તિગત તીરંદાજીની પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગઈ છે. દીપિકાએ નેધરલેન્ડની ક્વિન્ટી રોફેનને ૬-૨થી હરાવી હતી. દીપિકાએ ત્રીજા સેટમાં વાપસી કરી હતી અને ૪-૨ની લીડ મેળવી હતી. ત્રીજા સેટમાં દીપિકાએ ૨૫ પોઈન્ટ મેળવ્યા હતા જ્યારે ક્વિન્ટી માત્ર ૧૭ પોઈન્ટ નોંધાવી શકી હતી. ભારતીય મહિલા બોક્સર લોવલિના બોર્ગોહેને રાઉન્ડ ઓફ ૧૬ મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને જીત મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. તેણે આ મેચ સર્વસંમતિથી જીતી હતી. લવલિનાએ શાનદાર શરૂઆત કરી અને પ્રથમ રાઉન્ડ જીતી લીધો. લોવલીનાને પ્રારંભિક રાઉન્ડમાં બધા જજ દ્વારા ૧૦-૧૦ માર્ક્સ આપવામાં આવ્યા હતા, જ્યારે સુનિવાને દરેક જજ તરફથી ૯-૯ માર્ક્સ મળ્યા હતા. આ રીતે લવલીનાએ આ રાઉન્ડ સર્વસંમતિથી જીત્યો હતો.

અગાઉ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતી ચૂકેલી લોવલીનાએ તેનું શાનદાર પ્રદર્શન ચાલુ રાખ્યું હતું અને બીજા રાઉન્ડમાં પણ સર્વસંમતિથી જીત મેળવી હતી. આ રાઉન્ડમાં લોવલીનાએ તેના પ્રતિસ્પર્ધી પર કેટલાક સચોટ મુક્કા માર્યા હતા જેના કારણે તમામ જજે તેના પક્ષમાં નિર્ણય આપ્યો.

### મંત્રીમંડળમાં ફેરફારની ચર્ચાઓ શરૂ

# અર્જુન મોઢવાડિયા દિલ્હીમાં અમિત શાહ-પાટીલને મળ્યા

## મોઢવાડિયાએ દિલ્હી ખાતે શાહ અને પાટીલ સાથે મુલાકાત કરતાં મંત્રીમંડળમાં ફેરફાર થવાની અટકળોએ જોર પકડ્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

ગુજરાતમાં લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણી બાદ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલની ટર્મ પૂર્ણ થઈ રહી છે. ત્યારે નવા અધ્યક્ષ કોણ હશે એની અટકળો શરૂ થઈ હતી. આ દરમિયાન પૂર્વ કેબિનેટ મંત્રી પૂર્ણેશ મોદી, કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ સહિતના ભાજપના નેતાઓના દિલ્હીમાં આંટાફેરા શરૂ થયા હતાં અને તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. હવે ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ દિલ્હી ખાતે અમિત શાહ અને સી.આર.પાટીલ સાથે મુલાકાત કરતાં મંત્રીમંડળમાં ફેરફાર થવાની અટકળોએ જોર પકડ્યું છે.

લોકસભાની ચૂંટણી પહેલાં જ કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ રાજીનામું આપીને ભાજપનો ખેસ ધારણ કર્યો હતો અને ભાજપની જ ટીકિટ પર પોરબંદરથી વિધાનસભાની પેટાચૂંટણી લડીને જીત મેળવી હતી. હવે તેઓ દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલને મળ્યા હતાં. ત્યારે એવી અટકળો શરૂ થઈ ગઈ છે કે, હવે



ભૂપેન્દ્ર પટેલ સરકારમાં મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે. ચૂંટણી બાદ વહેતી થયેલી અટકળોમાં એવું ચર્ચાતુ હતું કે, અર્જુન મોઢવાડિયાને કેબિનેટ મંત્રી બનાવવામાં આવી શકે છે. ગુજરાતના કૃષિ મંત્રી રાઘવજી પટેલે તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે દિલ્હી ખાતે મુલાકાત કરતા રાજકીય ચર્ચાએ વેગ પકડ્યો હતો.કૃષિ મંત્રી રાઘવજી પટેલે દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે કરેલી મુલાકાતને કેટલાક રાજકીય સૂત્રો શુભેચ્છા મુલાકાત કહી રહ્યાં છે. ગુજરાત ભાજપના નવા સુકાનીને લઈને હાલ કોંકડું ગુંચવાયેલું છે. બીજી તરફ મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચાઓ પણ ચાલી રહી છે.

### અંકલેશ્વર GIDCમાં એક કંપનીમાં વિકરાળ આગ

। (એજન્સી) ભરૂચ, તા.૩૧ ।

કેબલ બ્રિજ પરથી પસાર થતી એક કાર અચાનક ભડભડ સળગવા માંડી હતી. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાની થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. તે ઉપરાંત હાંસોટના કતપોર અને વધવાણ ગામ વચ્ચેથી પસાર થતા એક કારમાં આગ લાગી હતી. હવે અંકલેશ્વર GIDCમાં કેમેક્સ લિમિટેડ કંપનીમાં એકાએક ભીષણ આગ ફાટી નીકળતા લોકોમાં અફરાતફરી મચી જવા પામી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવા પ્રયાસો શરૂ કર્યા હતાં.આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળ્યા હતાં. પ્રાપ્ત વિગતો પ્રમાણે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર GIDCમાં આવેલ કેમેક્સ લિમિટેડ કંપનીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા દોડધામ મચી જવા પામી હતી. જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

### સમગ્ર ઘટનાનો રેલો અમદાવાદ પહોંચ્યો

# ૧૦૦ કરોડથી વધુ કિંમતનું એક્સપોર્ટ કરાતું મેડિકલ ડ્રગ્સ આખરે પકડાયું

## મુન્દ્રા પોર્ટ પરથી આફ્રિકાના દેશોમાં દવાઓની આડમાં મોકલાતા ડ્રગ્સનો પર્દાફાશ : કસ્ટમ વિભાગની કાર્યવાહી

। (એજન્સી) કચ્છ, તા.૩૧ ।

કચ્છના મુન્દ્રા પોર્ટ પરથી કેટલીય વખત અલગ અલગ પ્રકારના ડ્રગ્સના કન્સાઈન્મેન્ટ મળી ચૂક્યા છે. પરંતુ દવાના રૂપમાં મળેલુ આ પહેલુ કન્સાઈન્મેન્ટ હશે, કસ્ટમ વિભાગને માહિતી મળતા તે બે દિવસથી આની પાછળ હતું , કસ્ટમને મળેલી વિગત મળતી મુજબ આ કન્ટેઈનરને આફ્રિકામાં મોકલવામાં આવવાનું હતુ. તેથી આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવતા માલૂમ પડ્યું હતું કે આ ડ્રગ્સ કાંડનો છેડો અમદાવાદ સુધી પહોંચેલો છે. તેથી હવે અમદાવાદમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મુન્દ્રા પોર્ટ પરથી આફ્રિકાના દેશોમાં દવાઓની આડમાં મોકલાતા ડ્રગ્સનો પર્દાફાશ થતા તેનો રેલો અમદાવાદ પહોંચ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ કસ્ટમ દ્વારા અમદાવાદમાં સર્ચ કરતાં એક વેર હાઉસ માંથી ૫૦ હજાર વધુ ટ્રોમાડોલ ટેબ્લેટ્સ મળી હતી. અગાઉ ૨૯ જુલાઈના રોજ કસ્ટમ વિભાગે મુન્દ્રા પોર્ટ પરથી આફ્રિકન દેશોમાં એક્સપોર્ટ માટે જઈ રહેલા બે કન્ટેનરને અટકાવ્યા હતા અને તેની તપાસ કરતા તેમાંથી ૧૧૦ કરોડની કિંમતના ટ્રામાડોલ ટેબ્લેટનો જથ્થો મળી આવ્યો હતો. માહિતી પ્રમાણે રાજકોટના વેપારી દ્વારા ડ્રગ્સના આ બે કન્સાઈન્મેન્ટ મોકલાયા હતા. આફ્રિકાના દેશ સિએરા લિઓન અને નાઈજર માટે મોકલાતા હતા. કૃત્રિમ ઓપીયોઈડની આફ્રિકાના દેશોમાં ઊંચી માગ હોવાનું સામે આવ્યુ છે. આતંકવાદીઓ લાંબો સમય સુધી જાગતા રહેવા માટે ટ્રેમડોલનો ઉપયોગ કરતા હોવાની માહિતી છે. આપણાં દેશમાં એપ્રિલ ૨૦૧૮થી માદક દ્રવ્યોની હેરાફેરી, સંગ્રહ અને વેચાણ પર પ્રતિબંધ મૂકતા નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એક્ટ ૧૯૮૫ અંતર્ગત આ દવાની આયાત-નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયેલો છે. બન્ને કન્ટેનરમાંથી ૨૫ મિલિગ્રામની એક ટેબ્લેટની કૂલ ૬૮ લાખની ટેબ્લેટ કસ્ટમ વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવી છે. રાજકોટની પેઢી દ્વારા ડાઈક્લોફેનેક ટેબ્લેટ અને જેબેડોલ ટેબ્લેટની આડમાં ટ્રામાડોલની ગોળીઓ આફ્રિકામાં નિકાસ કરવામાં આવતી હતી. કસ્ટમ વિભાગને તપાસ દરમિયાન કન્ટેનરમાંથી ટ્રામાકિંગ ૨૨૫ અને રોયલ ૨૨૫ બ્રાન્ડ નેમની ટ્રામાડોલની ટેબ્લેટનો જથ્થો મળી આવ્યો હતો.

### "એક સ્ટેશન એક ઉત્પાદન" યોજના હેઠળ ૩૦ દિવસો માટે સ્ટોલની ફાળવણી

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

ભારતીય રેલવેએ ભારત સરકારના 'વોકલ ફોર લોકલ' વિઝનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી 'એક સ્ટેશન એક ઉત્પાદન' (OSOP) યોજનાની શરૂઆત કરી છે. આનો ઉદ્દેશ સ્થાનિક અને સ્વદેશી ઉત્પાદનો માટે બજાર ઉપલબ્ધ કરાવવાની સાથે-સાથે સમાજના હાંસિયા પર રહી ગયેલા વર્ગો માટે વધારાની આવકના અવસર ઉતપન્ન કરવાનો છે. આ યોજના હેઠળ રેલવે સ્ટેશન પર સ્વદેશી/સ્થાનિક ઉત્પાદનોના પ્રદર્શન, વેચાણ અને હાઈ વિજિલિબિટી માટે એક સ્ટેશન એક ઉત્પાદન આઉટલેટની ફાળવણી કરવામાં આવે છે.રેલવે પ્રશાસન પત્રકારોને માહિતી આપતા જણાવે છે કે "એક સ્ટેશન એક ઉત્પાદન" (OSOP) યોજના હેઠળ, "અમદાવાદ રેલવે સ્ટેશન પર, અમને આ ઘોષણા કરતાં આનંદ થઈ રહ્યો છે કે એક પ્રતિભાશાળી કારીગર, જે પોતાના ઉત્કૃષ્ટ "ભરતકામ અને જરી, જરદોશી" કામ માટે પ્રસિદ્ધ છે, તેમને ૩૦ દિવસો માટે એક સ્ટોલની ફાળવણી કરવામાં આવી છે. અમે રેલવે સ્ટેશન પર યાત્રીઓને પ્રમાણિક ક્ષેત્રીય ઉત્પાદન ઉપલબ્ધ કરાવીને તેના શિલ્પ કૌશલ અને રચનાત્મક કામોને પ્રદર્શિત કરાવવા માટે પ્રતિબદ્ધ છીએ. આ દુકાનોના આ વિક્રેતાઓના જીવન પર ઘણો પ્રભાવ નાખ્યો છે. તેમને આવી જગ્યાએ પોતાના સ્થાનિક ઉત્પાદનોને પ્રદર્શિત કરવા માટે એક શાનદાર મંચ મળી ગયું છે, જ્યાં મોટી સંખ્યામાં લોકો આવે છે. આનાથી તેમના ઉત્પાદનોનું વેચાણ વધ્યું છે. અને તેમના જીવનમાં ફેરફાર આવ્યો છે.

### વિશ્વામિત્રીનો પટ પહોળો કરવાની સલાહ

# પૂરનું સંકટ આવી ગયા પછી તેને ટાળવા બેંગાલુરૂની એજન્સીને સોંપ્યુ કામ

। (એજન્સી) વડોદરા, તા.૩૧ ।

સર્પાકારે શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીનું પૂર દર વર્ષે તંત્ર સાથે પ્રજાની પરેશાનીનું કારણ બને છે. ચાલુ સિઝનમાં પણ વડોદરાવાસીઓ વિશ્વામિત્રીના પ્રકોપનો સામનો કરી ચુક્યું છે. જો કે હવે મોડે મોડે મનપા તંત્રે ખાનગી એજન્સીને પૂરનું સંકટ કેવી રીતે ટાળી શકાય તેનું કામ સોંપ્યું છે. વડોદરામાં ભારે વરસાદ પડતાની સાથે જ નદીના પાણી શહેરમાં ફરી વળે છે. સર્પાકારે શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીનું પૂર દર વર્ષે તંત્ર સાથે પ્રજાની પરેશાનીનું કારણ બને છે. ચાલુ સિઝનમાં પણ વડોદરાવાસીઓ વિશ્વામિત્રીના પ્રકોપનો સામનો કરી ચુક્યું છે. જો કે હવે મોડે મોડે મનપા તંત્રે ખાનગી એજન્સીને પૂરનું સંકટ કેવી રીતે ટાળી શકાય તેનું કામ સોંપ્યું છે. બેંગાલુરૂની આ એજન્સીએ પૂરનું સંકટ ટાળવા કેટલાક સૂચનો પણ કર્યા છે. દાવો છે કે જો આ સૂચનોનો અમલ કરવામાં આવે તો શહેરમાંથી પૂરના સંકટને અટકાવી શકાય તેમ છે.

બેંગાલુરૂની એજન્સીએ શહેરની ભૌગોલીક પરિસ્થિતિ અને જળાશયોનો અભ્યાસ કર્યો છે. અભ્યાસ બાદ તૈયાર થયેલા રિપોર્ટમાં કેટલાક મહત્વપૂર્ણ સૂચનો કરવામાં આવ્યા છે.જેમાં આજવા સરોવર કેચમેન્ટ વિસ્તારમાં આવતા તળાવોના પાણીને નિયંત્રીત કરવા, વિશ્વામિત્રીનો પટ પહોળો કરવા જેવા મુદ્દાઓ દર્શાવાયા છે.મનપા ખાતે આ એજન્સીએ પોતાનો સરવે શાસકો સમક્ષ રજૂ કર્યો છે.

### ઠેર ઠેર ખાબોચિયાથી વાહનચાલકો ત્રસ્ત

# ભાવનગરથી સોમનાથને જોડતો બુધેલ રિંગ રોડ બન્યો બિસ્માર

## બિસ્માર રોડ હોવા છતા તંત્ર દ્વારા તેના સમારકામની કોઈ કામગીરી કરાઈ રહી નથી

। (એજન્સી) ભાવનગર, તા.૩૧ ।

ભાવનગરથી સોમનાથને જોડતો બુધેલ રિંગ રોડ પર ઠેર ઠેર મસમોટા ખાડા અને ખાબોચિયા ભરાયેલા છે. પાણી ભરાયેલુ હોવાથી વાહનચાલકોને ખબર પણ નથી રહેતી કે ખાડો છે કે રોડ છે. જેના વાહનો સ્લીપ થવાનો પણ ભય રહે છે. આટલી હદે બિસ્માર રોડ હોવા છતા તંત્ર દ્વારા તેના સમારકામની કોઈ કામગીરી કરાઈ રહી નથી.

ચોમાસુ આવતા જ ભાવનગરના અનેક રસ્તા બિસ્માર થયાના અહેવાલો સામે આવી ચૂક્યા છેપ ત્યારે, ફરી એક બિસ્માર રસ્તાની વાત કરીએ તો, ભાવનગરથી સોમનાથને જોડતો બુધેલ રિંગ રોડ સાવ બિસ્માર હાલતમાં છે. રસ્તા



પર ઠેર-ઠેર ખાડા અને ખાબોચિયામાં ભરાયેલા વરસાદી પાણી ઉપરાંત, આ રસ્તા પર આવેલો પુલ પણ જર્જરિત થઈ ગયો છે. આ પુલ પર મસમોટા ખાડા પડી ચૂક્યા છે. આ મુખ્ય રસ્તો હોવાથી ટ્રક-બસ, કાર અને ટુવ્હીલર સહિત હજારો વાહનો અહીંથી પસાર થાય છે.

અનેક ટ્રક પણ આ પુલ પરથી નીચે ૪૦ ફૂટ નીચે ખાબકી ગયા છે. આ રસ્તો પહોળો નહીં હોવાથી વારંવાર અકસ્માત પણ સર્જાયા છે. છતાં, તંત્ર દ્વારા હજી પણ કોઈ કામગીરી કરવામાં આવી નથી. અહીંથી, પસાર થતી બસો પણ પુલ નીચે ખાબકે તેવી ભીતિ સર્જાઇ છે. રાતના સમયે પણ વાહન ચાલકોને ભારે હાલાકી પડે છે. પરંતુ, લાગે છે, કે તંત્ર ફરી કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે.આ રસ્તાની કામગીરી મુદ્દે માર્ગ અને મકાન વિભાગના અધિકારીને સવાલ પૂછાયો. તો, તેમણે નેશનલ હાઈવે ઓથોરિટીની જવાબદારી હોવાનું કહીને ખો આપી દીધો. જર્જરિત રસ્તાના મુદ્દે તંત્રને સવાલ પૂછાતા, એવી પણ વાત સામે આવી કે આ રસ્તા પરથી પાણી પુરવઠાની એક લાઈન પસાર થવાની છે. જેના માટેનું ટેન્ડર પાસ થઈ ગયું છે.

### કડી APMCની પેઢીમાંથી ફોર્ટિફાઇડ સરકારી ચોખાનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

। (એજન્સી) મહેસાણા, તા.૩૧ ।

મહેસાણા જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનો ગરીબોને મળવાપાત્ર સરકારી અનાજનો જથ્થો સગેવગે કરવાના કિસ્સાઓ એક પછી એક બહાર આવી રહ્યા છે. જિલ્લા પુરવઠા અધિકારીની ટીમે બે દિવસ અગાઉ સતલાસણા તાલુકામાંથી લાખોની કિંમતનો સરકારી અનાજનો શંકાસ્પદ જથ્થો ઝડપી પાડ્યો હતો. જ્યારે આજે સોમવારે રાજ્યના પુરવઠા વિભાગની ટીમે પણ મોડી સાંજે કડી APMCની એક પેઢીમાં દરોડો પાડી સરકારી ફોર્ટિફાઈડ ચોખાનો શંકાસ્પદ જથ્થો ઝડપી પાડ્યો હતો.

કડી APMCમાં આવેલ યોગેશ્વર ટ્રેડીંગ કંપની નામની પેઢીમાં મોટી કમાણી કરી લેવાની લ્હાયમાં ગરીબ પરિવારોને મળવાપાત્ર ફોર્ટિફાઈડ સરકારી ચોખાનો મસમોટો જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો હોવાની બાતમી છેક ગાંધીનગર રાજ્યના પુરવઠા વિભાગ સુધી પહોંચી હતી. ઉપરોક્ત બાતમીના આધારે પુરવઠા વિભાગની કચેરીના અધિકારી દીપ દવે અને તેમની ટીમે સોમવારે મોડી સાંજે યોગેશ્વર નામની પેઢીમાં રેડ કરી હતી.

ઉપરોક્ત પેઢીમાંથી અંદાજે રૂ. ૨૦ લાખથી વધુની કિંમતનો ફોર્ટિફાઈડ સરકારી ચોખાનો જથ્થો મળી આવતા પુરવઠા વિભાગની ટીમ પણ ચોંકી ઉઠી હતી. પુરવઠા વિભાગની ટીમે ફોર્ટિફાઈડ સરકારી ચોખાનો મળી આવેલ શંકાસ્પદ જથ્થાનું પૃથ્થકરણ અર્થે પ્રયોગશાળામાં મોકલી આપવા સેમ્પલ લેવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ દરોડાની જાણ જિલ્લા પુરવઠા અધિકારી એ.બી. મંડોરી તેમજ કડીના પુરવઠા નાયબ મામલતદાર રજની વડસ્મિયાને થતાં તેઓ પણ સ્થળે દોડી ગયા હતા.

### દાહોદ જિલ્લામાં છેલ્લા બે ત્રણ દિવસથી મેહુલિયો મહેરબાન

# દાહોદમાં સવા પાંચ ઈંચ વરસાદ, નદી-ડેમમાં નવાં નીર આવ્યા

। (એજન્સી) દાહોદ, તા.૩૧ ।

દાહોદ જિલ્લામાં છેલ્લા બે ત્રણ દિવસથી મેહુલિયો મહેરબાન થતાં સમગ્ર પંથકમાં સાવત્રીક વરસાદ નોંધાવવા પામ્યું છે.જેના પગલે નદી નાળા છલકાઈ જતા જિલ્લાના તમામ ડેમોમાં નવા નીરની આવક થતા ખેડૂત પુત્રોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે. ચાર દિવસથી ચાલી રહેલા શ્રાવણિયા ઝરમર તેમજ ધોધમાર વરસાદ બાદ ખેડૂતો વાવણીની પ્રક્રિયામાં જોતરાયા છે. જોંકે ઉપરવાસમાં ભારે વરસાદના કારણે જિલ્લાની હડફ, કબૂતરી, પાનમ, અનાસ, દુધિમતી નદી બે કાંઠે જોવા મળી હતી. માછલનાળા ડેમમાં ૭૦ ટકા પાણીનો ભરાવો થતા નીચાણ વાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા અવીરત વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક છવાઈ જવા પામી છે. ગઈકાલ રાતથી સાંજના ચાર વાગ્યા સુધીમાં જિલ્લામાં સૌથી વધુ દાહોદમાં સવા પાંચ ઈંચ વરસાદ, ઝાલોદમાં સાડા ત્રણ ઈંચ વરસાદ, ફતેપુરામાં ત્રણ ઈંચ વરસાદ, લીમખેડામાં અઢી ઈંચ, ગરબાડામાં ૧૭ મીલીમીટર, દેવગઢબારિયામાં દોઢ ઈંચ, ધાનપુરમાં એક ઈંચ, સંજેલીમાં દોઢ ઈંચ, તેમજ સિંગવડમાં સવા બે ઈંચ વરસાદ ખાબક્યો છે.

### નારોલ CETPમાંથી નદીમાં સતત આવી રહ્યુ છે પ્રદૂષિત પાણી

# અમદાવાદમાં સાબરમતી નદીમાં પ્રદૂષણ રોકવામાં તંત્ર સદંતર નિષ્ફળ નિવડ્યુ

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદમાં સાબરમતી નદીમાં પ્રદૂષણ રોકવામાં તંત્ર સદંતર નિષ્ફળ નિવડ્યુ છે. આ અંગે ગુજરાત હાઈકોર્ટની વધુ એક ફટકાર બાદ અધિકારીઓ દોડતા થયા છે અને તાત્કાલિક પ્રદૂષિત પાણી બંધ કરવાના આદેશ અપાયા છે. જો કે નારોલ CETP માંથી નદીમાં સતત પ્રદૂષિત પાણી આવી રહ્યુ છે. સાબરમતી નદીમાં ઠલવાતા પ્રદૂષણ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેર હિતની રિટ અરજીની સુનાવણી દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને GPCBનો ઉધડો લીધો હતો અને પ્રદૂષણ રોકવામાં તંત્ર સદંતર નિષ્ફળ રહ્યુ હોવાની ફટકાર પણ લગાવી હતી. હાઈકોર્ટની વધુ એક ફટકાર બાદ તંત્રના અધિકારીઓ દોડતા થયા છે. જો કે નારોલ CETP માંથી નદીમાં સતત પ્રદૂષિત પાણી આવી રહ્યુ છે. નદીમાં ઠલવાતુ પ્રદૂષણ રોકવામાં હજુ પણ AMC અને GPCB નિષ્ફળ નિવડ્યુ છે. હાઈકોર્ટના ફટકાર બાદ હવે CETP આઉટલેટમાંથી સાબરમતી નદીમાં ઠલવાતુ પ્રદૂષિત પાણી તાત્કાલિક બંધ કરવાના આદેશ અપાયા છે. આ આદેશ બાદ પણ નદીમાં પ્રદૂષિત પાણીની આવક યથાવત છે. ચીફ જસ્ટિસની ખંડપીઠે પ્રદૂષિત પાણીનો વીડિયો જોઈ તાત્કાલિક સુનાવણી યોજી હતી.

# રાજ્ય, કેન્દ્ર સરકારની યોજનાઓની ધરાતલ સફળતા માટે ગ્રામીણ પત્રકારો પાયાના પત્થર બની રહેશે

। (માહિતી) સુરત, તા.૩૧ ।

ગ્રામીણ પત્રકારત્વ માટે 'વાર્તાલાપ' યોજવાની સૌહાદર્તા અને સંવેદનશીલતા દાખવવવા બદલ PIB (પ્રેસ ઈન્ફોર્મશન બ્યુરો) નો હૃદયપૂર્વક આભાર માનતા, વરીષ્ઠ પત્રકાર શ્રી પ્રસન્ન ભટ્ટે, ભારતનો આત્મા જ ગામડામાં વસે છે ત્યારે, શહેરોની વાતાનુકૂલિત કેબિનમાં બેસીને ફરજ બજાવતા મીડિયા સામે, ગ્રામીણ પત્રકારોનું દાયિત્વ લોકલ બોલી અને ભાષામાં અનેકગણું મહત્વ ધરાવે છે તેમ, જણાવ્યુ હતું. શ્રી પ્રસન્ન ભટ્ટે ગ્રામીણજનો અને ગ્રામ વિસ્તારોમાં કેન્દ્ર-રાજ્યસરકારની ફ્લેગશિપ યોજનાઓને લગતી યોજનાઓ, અને તેના પરિણામોની જવાબદારી ગ્રામીણ પત્રકારત્વ કરતા મિત્રોની છે, તેમ જણાવતા હરિત ક્રાંતિ અને શ્વેત ક્રાંતિ જેવા કાર્યોમાં, ગ્રામીણ પત્રકારત્વના યોગદાનની ભૂમિકા સ્પસ્ટ કરી હતી. સીમિત અને ટાંચા સાધનો વચ્ચે ગ્રામીણ પત્રકારત્વને અડીખમ રહેવાની અપીલ કરતાં શ્રી પ્રસન્ન ભટ્ટે, કલમને વેચવાનો ધંધો ન બનાવવાને બદલે, પોતાના દાયિત્વ અને કર્મનો ધર્મ સુપેરે અદા કરવાની હૃદયસ્પર્શી અપીલ કરી હતી. અમેરિકા અને ચીન જેવા વિકસિત દેશોમાં પણ રૂરલ જર્નાલીઝમની અપડાઉન સ્થિતિ, દેશના અર્થતંત્રને પણ અસર કરે છે તેમ તેમણે જણાવ્યુ હતું. માહિતી ખાતાની કાર્યપદ્ધતિને કારણે તેની મહત્તા ખૂબ વધી જાય છે, ત્યારે પત્રકાર જગત સાથે માસિયાઈ ભાઈનો નાતો ધરાવતા, એક અગત્યના વિભાગની કાર્યપ્રણાલી સમજી, પત્રકારત્વની વિશ્વસનિયતા વધારવાની પણ તેમણે આ વેળા હિમાયત કરી હતી. પોતાની 'લેખિની'ને અભડાવ્યા વિના, સમાજ પ્રત્યેનું દાયિત્વ અદા કરવાનું આહ્વાન કરતાં શ્રી પ્રસન્ન ભટ્ટે, આવો 'વાર્તાલાપ' વહીવટી તંત્ર અને મીડિયા જગત માટે, સીમાચિન્હરૂપ સાબિત થશે તેમ જણાવ્યુ હતું. પત્રકારોના કલ્યાણ માટે અમલી કલ્યાણ યોજનાઓને વધુ લોકભોગ્ય બનાવવાની હાંકલ કરતા શ્રી ભટ્ટે, ડાંગથી પ્રારંભાયેલો આ 'વાર્તાલાપ' દેશના ફલક સુધી વિસ્તરે તેવા સુભાશિષ પાઠવ્યા હતા. ગ્રામ્ય પત્રકારોને માહિતી વિભાગ, દૂરદર્શન, અને સ્થાનિક મીડિયા, અરસપરસ રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સહયોગી બને તે જરૂરી છે તેમ જણાવતા શ્રી ભટ્ટે, સારાનરસાનો ભેદ પારખી, સૌને તંદુરસ્ત સમાજ નિર્માણની શુભકામનાઓ પાઠવી હતી. મીડિયામાં



ઊભરતા પ્રવાહો અને ટેકનોલોજી વિષયનો ખ્યાલ આપતા દૂરદર્શનના નાયબ નિયામક શ્રી ઉત્સવ પરમારે, રૂરલ મીડિયા વર્કશોપમાં ટુ વે કમ્યુનિકેશન થતું હોય છે તેમ જણાવતા, ડાંગની સંસ્કૃતિ અને ટેકનોલોજીના સુભગ સમન્વય સાથે શહેરીજનો, જે પ્રશ્નોનો ઉત્તર શોધી રહ્યા છે તે ઉત્તર રૂરલ મીડિયા છે, તેમ જણાવી, ગ્રામીણ સંસ્કૃતિમાં રહેલી અખૂટ શક્યતાઓને ઉજાગર કરવાની જવાબદારી, ગ્રામીણ પત્રકારત્વની છે તેમ કર્યું હતું. ગ્રામીણ સંસ્કૃતિમાં રહેલા જીવનના તત્વજ્ઞાનને શહેરીજનોના બહેરા કાન સુધી પહોચાડવાની જવાબદારી, ગ્રામ્ય મીડિયા સારી રીતે કરી શકે છે તેમ પણ તેમણે જણાવ્યુ હતું. આદિવાસી વિસ્તારની સમસ્યાઓને ઉજાગર કરીને, સમાજ સેવાનું ઉમદાકાર્ય કરવાની ઉત્તમ તક, ગ્રામીણ મીડિયા મિત્રો પાસે છે તેમ પણ તેમણે જણાવ્યુ હતુ. ગ્રામીણ પત્રકારત્વના માધ્યમથી તળ અને મૂળની વાતો, શહેરીજનોના કાન સુધી બખૂબી રીતે પહોંચાડવાની પણ તેમણે હિમાયત કરી હતી. બદલાયેલી ક્રાઈમ પેટર્ન, સાઈબર ફ્રોડ, અને ઓર્ગેનાઈટઝડ ક્રાઈમ જેવા કૃત્યોને નાથવા માટે, અને દંડની જગ્યાએ ન્યાયને મહત્વ મળી શકે તેવા ઉમદા આશયથી, જૂના કાયદાઓમાં કેન્દ્ર સરકારે સુધારો કરીને, નવા કાયદાઓનું અમલીકરણ થઈ રહ્યું છે, તેમ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણિયાએ જણાવ્યુ હતું. ઊંડા અભ્યાસ અને સૂક્ષ્મ રિસર્ચ વર્ક સાથે આવેલા બદલાવને કારણે, ન્યાયની પ્રક્રિયાને ઝડપી અને વધુ ન્યાયસંગત બનાવી શકાશે તેમ પણ શ્રી જગાણિયાએ સાપુતારા ખાતે આયોજિત "વાર્તાલાપ" માં પોતાનું વક્તવ્ય રજૂ કરતાં જણાવ્યુ હતું. ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય હસ્તકના રાજ્ય પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરોના કાર્યક્રમમાં, વક્તા તરીકે પધારેલા પોલીસ અધિક્ષકશ્રીએ, ડાંગ પોલીસના સમાજ સુધારણાના નવા આયામ એવા પ્રોજેક્ટ દેવી, પ્રવાસી મિત્ર, અને પ્રોજેક્ટ સંવેદનાનો પણ ખ્યાલ આપ્યો હતો. મીડિયા, સોસાયટીમાં મીરરનું કામ કરી રહ્યું છે, તેમ જણાવતા શ્રી જગાણિયાએ, ડાંગના મીડિયાના હકારાત્મક વલણની પણ સરાહના કરી હતી. ગુજરાતના વિવિધ ક્ષેત્રોમાં પહોંચીને ગ્રામીણ પત્રકારત્વ સુધી 'સંવાદ' સાધવાનો સ્તુત્ય પ્રયાસ PIB નો છે, તેમ જણાવતા ADG શ્રી પ્રકાશ મગદુમે, ટુ વે કોમ્યુનિકેશનની કાર્યપ્રણાલી વર્ણવી હતી. સ્થાનિક સમસ્યાઓ, મુશ્કેલીઓ સાથે ઈદ્રેં ની કામગીરીને વધુ સરળ બનાવવાનું કાર્ય, માહિતી અને પ્રસારણ મંત્રાલયે કર્યું છે તેમ જણાવતા શ્રી મગદુમે, મીડિયા અને ટેકનોલોજીના સુભગ સમન્વય થકી 'લોકલ ઈઝ ગ્લોબલ'ની વડાપ્રધાનશ્રીની નિભાવવાને ચરિતાર્થ કરવાનું કાર્ય, ગ્રામીણ પત્રકારો કરી શકે છે તેમ જણાવ્યુ હતું. પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક્સ, અને સોશિયલ મીડિયાના વધતા વ્યાપને નજર સમક્ષ રાખી, તેને આત્મસાત કરવાની અપીલ કરતાં ADG શ્રી પ્રકાશ મગદુમે, પ્રધાનમંત્રીશ્રીની "મન કી બાત" જેવા કાર્યક્રમોએ સ્થાનિક ગ્રામીણ પત્રકારોની જવાબદારી વધારી છે તેમ કહ્યું હતું. તેમણે AI ટેકનોલોજી જેવા આધુનિક ટૂલ્સ ને અપનાવીને પત્રકારત્વને ધારદાર, અસરકારક બનાવવાની પણ અપીલ કરી હતી. ગ્રામ્ય પત્રકારો માટેની કલ્યાણકારી યોજનાઓ પણ તેમના સુધી પહોંચે તેવા પ્રયાસોની શ્રી મગદુમે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. PIB ના શ્રી ચીરાગ બોરાણિયાએ, આ વાર્તાલાપનો ઉદ્દેશ સ્પસ્ટ કરી, ભારત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગના પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો સહિત RNI, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કોમ્યુનિકેશન, DAVP, ફિલ્ડ પબ્લિસિટી, અને સોંગ એન્ડ ડ્રામા ડિવિઝનની કાર્યપ્રણાલીનો ખ્યાલ આપ્યો હતો.

### કેટલીક હોસ્પિટલો સામે સ્કીમના ઉલ્લંઘનને લગતા કેસ

# નકલી આયુષ્માન કાર્ડ બનાવવાના કેસમાં હિમાચલ પ્રદેશમાં EDના દરોડા

## ધારાસભ્ય આરએસ બાલી અને દેહરાના કોંગ્રેસી નેતા ડો. રાજેશ શર્માની હોસ્પિટલ પર દરોડા

। (એજન્સી) શિમલા, તા.૩૧ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) કાંગડા, ઉના, શિમલા, મંડી, કુલ્લુ સહિત દિલ્હી, ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશમાં ઘણી જગ્યાએ દરોડા પાડી રહી છે. આ દરોડા નકલી આયુષ્માન ભારત AB-PMJAY આઈડી કાર્ડ બનાવવા અને બાંકે બિહારી હોસ્પિટલ, ફોર્ટિસ હોસ્પિટલ સહિત કેટલીક હોસ્પિટલો સામે સ્કીમના ઉલ્લંઘનને લગતા કેસમાં પાડવામાં આવી રહ્યા છે. આવા નકલી કાર્ડ પર અનેક મેડિકલ બિલ બનાવવામાં આવ્યા છે, જેનાથી સરકારી તિજોરી અને જનતાને નુકસાન થઈ રહ્યું છે. હિમાચલ પ્રદેશના નગરોટાના કોંગ્રેસના ધારાસભ્ય આર.એસ. બાલી, હિમાચલ પ્રદેશ પ્રવાસન વિકાસ નિગમના અધ્યક્ષ અને હિમાચલ




પ્રદેશ પ્રવાસન વિકાસ બોર્ડના ઉપાધ્યક્ષ અને કાંગડાની શ્રી બાલાજી હોસ્પિટલના ડૉ. રાજેશ શર્માના નામ પણ છેતરપિંડીમાં પ્રકાશમાં આવ્યા છે અને તેમની જગ્યાઓ પર પણ ED તપાસ કરી રહી છે. આયુષ્માન ભારત યોજના સાથે જોડાયેલા કૌભાંડમાં હિમાચલ પ્રદેશના ઉનામાં વિજિલન્સનો કેસ નોંધ્યો હતો, ત્યાર બાદ આ કેસ ED એ તેના હાથમાં લીધો હતો. ઉના અને કાંગડા ઉપરાંત EDની ટીમે શિમલા અને મંડીમાં પણ કાર્યવાહી કરી છે અને બાંકે બિહારી હોસ્પિટલ, ફોર્ટિસ હોસ્પિટલ સહિત અન્ય ખાનગી સંસ્થાઓની તપાસ કરવામાં આવી રહી છે. ઉનામાં વહેલી સવારે EDએ બે જગ્યાએ દરોડા પાડ્યા છે, ટીમ ખાનગી હોસ્પિટલની સાથે હોસ્પિટલના સંચાલકના ઘરે પણ પહોંચી છે. પંજાબના નાંગલમાં કર્મચારીના ઘરે પણ દરોડા પાડ્યા, આ તમામને આયુષ્માન ભારત યોજનાના નકલી કાર્ડ બનાવીને છેડછાડના આરોપોમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આયુષ્માન ભારત યોજનામાં ગોટાળાના આરોપોને લઈને બુધવારે સવારે ઉના જિલ્લા મુખ્યાલયની એક ખાનગી હોસ્પિટલમાં દરોડા પાડ્યા હતા. જો કે, આ દરોડો માત્ર હોસ્પિટલ પરિસરમાં જ નહીં પરંતુ મહેતપુર-બસદેહરામાં હોસ્પિટલ સંચાલકના ઘરે અને પંજાબના નાંગલમાં હોસ્પિટલના એક કર્મચારીના ઘરે પણ પાડવામાં આવ્યો હતો. બુધવારે સવારે, ડિરેક્ટોરેટ ઑફ એન્ફોર્સમેન્ટ ટીમોએ ત્રણેય સ્થળોએ એક સાથે કાર્યવાહી શરૂ કરી છે. આ મામલો આયુષ્માન ભારત યોજનાની હેરાફેરી સાથે સંબંધિત હોવાનું કહેવાય છે, જેના કારણે ૨૩ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ, હિમાચલ પ્રદેશ રાજ્ય તકેદારી અને ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો દ્વારા આ હોસ્પિટલ મેનેજમેન્ટ સામે છેતરપિંડીના આરોપમાં એફઆઈઆર નોંધવામાં આવી હતી. બીજી તરફ ઈડીના દરોડાના સમાચાર ફેલાતા જ સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે. ખાસ કરીને આરોગ્ય ક્ષેત્રની સંસ્થાઓમાં લોકો આ દરોડાની માહિતી મેળવવા સતત પ્રયાસ કરતા જોવા મળ્યા હતા.

### દિલ્હીના કોચિંગ સેન્ટરની દુર્ઘટનાનો મામલો

# સંસ્થાએ સુરક્ષા તેમજ બચાવ માટે કોઈ પ્રકારની વ્યવસ્થા કરી નહોતી

## દુર્ઘટના મામલે મુખ્ય સચિવના રિપોર્ટ મુજબ કોચિંગ સંસ્થાએ જ આખી ડ્રેનેજ સિસ્ટમને ઉપરથી બ્લોક કરી દીધી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

દિલ્હીમાં કોચિંગ સેન્ટરની દુર્ઘટના મામલે મુખ્ય સચિવને તપાસ રિપોર્ટ સોંપવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં ચોંકાવનારી વાત સામે આવી છે. રાવ કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં ત્રણ વિદ્યાર્થીઓના મોત થવા મામલે ચોંકાવનારો ખુલાસો થયો છે. મુખ્ય સચિવના રિપોર્ટ મુજબ આ સંસ્થાએ જ આખી ડ્રેનેજ સિસ્ટમને બ્લોક કરી દીધી હતી. આ ઉપરાંત સંસ્થાએ સુરક્ષા તેમજ બચાવ માટે કોઈપણ વ્યવસ્થા કરી નહોતી. વધુમાં રિપોર્ટમાં એ વાત બહાર આવી છે કે બિલ્ડિંગની બહાર દબાણો અને પાર્કિંગમાંથી રસ્તા પર જવાના ગેરકાયદે રસ્તાના કારણે વરસાદનું પાણી ગટરમાં જઈ શક્યું જ નહોતું. દિલ્હી સરકારેને સોંપાયેલા રિપોર્ટ મુજબ, કોચિંગ સંસ્થાએ ગટરને ઉપરથી બંધ કરી દીધી હતી. સંસ્થાના પાર્કિંગ સ્થળની જગ્યા સીધા જ રસ્તા તરફ જાય છે, જેના કારણે ભારે વરસાદ વખતે રસ્તા પર આવતું પાણી ગટરમાં જવાના બદલે સીધું પાર્કિંગ સ્થળમાં ભરાય છે. અહીં સુરક્ષા સ્ટાફની પણ વ્યવસ્થા નથી. જો સ્ટાફ હોત તો ઘટના સમયે સાવધાની રાખી શકાઈ




હોત અને વિદ્યાર્થીઓનો જીવ બચી શક્યો હતો. રિપોર્ટમાં દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)ને પણ સાણસામાં લઈ જણાવાયું છે કે, બિલ્ડિંગની બહાર દબાણો અને પાર્કિંગમાંથી રસ્તા પર જવાના ગેરકાયદે રસ્તાના કારણે વરસાદનું પાણી ગટરમાં જઈ શક્યું નથી. સિવિલ સર્વિસની તૈયારી કરનરા વિદ્યાર્થિની અને વિદ્યાર્થીઓએ દાવો કર્યો છે કે, ઓલ્ડ રાજેન્દ્ર નગર અને આજુબાજુના વિસ્તારોમાં આવેલી લાઈબ્રેરીમાં ફી બમણી કરવામાં આવી છે. પહેલા મહિને બે હજાર રૂપિયા ફી લેવાતી હતી અને હવે ચારથી પાંચ હજાર રૂપિયા ફી માંગી રહ્યા છે. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે (NHRC) રાવ કોચિંગ સેન્ટરના કેસમાં દિલ્હી સરકાર, પોલીસ તેમજ કોર્પોરેશનના કમિશનર નોટિસ પાઠવી છે.

### સૂર્યકુમાર યાદવની કેપ્ટન્સી હેઠળ કમાલ થઈ ગયો

# અંતિમ મેચ ખુબ જ રસપ્રદ રહી જે ભારતના ફાળે ગઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ શ્રીલંકા વિરુદ્ધ ટી૨૦ સિરીઝમાં ભારતે ૩-૦થી મેચ જીતી લીધી. અંતિમ મેચ ખુબ જ રસપ્રદ રહી. જે ભારતના ફાળે ગઈ. આ મચમાં કઈક એવું થયું કે જે ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં અત્યાર સુધી જોવા મળ્યું નથી. સૂર્યાની કેપ્ટનશીપ હેઠળ ભારતે ચમત્કાર કરી દીધો હોય તેવું લાગ્યું. વાત જાણે એમ છે કે આવું પહેલીવાર બન્યું જ્યારે ભારતે ૫૦ રનની અંદર ૫ વિકેટ ગુમાવ્યા બાદ કોઈ ટી૨૦ મેચ જીતી કે ટાઈ કરી હોય. ભારતે આ મુકાબલો સુપર ઓવરમાં જીત્યો. આવું પહેલીવાર બન્યું કે જ્યારે ભારતે ૫૦ રનની અંતર એક સમયે



૫ વિકેટ ગુમાવી દીધી હતી અને ત્યારબાદ મેચ ટાઈમાં ગઈ. મેચ સુપર ઓવરમાં મેચ જીતી. સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ભારતે આ કમાલ કરી દેખાડ્યો છે. પહેલા બેટિંગ કરીને ભારતીય ટીમની શરૂઆત ખુબ જ ખરાબ રહી. તેણે પોતાની ૫ વિકેટ માત્ર ૪૮ રનમાં ગુમાવી હતી. યશસ્વી જયસ્વાલ (૧૦), સંજુ સેમસન (૦), રિંકુ સિંહ (૧), સૂર્યકુમાર યાદવ (૮) અને શિવમ દુબે (૧૩) જેવા ખૂંખાર બેટર્સ સસ્તામાં આઉટ થઈ ગયા.

# આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય ઉપેક્ષા વાયનાડમાં વિનાશક ભૂસ્ખલનનું બન્યું કારણ

## દેશના ત્રીસ સૌથી વધુ ભૂસ્ખલન-સંભવિત જિલ્લાઓમાંથી ૧૦ કેરળમાં છે, જેમાં વાયનાડ ૧૩મા સ્થાને છે

। (એજન્સી) વાયનાડ, તા.૩૧ ।

કેરળના વાયનાડ જિલ્લાના પહાડી વિસ્તારોમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા ૧૫૧ લોકોના મૃત્યુ થયા હતા. જ્યારે ૧૨૮ લોકો ઘાયલ થયા છે. હજુ પણ ઘણા લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર દ્વારા ગયા વર્ષે જારી કરાયેલા ભૂસ્ખલન નકશા અનુસાર, દેશના ત્રીસ સૌથી વધુ ભૂસ્ખલન-સંભવિત જિલ્લાઓમાંથી ૧૦ કેરળમાં છે. જેમાં વાયનાડ ૧૩મા સ્થાને છે. તેમાં કહેવામાં આવ્યું છે કે પશ્ચિમ ઘાટ અને કોંકણ હિલ્સ (તમિલનાડુ, કેરળ, કર્ણાટક, ગોવા અને મહારાષ્ટ્ર)માં ૦.૦૯ મિલિયન ચોરસ કિલોમીટર વિસ્તારમાં ભૂસ્ખલનનું જોખમ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ખૂબ જ વધારે વસ્તીને કારણે, ખાસ કરીને કેરળમાં પશ્ચિમ ઘાટના રહેવાસીઓના ઘરોની ગીચતા વધુ મહત્વપૂર્ણ છે. સ્પ્રિંગર દ્વારા પ્રકાશિત અભ્યાસમાં જણાવાયું



છે કે કેરળના તમામ ભૂસ્ખલન-સંભવિત કેન્દ્રો પશ્ચિમ ઘાટ ક્ષેત્ર અને ઈડુક્કી, એર્નાકુલમ, કોટ્ટાયમ, વાયનાડ, કોઝિકોડ અને મલપ્પુરમ જિલ્લાઓમાં કેન્દ્રિત છે. વાયનાડમાં ઘટી રહેલા વન કવર પર ૨૦૨૨ માં પણ એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં જાણવા મળ્યું હતું કે ૧૯૫૦ અને ૨૦૧૮ ની વચ્ચે જિલ્લામાં ૬૨ ટકા જંગલો ગાયબ થઈ ગયા હતા. ઈન્ટરનેશનલ જર્નલ ઓફ એન્વાયરમેન્ટલ એન્ડ પબ્લિક હેલ્થમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે વાયનાડના કુલ વિસ્તારનો લગભગ ૮૫ ટકા વિસ્તાર ૧૯૫૦ના દાયકામાં વન કવર હતો. વૈજ્ઞાનિકોના મતે હવામાન પરિવર્તનના કારણે પશ્ચિમ ઘાટમાં ભૂસ્ખલનની શક્યતા વધી રહી છે. તે વિશ્વના જૈવવિવિધતાના આઠ સૌથી ગરમ સ્થળોમાંનું એક છે. કોચીન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (CUSAT)ના એડવાન્સ્ડ સેન્ટર ફોર એટમોસ્ફેરિક રડાર રિસર્ચના ડિરેક્ટર એસ. અભિલાષે કહ્યું કે અરબી સમુદ્રના ગરમ થવાને કારણે ઠંડા વાદળો રચાઈ રહ્યા છે, જેના કારણે કેરળમાં ટૂંકા ગાળામાં ભારે વરસાદ થઈ રહ્યો છે અને ભૂસ્ખલનની શક્યતા વધી રહી છે. તેમણે કહ્યું, અમારા સંશોધનમાં જાણવા મળ્યું છે કે દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્ર ગરમ થઈ રહ્યો છે, જેના કારણે કેરળ સહિત આ ક્ષેત્રમાં વાતાવરણ અસ્થિર બન્યું છે. વાતાવરણની આ અસ્થિરતા ઘેરા વાદળો રચવા દે છે. અગાઉ મેંગલોરમાં ઉત્તર કોંકણ પટ્ટામાં આવો વરસાદ પડ્યો હતો.

# સાધના સક્સેના બનશે આર્મી મેડિકલ સર્વિસના DG

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

મેડિકલ સર્વિસ (સેના) ના ડાયરેક્ટર જનરલનું પદ લેફ્ટનન્ટ જનરલ સાધના સક્સેના નાયર ૧ ઓગસ્ટથી સંભાળશે. આ પ્રતિષ્ઠિત પદ પર નિમણૂક થનારા તેઓ પહેલા મહિલા હશે. આ પહેલા તેઓ એર માર્શલના પદ પર પ્રમોશન બાદ હોસ્પિટલ સેવા (સશસ્ત્ર દળ) ના ડાયરેક્ટર જનરલનું પદ સંભાળનાર પ્રથમ મહિલા હતાં. ગયા વર્ષે જ્યારે સાધના સક્સેના નાયરે હોસ્પિટલ સેવા (સશસ્ત્ર દળ) ના ડાયરેક્ટર જનરલનું પદ સંભાળ્યું હતું, જ્યારે વાયુસેનાના અધિકારીઓએ કહ્યું હતું, 'ભારતીય વાયુસેનાના અધિકારી એર માર્શલ સાધના સક્સેના નાયર પ્રભાવી રીતે બીજા મહિલા અધિકારી છે, જેમણે સમગ્ર સેવાકાળમાં વાયુસેનામાં અલગ-અલગ પદ પર સેવાઓ આપ્યા બાદ એર માર્શલના પદ સુધી પહોંચ્યા. પદભાર ગ્રહણ કરતી વખતે વાયુસેના પ્રમુખ વી.આર.ચૌધરી પણ હાજર રહ્યાં.' લેફ્ટનન્ટ જનરલ સાધના નાયરે પોતાના સ્કુલનું શિક્ષણ સેન્ટ મેરી કોન્વેન્ટ, પ્રયાગરાજથી શરૂ કર્યું અને લોરેટો કોન્વેન્ટ, લખનૌથી પૂરું કર્યું.

### UPSCએ પૂજા ખેડકર પર કરી મોટી કાર્યવાહી

# IASનું પદ છીનવીને તમામ પરીક્ષા પર મૂક્યો પ્રતિબંધ

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૩૧ ।

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ ટ્રેઈની IAS પૂજા ખેડકર વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. પંચે પૂજા ખેડકરનું IAS પદ છીનવી લીધું છે અને તેના પર ભવિષ્યની તમામ પરીક્ષાઓ પર પ્રતિબંધ પણ મૂક્યો છે. આયોગે ખુદ આ માહિતી આપી છે. મહત્ત્વનું છે કે, ખેડકર પર UPSCમાં ખોટી રીતે અનામત લેવાનો આરોપ છે. આ અંગે તેમની સામે કેસ પણ નોંધવામાં આવ્યો હતો. UPSCએ માહિતી આપી છે કે આજે સિવિલ સર્વિસ પરીક્ષા-૨૦૨૨ માટે કામચલાઉ ભલામણ કરાયેલ ઉમેદવાર પૂજા મનોરમા દિલીપ ખેડકરની




કામચલાઉ ઉમેદવારી રદ કરવામાં આવી છે. ઉપરાંત, તેના પર ભવિષ્યની તમામ પરીક્ષાઓ અને પસંદગીઓ પર કાયમી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૧૯ જુલાઈએ દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે સિવિલ સર્વિસ પરીક્ષામાં ઉમેદવારી નોંધાવવા માટે વિકલાંગતા અને અન્ય પછાત વર્ગ (નોન-ક્રિમી લેયર) ક્વોટાનો દુરુપયોગ કરવા બદલ ખેડકર વિરુદ્ધ કથિત રીતે કેસ નોંધ્યો હતો.



નવી દિલ્હીમાં કેન્દ્રીય વિદેશ મંત્રી સુબ્રહ્મણ્યમ જયશંકર સાથે વિયેતનામના વડાપ્રધાન ફામ મિન્હ ચિન્હે મુલાકાત કરી હતી.

# ૫ ઓગસ્ટે બાબા મહાકાલની ત્રીજી સવારી દરમિયાન વિશ્વ રેકોર્ડ બનશે



। (એજન્સી) ઉજ્જૈન, તા.૩૧ ।

જો કે ધાર્મિક નગરી ઉજ્જૈનમાં અત્યાર સુધી ઘણા વિશ્વ રેકોર્ડ બન્યા છે, પરંતુ ૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ બાબા મહાકાલની ત્રીજી સવારી દરમિયાન આવો વિશ્વ રેકોર્ડ બનશે. જેના માટે પ્રશાસને અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ વર્લ્ડ રેકોર્ડ માટે અત્યારથી જ તૈયારીઓ ચાલી રહી છે. આ કાર્યક્રમ ક્યાં યોજાશે, તેમાં કેટલા કલાકારો ભાગ લેશે અને કલાકારો ક્યાંથી આવશે. તેમની સંખ્યા નક્કી કરવા માટે કલેક્ટર દ્વારા એક કમિટી પણ બનાવવામાં આવી છે. શ્રાવણ-ભાદરવા મહિનામાં બાબા મહાકાલની સવારી વધુ ભવ્યતા સાથે નીકળે, આ ઈચ્છા સાથે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો.મોહન યાદવ આ સવારીને વધુ ભવ્ય બનાવવા સતત વ્યસ્ત છે. બાબા મહાકાલની અત્યાર સુધી કાઢવામાં આવેલી બે સવારીમાં લોકનૃત્યો સાથે, આ સવારીમાં ૩૫૦ સભ્યોના પોલીસ બેન્ડે પ્રથમ વખત પરફોર્મ કર્યું હતું, પરંતુ શ્રાવણ માસની ત્રીજી સવારીમાં ૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ કાઢવામાં આવનારી છે. મંત્રી ડો.મોહન યાદવ પોતે હાજર રહેશે. આ દિવસે એક વર્લ્ડ રેકોર્ડ બનવા જઈ રહ્યો છે. કહેવાય છે કે આ વર્લ્ડ રેકોર્ડ કંઈક અનોખો હશે. આ વર્લ્ડ રેકોર્ડ દરમિયાન ભગવાન શિવને ખૂબ જ પ્રિય એવા ડમરુ વગાડવામાં આવશે. જેના માટે માત્ર ઉજ્જૈનથી જ નહીં પરંતુ ભોપાલથી પણ મોટી સંખ્યામાં ડમરુ ખેલાડીઓ ઉજ્જૈન પહોંચશે. યાદ રહે કે એક સાથે ૧૫૦૦ ડમરુ વગાડવાનો વર્લ્ડ રેકોર્ડ શહેરમાં પ્રથમવાર યોજાવા જઈ રહ્યો છે. જ્યારે બાબા મહાકાલને ડમરુ ખૂબ જ પ્રિય છે. એક તરફ બાબા મહાકાલની સવારી અને બીજી તરફ ડમરુ વગાડીને બાબા મહાકાલની પૂજાપ શ્રાવણના ત્રીજા સોમવારે આ પ્રકારનો પ્રસંગ શિવભક્તો માટે ખરેખર જોવા જેવો હશે.

# ભારતમાં હુમલો કરવામાં નિષ્ફળ ગયેલું ISIL-K રચી રહ્યું છે નવું ષડયંત્ર

## ભારતમાં હાજર તેના આકાઓની મદદથી તે એવા લોકોની ભરતી કરવા માંગે છે જે એકલા જ ઘટનાઓને અંજામ આપી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

સંયુક્ત રાષ્ટ્રના નવા રિપોર્ટમાં ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. એવું કહેવામાં આવ્યું છે કે આતંકવાદી જૂથ ઈસ્લામિક સ્ટેટ ઈન ઈરાક એન્ડ ધ લેવન્ટ ખોરાસન (ISILK) ભારતમાં મોટા પાયે હુમલો કરવામાં નિષ્ફળ ગયું. તેમ છતાં, હવે ભારતમાં હાજર તેના આકાઓની મદદથી તે એવા લોકોની ભરતી કરવા માંગે છે જે એકલા જ ઘટનાઓને અંજામ આપી શકે. ISIL (Daesh), અલ-કાયદા અને સંબંધિત વ્યક્તિઓ અને સંસ્થાઓ પર વિશ્લેષણાત્મક સમર્થન



અને પ્રતિબંધો મોનિટરિંગ જૂથનો ૩૪મો અહેવાલ મંગળવારે બહાર પાડવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે સભ્ય દેશોએ ચિંતા વ્યક્ત કરી છે કે અફઘાનિસ્તાનથી આવતા આતંકવાદીઓ આ ક્ષેત્રમાં અસુરક્ષાનું કારણ બનશે. અહેવાલો અનુસાર, ભારતમાં મોટા પાયે હુમલા કરવામાં નિષ્ફળ જવા છતાં, ISILK હવે એક નવું ષડયંત્ર રચી રહ્યું છે. દેશમાં હાજર તેના આકાઓની મદદથી તે એવા લોકોની ભરતી કરવા માંગે છે જે એકલા હાથે ઘટનાઓને અંજામ આપી શકે. આ સાથે તેણે ઉર્દૂમાં લખેલું પુસ્તક બહાર પાડ્યું છે, જેમાં હિંદુ-મુસ્લિમ દુશ્મનાવટને અતિશયોક્તિથી દર્શાવવામાં આવી છે અને ભારતને લઈને તેની રણનીતિની રૂપરેખા આપવામાં આવી છે. યુએનના રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે.

# નર્સરીનો વિદ્યાર્થી બેગમાં મૂકીને લાવ્યો બંદૂક, ત્રીજા ધોરણના વિદ્યાર્થીને મારી ગોળી

## ગોળી તેના હાથમાં વાગી હતી, ઘાયલ છોકરાને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે, બાળક પાસે બંદૂક કેવી રીતે આવી તે શોધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ

। (એજન્સી) પટના, તા.૩૧ ।

આજકાલ નાનીનાની વાતમાં લોકો ગુસ્સે ભરાઈ જાય છે. અને મારામારી સુધી પહોંચી જાય છે. મોટા તો ઠીક પરંતુ હવે નાના બાળકો પણ બહુ જલ્દી ગુસ્સે ભરાઈ જાય છે. બાળકોના ગુસ્સે થવાની એક ઘટના સામે આવી છે. જેમાં ગુસ્સે ભરાયેલું બાળક બીજા બાળકની હત્યા કરવા સુધી પહોંચી જાય છે. જે ખરેખર એક વિચારવા લાયક ઘટના છે. અને સમાજ માટે લાલ બત્તી સમાન કિસ્સો છે. બિહારના સુપૌલ જિલ્લામાંથી એક સનસનીખેજ



ઘટના સામે આવી છે. અહીં લાલપટ્ટી વિસ્તારમાં આવેલી ખાનગી શાળામાં અભ્યાસ કરતા એક નર્સરી ક્લાસના વિદ્યાર્થીએ ૧૦ વર્ષના બાળકને ગોળી મારી દીધી હતી. હાથમાં ગોળી વાગતાં વિદ્યાર્થી ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઘાયલ વિદ્યાર્થી ત્રીજા ધોરણમાં ભણતો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ પાંચ વર્ષના બાળકે હથિયાર પોતાની બેગમાં છુપાવી રાખ્યું હતું. આ ઘટના બાદ શાળામાં ચકચાર મચી ગઈ હતી. માહિતી મળ્યા બાદ પોલીસ શાળામાં પહોંચી અને પાંચ વર્ષના બાળક સુધી હથિયાર કેવી રીતે પહોંચ્યું તે જાણવાનો પ્રયાસ કરી રહી છે. પોલીસ અધિક્ષક શૈશવ યાદવના જણાવ્યા અનુસાર, "નર્સરીના વિદ્યાર્થીએ એ જ શાળામાં ધોરણ ૩માં અભ્યાસ કરતા ૧૦ વર્ષના છોકરા પર ગોળીબાર કર્યો.

## તંત્રી લેખ...

# સત્ય આખી માનવજાતિને માનવતાવાદી બનાવી શકે

જીવનમાં સત્યની ભૂખ તો બધાને હોય છે, પરંતુ જ્યારે પણ સત્ય પીરસવામાં આવે છે તો બહુ ઓછા લોકોને તેનો સ્વાદ પસંદ પડે છે. સત્યના સંબંધે જાણવું અને સત્યનો મર્મ સમજી લેવો બંનેમાં મોટું અંતર છે. તરવાના વિષય પર કોઈ મહાશાસ્ત્ર પણ ભણી લઈએ તો તરવાની કળામાં પારંગત નથી થવાતું. તરવાનું શીખવા માટે તો પાણીમાં ઉતરવું જ પડે છે. આ જ પ્રકારે આપણે સત્ય-અસત્ય, પાપ-પુણ્ય, ધર્મ-અધર્મ અને આત્મા-પરમાત્મા વગેરે વિષયમાં અત્યધિક માહિતી ભેગી કરી લઈએ છીએ. જોકે આ માહિતી માત્ર સાંભળવાનું સાધન અને બોલવાની પરંપરા બનીને રહી ગઈ છે અને આપણા આચરણમાં ઉતરી શકી નથી. જેમ કે કાગળની હોડીથી સમુદ્ર પાર ન કરી શકાય, એવી જ રીતે આ બધી વાતોને માત્ર વાંચી-સાંભળીને જ આપણને ઈચ્છિત ચીજની પ્રાપ્તિ નહીં થઈ જાય. જ્ઞાન અને વિચારની સાથે તેને આચરણમાં ઉતારવાની મનોવૃત્તિ પણ જરૂરી હોય છે. સત્ય અકાટ્ય છે. દ્વેષ તેના પર હુમલો કરી શકે છે. અજ્ઞાનતા તેનો ઉપહાસ ઉડાવી શકે છે, પરંતુ અંતમાં સત્યનું અસ્તિત્વ જ રહે છે. આપણા જીવનમાં સમય અત્યંત મૂલ્યવાન હોયછે, કારણકે જે ક્ષણ એક વખત નીકળી ગઈ તે ફરીથી જીવનમાં પાછી નથી આવતી, પરંતુ સત્યનું મૂલ્ય તેનાથી પણ વધુ હોય છે. માત્ર એટલા માટે જ નહીં કે તેના માટે વધુ મૂલ્ય ચૂકવવું પડે છે, પરંતુ એટલા માટે પણ કે તે ક્યાંય વધુ મૂલ્યવાન હોય છે. સત્ય સ્વયંમાં એક એવું મૂલ્ય છે જેના પર વિશ્વાસ, ઈમાનદારી, સંવેદનશીલતા, દયા અને પોતાપણા જેવા અન્ય મૂલ્યો પણ ટકેલાં છે. આ જ મૂલ્યો પર ટકી છે માનવતા. સત્ય માનવીય અસ્તિત્વનો આધાર છે. સત્ય આખી માનવજાતિને માનવતાવાદી બનાવે છે. સત્ય માટે બધું જ છોડી શકાય છે, પરંતુ કોઈના માટે સત્યનો ત્યાગ ન કરી શકાય. ગમે તેટલું ભયંકર તોફાન હોય, તેને સત્યની નાવ ડગમગાવી શકે છે, પરંતુ પોતાના સવારને ડૂબાડશે નહીં, કોઈને કોઈ પ્રકારે કિનારે પહોંચાડી જ દેશે. શું આપણે જાણીએ છીએ કે દુનિયામાં કઈ રીતે રહેવું જોઈએ? આ પાર્થિવ જીવન સિવાય શું કોઈ અન્ય જીવન છે, જે લૌકિક ન હોઈને પારલૌકિક છે? આ સંસારનું જીવન ત્યારે જ સાર્થક થઈ શકે છે, જ્યારે તે પારલૌકિક જીવનની એક કડી હોય, અન્યથા જો ઈહલૌકિક જીવન ફક્ત આ લોકનું છે, અહીં પ્રારંભ થઈને અહીં જ સમાપ્ત થઈ જાય છે, ત્યારે મનુષ્યનું જીવન પેદા થવું અને માટીમાં ભળી જવું એટલું જ છે, તેના સિવાય કશું જ નથી.

## પાણીનું વહન કરવાની ક્ષમતા આજે તો ગુજરાતની મોટા ભાગની નદીઓમાં રહી નથી

આપણા રાજ્યના એક પણ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે એના શહેરના ભૂસ્તરનો નકશો નથી. જે નકશો છે તે ભૂગોળનો છે. દર વખતે જ્યારે વરસાદ આવે છે અને ઘૂઘવાટા કરતા પાણી ચોતરફથી પ્રવેશે છે ત્યારે મહાપાલિકાની ટીકા કરવાની મોસમ શરૂ થાય છે. વાસ્તવિકતા એ છે કે શહેરમાં વરસાદી દિવસોમાં વ્યવસ્થાતંત્ર સંભાળવું એ હવે પાલિકાઓના કાબૂ બહાર ની વાત છે. ગુજરાતના તમામ શહેરોમાં મહાપાલિકામાં જે કોઈ પણ રાજકીય પક્ષનું શાસન હોય તેમણે દાયકાઓથી બિલ્ડર લોબી સાથે સદાય દોસ્તી નિભાવી છે. એને કારણે હવે એના ભીષણ પરિણામોની શરૂઆત થઈ ગઈ છે. પાણીના કુદરતી પ્રવાહોની નોંધ લીધા વિના અને પૂરતી જાણકારી વિના મ્યુનિસિપલ કોર્પોરેશન અને શહેરી વિકાસ સત્તા મંડળ, બંનેએ ધમધોકાર મંજૂરીઓ આપી છે. ઉદાહરણ તરીકે અમદાવાદનું વસ્ત્રાપુર તળાવ ઉપર જ રચાયેલું ઉપનગર છે, એ ગમે ત્યારે અડધી રાતે પણ પાણીમાં ગરકાવ થઈ શકે છે. કારણ કે આસપાસના સો કિલોમીટરના વિસ્તારમાં ચોતરફનો ઢાળ વસ્ત્રાપુર તરફનો જ છે જે ભૂસ્તરીય હોવાથી એમ કંઈ સગી આંખે જોઈ શકાતો નથી. વડોદરામાં વિશ્વામિત્રી નદીના પાણી શહેર પર ફરી વળ્યા એના કારણો ખરેખર જો તપાસવા હોય તો વડોદરા શહેરની બહારના વિસ્તારોમાં આજકાલ જે બાંધકામ ચાલે છે એના પર નજર નાંખો તો ખ્યાલ આવે ! વડોદરા શહેરની બહાર ઈસનપુર જેવી અનેક કાંસ નીકળે છે અને આ કાંસ જ જળ પ્રલયથી શહેરને બચાવનારી હોય છે. ગામડાઓમાં પાણીના વોંકળા હોય છે. ભારત સરકારના રાષ્ટ્રીય ધોરિમાર્ગના બાંધકામની એક કડક આચાર સંહિતા છે કે ચારફૂટ જેટલો પહોળો પ્રવાહ પણ જ્યાં વહેતો હોય ત્યાં ગરનાળા કે પુલ બાંધવા પરંતુ એનું માટીથી કદી પુરાણ કરવું નહિ. વડોદરા શહેરના પાણીનો નિકાલ કરવા માટેની કોર્પોરેશને બનાવેલી અને કુદરતી રીતે બનેલી એવી જે વિવિધ કાંસ હોય છે તે વરસોવરસ કૌભાંડકારી પ્રવૃત્તિઓથી પુરાતી આવી છે. વડોદરા શહેરના બાહ્ય વિસ્તારોમાં જ્યાં કાંસ હતી ત્યાં બિલ્ડરોએ માટીના પુરાણ કરેલા છે અને એના પર વિશાળ બાંધકામ પ્રોજેક્ટ મુકેલા છે. વડોદરામાં નવા બંધાયેલા સંખ્યાબંધ પ્રોજેક્ટ એવા છે કે જે ભવિષ્યમાં પણ ચોમાસામાં સંપૂર્ણ સલામત નીવડવાના નથી. અગાઉ વિશ્વામિત્રી નદી વડોદરા શહેરના કિનારાના વિસ્તારોને ભીંજવીને પસાર થઈ જતી હતી, પરંતુ નદીને પસાર થવા માટેના અને એની ક્ષમતા કરતા વધારાના પાણીને ઉપ પ્રવાહોમાં વાળવા માટેના જે માર્ગો હતા તે બધા પર લાખો ટન માટીનું પુરાણ કરીને પ્રોજેક્ટ મુકવામાં આવેલા છે. આજે પણ કોઈ વડોદરાના બાહ્ય વિસ્તારોનો પ્રવાસ કરે તો એને બહુ આસાનીથી કોઈને કોઈ કાંસના પુરાણનું ચાલુ કામ નજરોનજર જોવા મળે એમ છે. આપણા રાજનેતાઓ અને સરકારી એન્જિનિયરોએ ભવિષ્યનો વિચાર કર્યા વિના લક્ષ્મીના દાસ બનીને જે કૌભાંડો આચર્યા છે એણે વીરક્ષેત્ર ગણાતા વડોદરા જેવા સુંદર શહેરનું નિકંદન કાઢી નાખ્યું છે. માત્ર ગુજરાતના જ નહીં પરંતુ દેશના કેટલાક સુંદર સિટી પ્લાનિંગ ધરાવતા રાજવી શહેરોમાં વડોદરાનું નામ છે. આ નામને ભૂંસવા માટે વડોદરાના સત્તાધિકારીઓ ઘણા વર્ષોથી પાછળ પડેલા છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડ પાસે અનેક વિદ્યાઓની યોગ્યતા હતી. તેઓ રાત્રિસભાના શોખીન હતા. લગભગ દરરોજ રાત્રે તેઓ વિદ્વાનો સાથે ગોષ્ઠી કરતા અને તેમાં સતત પ્રજાની સુખાકારીની ચિંતા કરતા. વડોદરા શહેરના આધુનિકરણ માટે તેમણે તત્કાલીન ભારતીય અને બ્રિટિશ સ્થપતિઓની સેવાઓ લીધી હતી. ઉપરાંત તેમની પોતાની પણ આગવી દ્રષ્ટિનો વડોદરાને લાભ મળ્યો છે. એ વડોદરા શહેર વિશ્વામિત્રી નદીના પ્રલયકારી જળ સામે નિઃસહાય જોવા મળ્યું અને શહેરની મહાપાલિકાએ નગરજનોને ભગવાન ભરોસે છોડી દીધા. જે પરિસ્થિતિ આજવા અને વિશ્વામિત્રી નદીને કારણે થઈ એવી જ પરિસ્થિતિ ગુજરાતના કે દેશના કોઈપણ શહેરમાં થઈ શકે છે. કારણ કે નદીઓને ઊંડી કરવાનું કામ કોઈએ કર્યું નથી.

**આજે ગુરુવાર પ્રાર્થનાનો દિવસ ! પ્રાર્થના એ એક એવો ઘંટ છે કે જેનાથી ઈશ્વર પણ એ તરફ જોવા વિવશ થાય છે**

# ઈશ્વરને પ્રસન્ન કરવા માટે ભારેખમ શબ્દોની જરૂર પડતી નથી, પ્રસન્ન કરવા માત્ર પ્રાર્થના જ કાફી છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સૃષ્ટિ તરફ જરાક નજર કરીએ તો સમગ્ર સૃષ્ટિ એ એક મંદિરમાં વસતા દેવથી પણ વિશેષ લાગે છે, અથવા તો મૌન મૂર્તિ કરતા આ જીવંત મૂર્તિઓનું મંદિર વધુ રૂપાળું લાગે છે, એમ કહી શકાય, મારી તમારી કે પછી સંસારમાં દરેક વ્યક્તિઓની વ્યથા એ એકમાત્ર પ્રાર્થનાથી જ દૂર થઈ શકે એમ છે, અને આપણને કોઈ પણ પ્રકારના અભાવો હોવાનું કારણ પણ આપણે પોતે જ છીએ.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઓગસ્ટ મહિનો શરૂ થયો, અને આ માસ સાથે કડવી યાદ સાથે જોડાયેલી છે, જોકે માબાપ ને યાદ કરવા પુણ્યતિથિ કે જન્મ દિવસની જરૂર પડતી નથી. સર્જન વિસર્જન તો સૃષ્ટિની અનેરી ખાસિયત છે, એનો બહુ લાંબો હરખ શોક ન હોય, એવા સહજ અને પ્રથમ જ્ઞાનની એ જનેતા રહી. આજે ગુરુવાર પ્રાર્થનાનો દિવસ ! પ્રાર્થના એ એક એવો ઘંટ છે કે જેનાથી ઈશ્વર પણ એ તરફ જોવા વિવશ થાય છે, અને ભક્ત પણ ઈશ્વર તરફ જુવે છે. કોઈપણ જગ્યાએ ક્યાંક પ્રાર્થના ગવાતી હોય એટલે કે કોઈ સ્કૂલ કે એની નજીક આપણે રહેતા હોઈએ, તો જ્યારે પણ પ્રાર્થના ગવાય ત્યારે આપણું મન તે તરફ ખેંચાય જ છે, અને અનાયસ એ ઉદગાર આપણા મોઢામાંથી નીકળી જાય છે. એ બતાવે છે કે પ્રાર્થના એ સૌના હૃદયને પવિત્ર કરનારુ ઝરણું છે. આમ તો બીજે ક્યાંય ઈશ્વરને શોધવા ની જરૂર જ ક્યાં છે! સૃષ્ટિ તરફ જરાક નજર કરીએ તો સમગ્ર સૃષ્ટિ એ એક મંદિરમાં વસતા દેવથી પણ વિશેષ લાગે છે. અથવા તો મૌન મૂર્તિ કરતા આ જીવંત મૂર્તિઓનુ મંદિર વધુ રૂપાળું લાગે છે, એમ કહી શકાય. મારી તમારી કે પછી સંસારમાં દરેક વ્યક્તિઓની વ્યથા એ એકમાત્ર પ્રાર્થનાથી જ દૂર થઈ શકે એમ છે, અને આપણને કોઈ પણ પ્રકારના અભાવો હોવાનું કારણ પણ આપણે પોતે જ છીએ, નહીં તો આ સૃષ્ટિમાં શું નથી!! દિવસ-રાત સતત થાક્યા વગર ઊડાઊડ કરતો પવન, દિવસ-રાત જોયા વગર વહેતું પાણી, સૂર્ય ચંદ્ર નિયત સમયે રોજ થાક્યા વગર પ્રકાશે છે, અને આ પુષ્પવાટિકામાં ફુલ ઉગે છે,રસાળ ફળ પ્રાપ્ત થાય છે, વિશાળ સાગર જેવું આકાશ, ન જાણે કેટલાય ગ્રહોને સમાવીને સ્થિર શાંત રહી, આપણી પર છત્ર બનીને કાયમ રહે છે.આ ધરા આપણા જેવા નિષ્ઠુરનો ભાર વર્ષો વર્ષથી સહન કરતી હોવા છતાં પણ ઉહકારો પણ કરતી નથી. આ બધું શું ઈશ્વર નથી! આ બધું જ અંતે તો આપણું પોષણ કરનારા મૂળભૂત પંચમહાભૂત ઈશ્વર તત્વ છે, અને આ સૃષ્ટિ જ એક મહિમાવંત મંદિર છે. મહાપુરુષો એ ક્યારેક આ મંદિરની વ્યાખ્યા પણ કરી છે. કવિઓએ પણ જગત, સૃષ્ટિ, પૃથ્વી, પ્રકૃતિ, પર ખૂબ રચનાઓ લખી છે, અને દરેકે દરેક જણ આ પ્રત્યેક દેવ એટલે કે પંચ પ્રાણતત્વને જ ઈશ્વર સમજવા એવો નિર્દેશ કરે છે. આવી જ એક પ્રાર્થના આપણે સૌએ નિશાળમાં ભણતા ત્યારે કરી હતી અને આજે પણ તે ઘણી સ્કૂલોમાં બોલાવાય છે. આપ સૌની તો મને ખબર નથી, પરંતુ મને તો નવી નવી પ્રાર્થનાઓનું ગાન કરી, અને તેને વિષે લખીને બાળપણની સ્મૃતિઓ વિંટળાઈ વળી છે. અમારા આચાર્ય દિનુ બેન સિનોરનો, કડક છતાં પેમાળ સ્વર મારા કાનોમાં ગુંજે છે. મૂળ પારસી ખાનદાની અને એકદમ ઉચ્ચ ભારતીય સંસ્કારની ગરિમા ધરાવતા હતા.તેમણે જ પ્રાર્થનાનો સાચો અર્થ એ સમયે શીખવ્યો હતો,કે પરીક્ષામાં પાસ થવા પ્રાર્થનાનો સહારો લેવાનો નથી, ત્યાં પુરુષાર્થની જરૂર પડે,ને બુદ્ધિ ચાતુર્ય એ ગુણ નથી, ગુણ તો સૌની સાથેના પ્રેમાળ વ્યવહારથી આવે, કોઈની મદદ કરવાથી આવે,થોડુંક જતું કરવાથી આવે,માફ કરી દેવાથી આવે, વગેરે વગેરે. તો આપણે આજે આવી જ સૃષ્ટિ સહજ સર્જનહારના મંગલ મંદિરની વાત કરીશું.

**મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે**
**પળ પળ તારા દર્શન થાયે દેખે દેખનહારા રે**
**નહીં પુજારી નહીં કોઈ દેવા નહીં મંદિર ને તાળા રે**
**નીલ ગગન માં મહિમા ગાતા ચાંદો સૂરજ તારા રે**
**વર્ણન કરતાં શોભા તારી થાક્યા કવિગણ ધીરા રે**
**મંદિર માં તું ક્યાં છુપાયો શોધે બાળ અધીરા રે**

કવિ શ્રી જયંતીલાલ આચાર્યનો જન્મ મહેસાણામાં થયો હતો અને તેમનું વતન અમદાવાદ છે, નવજીવન સેવા ટ્રસ્ટના તે સંસ્થાપક હતા, અને અમદાવાદની સુપ્રસિદ્ધ ગુજરાતી વિદ્યાલય,તથા શ્રેયાંશ શાળાના ગુજરાતીના તે શિક્ષક હતા આટલા મોટા ગજાના સાહિત્યકાર હોવા છતાં પણ, તેમને નામે એક પણ પુસ્તક નથી. તેમણે ઘણા બધા પુસ્તકો પર ટીપ્પણી લખી છે, અને વિવેચન કર્યું છે. તેમણે અનુવાદ પણ ઘણા બધા પુસ્તકો નું કર્યું છે, આ રચના સિવાય પણ તેમની એક સુપ્રસિદ્ધ રચના અંતરના અંતરમાં બિરાજતા એ દેવ, જે લગભગ બધાએ સાંભળી જ હશે. ચરિત્ર નિર્માણની રચનામાં ગુજરાતના સંત કવિઓ અને બાઉલ પંથને નામે બે ધારા ધરાવતા પુસ્તકોની રચના કરી, જેમાં એકમાં સ્વયં ઉચ્ચ કોટિના કવિની રચનાને બીજામાં નિરક્ષર લોકકવિ કબીર, ગંગા સતી,સંત રૈદાસ ભોજલરામ વગેરેના અનુયાયીઓની સંતવાણી કે ભજનનુ સંકલન કર્યું. ગદ્યમાં શ્રી. શારદાદેવી, ઠાકુરદાની વાતો, મર્મી સંતોનું દર્શન વગેરેના ચરિત્ર લેખન કર્યું. કવિતા કે પદ્ય ને નામે બે પુસ્તકો-ગોરસ, દીવડા, અનુવાદ-દીવાટાણું રવીન્દ્રનાથનાં કાવ્યો અને મૌલિક, માનવધર્મ, બ્રહ્મચર્ય, સાહિત્ય, મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ, ગીતાની ભૂમિકા અને આપણો ધર્મ, મધ્યયુગની સાધના ધારા સંપાદન ને નામે અંબુભાઈ પુરાણી અને માણેકલાલ દેસાઈના સ્મૃતિગ્રંથોનું સંપાદન કર્યું. રવિન્દ્રનાથ ટાગોરના જીવનથી તે બહુ જ પ્રભાવિત હતા, અને તે અમુક બાબતોમાં તેમને અનુસરતા પણ હતા.જીવનના ઉતરાર્ધમાં તેઓ અરવિંદ ઘોષની ફિલોસોફી તરફ વળ્યા હતા. આપણું ગુજરાતી સાહિત્ય આવા ઉચ્ચ ગજાના કવિ કે લેખકથી હર્યું ભર્યું છે, અને આપણે તેની માટે સદાય ગર્વ કરવો જોઈએ. આવા મહિમાવંત મહાપુરુષોને સત સત નમન. પ્રાચીન કે અર્વાચીન પ્રાર્થના ભજન કે ગીત ના શબ્દો જોઈએ તો આપણેને એમ થાય, કે સમય બદલાય છે એની સાથે સાથે ઘણું બધું બદલાય છે. ઈશ્વરને પ્રસન્ન કરવા માટેના દરેક યુગમાં અલગ અલગ સાધન બતાવાયા છે. જેમ કે પહેલા વેદ ઉપનિષદની શ્રુતિ કે ઋચા અથવા તો મોટા મોટા સ્તોત્ર અને પછી આદિદેવ શંકરાચાર્ય દ્વારા સ્તુતિ સ્તવન રચાયા! પણ એ બધું અંતે તો ભારેખમ સંસ્કૃતમા. પણ આપણે અત્યાર સુધીની બધી જ પ્રાર્થના ઓ જોઈ, એ તે બધી જ બતાવે છે, કે સાવ સીધા સાદા શબ્દો જેટલી અસર કરે છે, તેટલા ભારેખમ શબ્દોની અસર થતી નથી. આ પૂર્ણ વિશ્વ જ એક મંદિર છે, અને તેનું સર્જન કરનાર જ પરમ કૃપાળુ પરમાત્મા કેટલો સુંદર હશે!! દરેક ક્ષણે તેના દર્શન થાય છે. પણ તેને જોવાની દ્રષ્ટિ જોઈએ,જેની પાસે એવી દ્રષ્ટિ હોય તે જ જોઈ શકે. પ્રત્યક્ષ રીતે અહીં કોઈ જ દેવ નથી કે કોઈ જ પૂજારી નથી, કે આ મંદિરને ક્યાંય તાળું પણ નથી,અને આમ જુઓ તો બધા જ દેવ તુલ્ય છે, અને જે આ મહિમાને સમજે છે, તે એ દેવત્વ અને પ્રણામ કરીને પૂજારી પણ બની શકે છે. નીલા આકાશમાં ચાંદો અને સૂરજ આ દેવના મહિમા ગાતા પ્રત્યક્ષ પ્રમાણ છે. આ સમગ્ર સૃષ્ટિનું વર્ણન કરતાં ધૈર્યવાન કવિઓ થાક્યા, પણ તારી આ રહસ્યમયી સૃષ્ટિનો તે તાગ પામી શક્યા નથી.જે દેવી-દેવતાની મૂર્તિ ઓ અમે મંદિરમાં રાખીએ છીએ, એ સ્વરૂપને આખા જગતમાં શોધવા માટે સૌ ભમે છે, અને સૌને પ્રશ્નાર્થ છે, કે મંદિરમાં તું ક્યાં છુપાયો!! શોધે બાળ અધીરા રે, અમે તો તારા બાળકો છીએ, તો અમારી દ્રષ્ટિમાં કદાચ મંદિરનું અને દેવનું આ રુપ અમને દેખાય નહીં, તો અમે અધીરા થઈ જઈએ છીએ. તો આપણે સૌ પણ ઈશ્વરના સ્વરૂપને વંદન કરી, અને રૂપાળા વૈશ્વિક મંદિરની મનમાં સ્થાપના કરી, તેમને વંદન કરી આ જગતને કવિએ જેવું આલેખ્યું છે, તેવું નિર્મળ અને સ્વચ્છ બનાવીએ, તેવી એક અનન્ય પ્રાર્થના સાથે, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

**પ્રેમથી જે ઈશ્વરને પોકારે તેની સમક્ષ પરમાત્મા પ્રગટ થાય છે, આતુરતા વગર ભગવાન મળતા નથી**

# તવંગર છે કે ગરીબ, જ્ઞાની છે કે અભણ, મોટો છે કે નાનો, ભગવાન એક જ વિચાર કરે છે, તેને મારામાં પ્રેમ છે કે નહીં



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભગવાન વિચાર કરતા નથી કે, આ તવંગર છે કે ગરીબ છે, જ્ઞાની છે કે અભણ છે, મોટો છે કે નાનો છે, ભગવાન એક વિચાર કરે છે, તેને મારામાં પ્રેમ છે કે નહીં, પરમાત્માને પ્રેમથી પોકારો એટલે તે દોડતા આવે છે, એકાંતમાં પ્રભુને તમારા દુઃખની કથા કહેજોને કરગરજો કે, ભગવાન આ પાપની આદત છૂટતી નથી, મારા પર કૃપા કરો, પ્રભુને આ પ્રમાણે પ્રાર્થના કરશો તો પ્રભુ જરૂર સાંભળશે.**

જીવ અનુભવ કરતો નથી કે મારી સાથે ઈશ્વર છે. જીવ માત્રના સાચા મિત્ર નારાયણ છે. ભગવાન વિચાર કરતા નથી કે, આ તવંગર છે કે ગરીબ છે, જ્ઞાની છે કે અભણ છે, મોટો છે કે નાનો છે. ભગવાન એક વિચાર કરે છે, તેને મારામાં પ્રેમ છે કે નહીં. પરમાત્માને પ્રેમથી પોકારો એટલે તે દોડતા આવે છે. એકાંતમાં પ્રભુને તમારા દુઃખની કથા કહેજોને કરગરજો કે, ભગવાન આ પાપની આદત છૂટતી નથી. મારા પર કૃપા કરો. પ્રભુને આ પ્રમાણે પ્રાર્થના કરશો તો પ્રભુ જરૂર સાંભળશે. બાળક જીવ વિચારમાં પડી જાય છે કે, શું મારા જેવા બાળને ભગવાન મળે? સુનીતિ કહે છે, કે મળે! ભગવાન વેશ જોતા નથી, ઉંમર જોતા નથી. માત્ર હૃદય જુએ છે. એ ભાષા નથી જોતા, માત્ર ભાવ જુએ છે. પ્રેમથી જે ઈશ્વરને પોકારે તેની સમક્ષ પરમાત્મા પ્રગટ થાય છે.આતુરતા વગર ભગવાન મળતા નથી. આરતી પણ આર્ત બનીને ઉતારો. ઉપનિષદમાં ઈશ્વરે કહ્યું છે, આ જીવ મારો પુત્ર છે. એ અમૃતનો પુત્ર જીવને મારી ગોદમાં લેવા હું તૈયાર છું; પણ તે મારી પાસે આવતો નથી. શ્રીનાથજીનો ઊંચો કરેલો હાથ જોઈ એક વૈષ્ણવે તેઓને પૂછ્યું, હે શ્રીનાથજી બાબા, આપે એક હાથ ઊંચો કેમ રાખ્યો છે?ત્યારે શ્રીનાથજીએ કહ્યું, મારાં બાળકો બધાં ભૂલી ગયાં છે. હું તેઓને ઊંચો હાથ કરીને રોજ બોલાવું છું; પણ તેઓ મારી પાસે આવતા નથી. સુનીતિએ વિચાર કર્યો. બાળક મને તો વંદન કરે છે,પણ ઓરમાન માને સદભાવથી વંદના કરે તો તેનું કલ્યાણ થાય. કોઈ પ્રત્યે દ્વેષ રાખી ઈશ્વર આરાધના કરવા જાય તો આરાધના સફળ ન થાય. સુરુચિ માટે મનમાં અરુચિ રાખીને જાય, કુભાવ રાખી ને જાય તો તેના નારા યણનું ધ્યાન નહીં કરે. સુરુચિનું ધ્યાન કરશે. એટલે સુનીતિ ધ્રુવને સમજાવે છેકે,તું મારો ડાહ્યો દીકરો છે. બેટા, તારું અપમાન થયું તે મને તારા પૂર્વજન્મના કોઈ કર્મનું ફળ લાગે છે. લાભહાનિ, સુખદુઃખ, માનઅપમાન -આ બધા પૂર્વજન્મના કર્મોનું ફળ છે. જ્ઞાની હસતાં હસતાં એ સહન કરે છે. અજ્ઞાની રડતાં રડતાં એ સહન કરે છે. વાવ્યું તેવું મળે છે. માટે તારી ઓરમાન માને વડીલ સમજી વંદન કરીને એમના પણ આશીર્વાદ લઈ તું વનમાં જા. ભગવાન તારા પર જલદી પ્રસન્ન થશે. જે સુરુચિએ બાળકનું અપમાન કર્યું છેતેને વંદન કરવા સુનીતિ ધ્રુવને મોકલે છે. ધન્ય છે સુનીતિને! આનું નામ સુનીતિ. આવી સુનીતિ જેના ઘરમાં હોય તેના ઘરમાં કળિ જાય નહીં. પાંચ વર્ષનો બાળક ધ્રુવકુમાર ઓર માન માતા સુરુચિને વંદન કરવા આવે છે. સુરુચિ અક્કડમાં ગાદી ઉપર બેઠી છે. ધ્રુવજી તેને સાષ્ટાંગ વંદન કરે છે. પછી કહે છે, મા, હું વનમાં જાઉં છું. તમારા આશીર્વાદ લેવા આવ્યો છું. સુરુચિએ ઝટ ઝટ વિચાર કરી લીધો કે, જો ધ્રુવ અહીં રહેશે તો ઉત્તમના રાજ્યમાં ભાગ પડાવશે એટલે તે બોલી, બહુ સારું, જા મારા આશીર્વાદ છે. બાળક વંદન કરે છેતો પણ સુરુચિના દિલમાં કાંઈ લાગણી થતી નથી સ્વભાવને સુધારવો કઠણ છે. કારણ કે કસ્તૂરીની ક્યારી કરી, કેસરનું ખાતર નાખી ગુલાબજળની સિંચાઈ કરવામાં આવે તોયે ડુંગળી તો ડુંગળી જ રહેશે. સત્કર્મનું પુણ્ય અતિશય ન વધે ત્યાં સુધી સુધરે નહીં. માતા સુનીતિ પાંચ વર્ષના બાળકને વનમાં તપશ્ચર્યા કરવા મોકલે છે ત્યારે આજની માતાઓબાળકોને સિનેમા જોવા મોકલે છે! સિનેમા જોવાથી આંખ બગડે, શરીર બગડે મન બગડે અને અંતે જીવન બગડે છે. પૈસા ખર્ચીને બધો બગાડ ખરીદવો એ કેવી વાત? આ હસવાની વાત નથી, રડવાની વાત છે. બાળક ચરિત્રહીન પાકે તો એમાં માતાનો વાંક, મૂર્ખ પાકે તો પિતાનો વાંક, કંજૂસ પાકે તો વંશનો વાંક અને દરિદ્ર પાકે તો બાળકનો પોતાનો વાંક સમજવો. બે માતાઓના આશીર્વાદ મેળવી પાંચ વર્ષનો ધ્રુવકુમાર વનમાં જાય છે. મનમાં વિચારે છે કે,વનમાં વાઘ વરુ મને મારશે તો નહીં ને? જવાબમાં એનું મન કહે છે, ના, ના હું એકલો નથી.મારી માએ મને કહ્યું છે કે,તું જ્યાં જાય ત્યાં નારાયણ તારી સાથે છે. સર્વને વંદન કરીને સર્વના આશી ર્વાદ મેળવીને ઘર છોડી જાય છે, તેને રસ્તામાં સંત મળે છે. ઝઘડો કરીને જાય તેને સંત મળતા નથી. કેટલાક ઝઘડો થાય એટલે ઘર છોડે છે અને બાવા બને ન થાય. સુરુચિ માટે મનમાં અરુચિ રાખીને જાય, કુભાવ રાખીને જાય તો તેના નારાયણનું ધ્યાન નહીં કરે. સુરુચિ નું ધ્યાન કરશે.એટલે સુનીતિ ધ્રુવને સમજાવે છે કે, તું મારો ડાહ્યો દીકરો છે. બેટા, તારું અપમાન થયું તે મને તારા પૂર્વજન્મના કોઈ કર્મનું ફળ લાગે છે. લાભહાનિ, સુખ દુઃખ, માનઅપમાન -આ બધા પૂર્વજન્મના કર્મોનું ફળ છે. જ્ઞાની હસતાં હસતાં એ સહન કરે છે. અજ્ઞાની રડતાં રડતાં એ સહન કરે છે. વાવ્યું તેવું મળે છે.માટે તારી ઓરમાન માને વડીલ સમજી વંદન કરીને એમના પણઆશીર્વાદ લઈ તું વનમાં જા. ભગવાન તારા પર જલદી પ્રસન્ન થશે. જે સુરુચિ એ બાળકનું અપમાન કર્યું છે તેને વંદન કરવા સુનીતિ ધ્રુવને મોકલે છે. ધન્ય છે સુનીતિને! આનું નામ સુનીતિ. આવી સુનીતિ જેના ઘરમાં હોય તેના ઘરમાં કળિ જાય નહીં. પાંચ વર્ષનો બાળક ધ્રુવકુમાર ઓરમાન માતા સુરુચિને વંદન કરવા આવે છે. સુરુચિ અક્કડમાં ગાદી ઉપર બેઠી છે. ધ્રુવજી તેને સાષ્ટાંગ વંદન કરે છે. પછી કહે છે, મા,હું વનમાં જાઉં છું. તમારા આશીર્વાદ લેવા આવ્યો છું. સુરુચિએ ઝટ ઝટ વિચાર કરી લીધો કે, જો ધ્રુવ અહીં રહેશે તો ઉત્તમના રાજ્યમાં ભાગ પડાવશે એટલે તે બોલી,બહુ સારું, જા મારા આશીર્વાદ છે. બાળક વંદન કરે છે તો પણ સુરુચિના દિલમાં કાંઈ લાગણી થતી નથી. સ્વભાવને સુધારવો કઠણ છે. કારણ કે કસ્તૂરીની ક્યારી કરી, કેસરનું ખાતર નાખી ગુલાબજળની સિંચાઈ કરવામાં આવે તોયે ડુંગળી તો ડુંગળી જ રહેશે. સત્કર્મનું પુણ્ય અતિશય ન વધે ત્યાં સુધી સુધરે નહીં. માતા સુનીતિ પાંચ વર્ષના બાળકને વનમાં તપશ્ચર્યા કરવા મોકલે છે ત્યારે આજની માતાઓબાળકોને સિનેમા જોવા મોકલે છે! સિનેમા જોવાથી આંખ બગડે, શરીર બગડે મન બગડે અને અંતે જીવન બગડે છે. પૈસા ખર્ચીને બધો બગાડ ખરીદવો એ કેવી વાત? આ હસવાની વાત નથી, રડવાની વાત છે. બાળક ચરિત્રહીન પાકે તો એમાં માતાનો વાંક, મૂર્ખ પાકે તો પિતાનો વાંક, કંજૂસ પાકે તો વંશનો વાંક અને દરિદ્ર પાકે તો બાળકનો પોતાનો વાંક સમજવો. બે માતાઓના આશીર્વાદ મેળવી પાંચ વર્ષનો ધ્રુવકુમાર વનમાં જાય છે.મનમાં વિચારે છે કે,વનમાં વાઘ વરુ મને મારશે તો નહીં ને? જવાબમાં એનું મન કહે છે, ના, ના હું એકલો નથી. મારી માએ મને કહ્યું છે કે, તું જ્યાં જાય ત્યાં નારાયણ તારી સાથે છે. સર્વને વંદન કરીને સર્વના આશીર્વાદ મેળવીને ઘર છોડી જાય છે,તેને રસ્તામાં સંત મળે છે. ઝઘડો કરીને જાય તેને સંત મળતા નથી. કેટલાક ઝઘડો થાય એટલે ઘર છોડે છે અને બાવા બને છે.આવા બાવાના બંને બગડે છે. રસ્તામાં ધ્રુવજીને નારદજી મળે છે ધ્રુવજી વિચાર કરે છે કે,આ કોઈ સંત લાગે છે. માતાએ સારા સંસ્કાર પાડેલા. રસ્તામાં કોઈ સાધુ મળે તેને સાષ્ટાંગ પ્રણામ કરવા. ધ્રુવજી નારદજીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. પ્રણામ સાષ્ટાંગ એટલે શું? પ્રકૃતિ અષ્ટધા છે. તે આઠે પ્રકૃતિથી પરમાત્મામાં મળી જવાની ઈચ્છા બતાવવા સાષ્ટાંગ પ્રણામ થાય છે. પ્રણામથી આત્મનિવેદન થાય છે. અધિકારી શિષ્યને સદગુરુ રસ્તામાં જ મળે છે. સદગુરુ તત્ત્વ અને ઈશ્વર વ્યાપકને શોધવાની જરૂર પડતી નથી, તેમને ઓળખવાની જરૂર છે. બાળકનો વિનય જોતાં નારદજીને અતિશય આનંદ થયો. તેમણે ધ્રુવના માથા ઉપર હાથ મૂક્યો. કોઈ મહાપુરુષનો હાથ મસ્તક ઉપર આવે છે ત્યારે મનના વિકારો શાંત થાય છે. ધ્રુવ વિચારે છે કે,મારી માના આશીર્વાદથી રસ્તામાં મને બીજીમા મળી ગઈ છે, એક મા બાળકને સ્તનપાન કરાવી પુષ્ટિ આપે છે. ગુરુરૂપી મા કાયમને માટે સ્તનપાન છોડાવે છે એટલે જન્મમરણના ત્રાસમાંથી મુક્તિ અપાવે છે. ફરી કોઈ વખત જન્મ લઈ સ્તનપાન કરવું ન પડે. સ્તનપાન કરાવનાર મા શ્રેષ્ઠ કે સ્તનપાન છોડાવનાર મા શ્રેષ્ઠ? ગુરુ શ્રેષ્ઠ છે? નારદજી પૂછે છે કે, બેટા તું ક્યાં જાય છે?જવાબમાં ધ્રુવજી કહે છે કે, હું ભગવાનના દર્શન માટે વનમાં તપસ્યા કરવા જાઉં છું. મારી માએ કહ્યું છે કે,મારા પિતા નારાયણ છે. હું મારા પિતા નારાયણની ગોદમાં બેસવા જાઉં છું. આ સાંભળી નારદજી પ્રસન્ન થાય છે. તેઓ ધ્રુવના નિશ્ચયની પરીક્ષા કરે છે. સદગુરુ શિષ્યની પરીક્ષા કરે છે પછી ઉપદેશ આપે છે. નારદજી બોલ્યા, તું બાળક છે. બાલ્યાવસ્થા તો રમવા માટે છે. ભગવાનને પ્રસન્ન કરવાનું સહેલું નથી. મોટામોટા પુરુષો માટે આ કામ દુરારાધ્ય છે. અરે મોટામોટા ઋષિઓ અનેક જન્મથી ઈશ્વરનું આરાધન કરે છે.તેને પણ ભગવાન મળતા નથી. મોટા મોટા મુનિઓ પણ ભગવાનના માર્ગને શોધે છે, છતાં તેને જાણી શકતા નથી. માટે તું એ વાત છોડ. ઘરે પાછો જા.

# ૨૦૧૩માં ક્રિતિકા કામરાએ ધર્મા પ્રોડક્શનની ફિલ્મથી ડેબ્યુની તક ગુમાવી

ક્રિતિકા કામરા હાલ તેની ધર્મા પ્રોડક્શનની ફિલ્મ ‘ગ્યારાહ-ગ્યારાહ’ની રિલીઝની તૈયારી કરી રહી છે. આ તેની કરણ જોહરના પ્રોડક્શન હાઉસ સાથે પહેલી ફિલ્મ છે, પરંતુ ઘણા લોકો જાણતા નથી કે કૃતિકાની પહેલી બોલિવૂડ ફિલ્મ પણ ધર્મા પ્રોડક્શનની જ હતી. ૨૦૧૩માં આ ફિલ્મની જાહેરાત થઈ હતી પરંતુ તે ફિલ્મનું શૂટિંગ શરૂ થાય એ પહેલાં જ ફિલ્મ અટકી ગઈ હતી. તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં ક્રિતિકાએ આ અંગે ખુલાસો કર્યો છે. તે ફિલ્મ મીરા નાયરની ‘વેનિટી ફેર’ની હિન્દી રીમેક હતી, જે કરણ જોહર અને એકતા કપૂર સાથે મળીને પ્રોડ્યુસ કરવાના હતા. આ ફિલ્મ અક્ષય રોય ડિરેક્ટ કરવાના હતા અને આ ફિલ્મ ક્રિતિકા અને ઈમરાન હાશ્મીની પહેલી ફિલ્મ બની ગઈ હોત. તેમાં ક્રિતિકાનો સેકન્ડ લીડ રોલ હતો. ક્રિતિકાએ ૨૦૧૮માં ‘ધ મિત્રો’ સાથે ફિલ્મોમાં ડેબ્યુ કર્યુ. ત્યારે હવે ક્રિતિકાએ પહેલી ફિલ્મ વિશે ખુલાસો કરતાં કહ્યું,“મેં સાઈન કરેલી એ પહેલી ફિલ્મ હતી. અમે તૈયારીઓ કરી લીધી હતી અને બધાનાં સાથે રિડીંગ પણ થઈ ગયાં હતાં. બધાનાં શિડ્યુલ પણ બની ગયાં હતાં. પરંતુ પછી વ્યાપારી કારણોસર ફિલ્મ બની જ નહીં.” ક્રિતિકાએ કબૂલ્યું કે આ ઘટનાથી તે ઘણી નિઃરાશ થઈ ગઈ હતી. કારણ કે એ વખતે તેણે ટીવીમાં કામ કરવાનું છોડી દીધું હતું અને તે ફિલ્મ માટે ઘણા બધાં ઓડિશન આપતી હતી. “ધર્માની ફિલ્મથી તમે ડેબ્યુ કરો એ બહુ મોટી વાત છે. બધું નક્કી થઈ ગયું, શૂટ શરૂ થવાનું હતું અને અચાનક બધું અટકી ગયું તેનાથી હું બહુ જ નિઃરાશ થઈ ગયો હતો.” જોકે, પછી ક્રિતિકાએ ‘ભીડ’ સહિતની ફિલ્મોમાં કામ કર્યું. ક્રિતિકા કહે છે,“બધું જે પણ રીતે આગળ વધ્યું તેનાથી પણ હું ખુશ જ છું. પરંતુ મારા નસીબમાં ધર્મા સાથે કામ કરવાનું હતું, તેથી મને હવે ‘ગ્યારા ગ્યારા’માં કામ કરવાની તક મળી. બધું જ યોગ્ય સમયે જ થાય છે.

# આમિર ખાને ‘મહારાજા’ ફિલ્મની હિન્દી રીમેકના રાઈટ્સ ખરીધા

## ફોરેસ્ટ ગમ્પની રીમેક ‘લાલસિંઘ ચઢ્ઢા’ ફ્લોપ રહી હતી પરંતુ હવે તેનો સેતુપતિની ‘મહારાજા’ ફિલ્મની રીમેક બનાવવાનો ઈરાદો છે

વિજય સેતુપતિની ફિલ્મ ‘મહારાજા’ સાઉથ ઈન્ડિયન બોક્સઓફિસ પર હિટ સાબિત થઈ છે. આ તમિલ ફિલ્મે સરળતાથી ૧૦૦ કરોડ ક્લબમાં એન્ટ્રી કરી લીધી છે. હિન્દી ડબિંગ થીયેટરમાં રિલીઝ થયું નથી. આમ છતાં આ ફિલ્મને ૧૦૯.૦૧ કરોડની કમાણી થઈ છે. ‘મહારાજા’થી ઈમ્પ્રેસ થઈને આમિર ખાને હિન્દી રીમેકના રાઈટ્સ ખરીદ્યાં હોવાના રિપોર્ટ્સ છે. હાલ સાઉથ ઈન્ડિયન ફિલ્મો નોર્થ ઈન્ડિયન ઓડિયન્સમાં પણ સારી ચાલી રહી છે, અને તેમના સુધી યોગ્ય રીતે પહોંચી રહી છે. આમિરની ‘ફોરેસ્ટ ગમ્પ’ની રીમેક ‘લાલસિંઘ ચઢ્ઢા’ ફ્લોપ રહ્યાં બાદ આમિરની ‘મહારાજા’ની રીમેકના નિર્ણયને સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. ‘મહારાજા’એ થિએટર રિલીઝમાં ૧૦૦ કરોડની કમાણી કર્યા બાદ આ ફિલ્મ ઓટીટી પર પણ ખૂબ સારું પ્રદર્શન કરી રહી છે. કેટલીક ટેલિગ્રામ ચેનલ પર તેનું હિન્દી ડબિંગ પણ આવી ગયું છે. આ સંજોગોમાં વધુ એક રીમેક બનાવવાનો આમિરનો નિર્ણય જોખમી સાબિત થઈ શકે છે. ‘મહારાજા’ નિથિલિયન સામિનાથન દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે, જેમાં અનુરાગ કશ્યપે પણ કામ કર્યું છે. જેનાં ઓફિશિયલ સિનોપ્સીસ મુજબ,“એક વાળંદનું ઘર લૂંટાઈ જાય છે, તેથી તે બદલો લેવાનું નક્કી કરે છે, જેથી તે પોલિસને ચાલાકીપૂર્વક કહે છે કે તેની ‘લક્ષ્મી’ કોઈ લઈ ગયુ છે, જેથી પોલિસ મૂંઝવણમાં મુકાય છે કે આ કોઈ વ્યક્તિ છે કે વસ્તુ છે. આ ફિલ્મમાં તેની ‘લક્ષ્મી’ની શોધ દર્શાવાઈ છે.” આ અંગે આમિરનો દૃષ્ટિકોણ એવો હોઈ શકે કે, આમિર ફિલ્મમેકિંગ માટે બારીકીપૂર્ણ કામ કરવા માટે જાણીતો છે, જે આ ફિલ્મમાં તે તેની અનોખી સ્ટાઈલ સાથે મૂળ ફિલ્મની સફળતાને હાથવગી કરવાનો હેતુ ધરાવે છે, કેટલીક નિષ્ફળતાઓને જોઈને દર્શકોની માનસિકતા એવી બની છે કે, મૂળ ફિલ્મની રીમેકને મૂળ ફિલ્મ જેવી બનાવવી એ એક પડકારરૂપ કામ છે. બોલિવૂડનો સાઉથની સફળ ફિલ્મોની રીમેકનો ઈતિહાસ મિશ્ર પરિણામો વાળો રહ્યો છે. આમિર ખાન લીડ રોલમાં હતો એવી ‘ગજની’ કે ‘કબીર સિંગ’ બ્લોકબસ્ટર રહેલી છે. જ્યારે ‘જર્સી’, ‘બચ્ચન પાંડે’, તાજેતરમાં આવેલી ‘સરફિરા’ને ખાસ સફળતા મળી નથી. આમ સાઉથની રીમેકને સફળતા મળવાની કોઈ ખાતરી ન હોવાથી દર્શકો પણ આ પ્રકારની ફિલ્મોને પહેલી નજરે શંકાની દૃષ્ટિએ જ જુએ છે. સાથે દર્શકો આમિરથી થોડા એ મુદ્દે પણ નિઃરાશ છે કે તેણે પોતાની ફિલ્મોના ઈતિહાસમાં સૌથી નિષ્ફળ રીમેક ‘લાલસિંઘ ચઢ્ઢા’ બનાવી તેમાંથી પણ તેણે સીખ લીધી નથી. જે ઓસ્કાર વિનિંગ ફિલ્મ‘ફોરેસ્ટ ગમ્પ’ની ઓફિશિયલ રીમેક હતી. જોકે, ઓડિયન્સ વચ્ચે કલ્ચર અને ભાષાના ભેદને કારણે બે ફિલ્મોએ ઓડિયન્સ પર છોડેલી છાપમાં પણ ફરક પડી જાય છે. તો ફિલ્મને રીમેક માટે અપનાવતી વખતે આ વિવેક ચૂકી જવાય તો તમારી ફિલ્મ ‘લાલસિંઘ ચઢ્ઢા’ જેવી નિષ્ફળ ફિલ્મ બની શકે છે.




# માલવિકા મોહનનને ‘થંગલમ’ફિલ્મના શૂટ પછી 5 ડોક્ટરને મળવું પડ્યું

માલવિકા મોહનન સાઉથ ઈન્ડિયન લેન્ગવેજીસની ઘણી ફિલ્મો માટેની જાણીતી અભિનેત્રી છે. તેમજ તે મલયાલી ફિલ્મોના સિનેમેટોગ્રાફર કે યૂ મોહનની દિકરી છે. તે હવે પીએ રણજીથની ફીલ્મ ‘થંગલમ’માં આવી રહી છે. આ ફિલ્મના પ્રમોશન વખતે તેણે જણાવ્યું છે કે, ‘થંગલમ’ ફિલ્મનાં કોલારના શૂટ પછી તેને પાંચ ડોક્ટરની મુલાકાત લેવી પડી હતી. તેણે જણાવ્યું,“કોલારમાં શૂટિંગ બહુ જ લાંબુ અને હેક્ટિક હતું, એ પૂરૂં કર્યા પછી મારે કમ સે કમ પાંચ ડોક્ટરને મળવું પડ્યું હતું, જેમાં એક ચામડીના અને એક આંખના ડોક્ટરનો પણ સમાવેશ થાય છે. હકીકત એવી છે કે મારે મેક અપ માટે દરરોજના ચારથી પાંચ કલાક બેસવું પડતું હતું. તેમાં મારા બૉડીનો મેકઅપ થતો, મારા શરીર પર ટેટુ બનતાં, કોસ્ચ્યુમ અને વિગ પેહરવી પડતી હતી. આ બધામાં તમારા ચહેરા પર બહુ જ વધારે પડતો મેક અપ લગાવાય છે અને તે ચહેરા પર લગભગ દસ કલાક સુધી રહે છે. મને બધે જ ઉઝરડાં પડી ગયાં હતાં. એ સિવાય અમે લગભગ આખો દિવસ ખુલ્લામાં અને સૂર્યના તાપમાં શૂટ કરતાં હતાં. કોઈ છત્રીનો ઉપયોગ કરવામાં આવતો નહોતો. એ વખતે અમને આવું બધું વિચારવાનો સમય પણ મળતો નહોતો. પછી તમે જેવા રૂમ પર પાછા આવો છો તો તમે તમારી જાતને જોયો કરો છો અને શરીર અને ચહેરા પરે અહીં અને ત્યાં દાઝેલાં અને વાગેલાં નિશાન જુઓ છો.” બીજા એક ઈન્ટરવ્યૂમાં તેણે પીએ રણજીથ સાથેના અનુભવો વિશે કહ્યું,“એક સીનમાં ભેંસ સાથે શૂટ કરવાનું હતું. હું શૂટ માટે તૈયાર થતી હતી અને મેં આ ભેંસ જોઈ. રણજીથ સરે મને પૂછ્યું મને એ ગમી કે નહીં. જ્યારે મેં હકારમાં જવાબ આપ્યો તો એમણે મને એની પાસે જઈને એના પર બેસી જવા કહ્યું. મને લાગ્યું એ મજાક કરે છે પણ એમણે ફરી એવું કરવા કહ્યું. મેં એમને કહ્યું કે, હું ભેંસ પર ક્યારેય બેઠી નથી.

**શહેનાઝે કહ્યું, તેને નકારાત્મક એનર્જીની હાજરી અનુભવાઈ**

# શહેનાઝ ગિલને હોટલમાં ભૂતનો અનુભવ થયો

## શહેનાઝ બિગબોસ શો અને કેટલીક ઓટીટી ફિલ્મોથી ખાસ જાણીતી થયેલી એક્ટ્રેસ છે



શહેનાઝ બિગબોસ શો અને કેટલીક ઓટીટી ફિલ્મોથી ખાસ જાણીતી થયેલી એક્ટ્રેસ છે. હાલમાં તે યુએસમાં પ્રવાસ કરી રહી છે. શેહનાઝને ઈન્ટરનેશનલ ટુરિંગ ખૂબ ગમે છે. તેણે એક ટુર દરમિયાન મિયામીનીહોટલની રૂમમાં ભૂતનો અનુભવ કર્યો હોવાનું જણાવ્યું હતું. શેહનાઝે કહ્યું હતું કે, આ રૂમમાં કેટલીક નકારાત્મક શક્તિઓ તેની આસપાસ હોય તેવું લાગ્યું હતું. શહેનાઝે શેર કરેલા ફોટોગ્રાફસમાં તે પોતાના ભાઈ શાહબાઝ અને પરિવાર સાથે મિયામીની ગલીઓમાં ફરતી દખાઈ હતી. તેમાં તેણે એક મેક અપ સ્ટોરની મુલાકાત લીધી અને એક રેસ્ટોરાંમાં રોકાઈને ગાજરનો જ્યૂસ પીધો હોવાનું પણ બતાવ્યું હતું. તે આ ગલીઓમાં ફરતી હતી, ત્યારે તેણે પોતાની કઝિનને આગલી રાત્રે થયેલાં અનુભવ વિશે વાત કરવા કહ્યું. તેની કઝિને કહ્યું,“કાલે રાત્રે રૂમમાં ભૂત હતું.” શહેનાઝે આગળ વર્ણન કરતાં કહ્યું,“ગાય્ઝ, અમને કશોક અનુભવ થયો છે. અમારા રૂમમાં અમુક નકારાત્મક શક્તિઓ છે. હવે આ આપણને સારી રીતે સમજાવશે અને કહેશે કે શાહબાઝે શું કર્યુ.” તેની કઝિને કહ્યું કે, તેઓ કઈ રીતે અડધી રાત્રે ઊંઘ્યા હતા અને વિચિત્ર અવાજથી તેમની ઊંઘ ઉડી ગઈ. શહેનાઝે ઉમેર્યું કે શાહબાઝ એટલો ડરી ગયો હતો કે, જ્યાં સુધી બધાં જ રૂમમાં નહીં આવે ત્યાં સુધી તે રૂમમાં પાછો આવશે નહીં. આવું કરવા પાછળ તેણે એવી સ્પષ્ટતા આપી કે,“હું જ સુરક્ષિત ન હોય તો હું તમને કઈ રીતે સુરક્ષિત રાખી શકું?” શહેનાઝે શેર કરેલા વ્લોગમાં તેને બીચ પર ફરતી અને ફૅન્સને ખુલ્લા મને આવકારતી જોઈ શકાય છે. શહેનાઝની ફિલ્મોની વાત કરવામાં આવે તો છેલ્લે શહેનાઝે ‘કિસિ કા ભાઈ કિસી કી જાન’ અને ‘થેંક યુ ફોર કમિંગ’માં કામ કર્યું હતું.



# ડેડપૂલ અને વોલ્વરાઇનની પ્રથમ પ્રતિક્રિયા વાયરલ થઈ

ડાયરેક્ટર શૉન લેવી દ્વારા બનાવવામાં આવેલી ફિલ્મ ‘ડેડપૂલ એન્ડ વોલ્વરિન’ના પ્રથમ રિવ્યુ સામે આવ્યા છે. અભિનેતા રેયાન રેનોલ્ડ્સ ફિલ્મમાં ડેડપૂલની ભૂમિકા ભજવે છે. તો અભિનેતા હ્યુ જેકમેન ફરી એકવાર તેના એક્સ-મેન હીરો વોલ્વરાઈનના રોલમાં જોવા મળે છે. માર્વેલ સિનેમેટિક યુનિવર્સની લેટેસ્ટ ફિલ્મ ‘ડેડપૂલ એન્ડ વોલ્વરાઈન’ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવા માટે તૈયાર છે. આ ફિલ્મનું વર્લ્ડ પ્રીમિયર ન્યૂયોર્કમાં થયું હતું અને હવે તેની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. ‘ડેડપૂલ એન્ડ વોલ્વરાઈન’એ દર્શકોના મન ફાડી નાખ્યા છે. સોશિયલ મીડિયા પર આની ખૂબ ચર્ચા થઈ રહી છે. યુઝર્સે તેને માર્વેલની શ્રેષ્ઠ ફિલ્મ ગણાવી છે. હોલીવુડના સ્ટાર્સ તેમજ વિવેચકો અને મહેમાન પ્રેક્ષકોએ ડિરેક્ટર શોન લેવીની ફિલ્મ ‘ડેડપૂલ એન્ડ વોલ્વરાઈન’ના ન્યૂયોર્ક પ્રીમિયરમાં હાજરી આપી હતી. અભિનેતા રેયાન રેનોલ્ડ્સ ફિલ્મમાં ડેડપૂલની ભૂમિકા ભજવે છે. તો અભિનેતા હ્યુ જેકમેન ફરી એકવાર તેના એક્સ-મેન હીરો વોલ્વરાઈનના રોલમાં જોવા મળે છે. ફિલ્મ જોયા પછી બધાએ સોશિયલ મીડિયા પર તેના વિશે વાત કરવાનું શરૂ કર્યુ. ફિલ્મને લઈને અલગ-અલગ યુઝર્સે પોત-પોતાના મંતવ્યો શેર કર્યા છે. એક યુઝરે ટ્વીટ કર્યુ, ‘ડેડપૂલ અને વોલ્વરાઈન પરફેક્ટ છે. કોઈ નોંધ નથી. આ અત્યાર સુધીની શ્રેષ્ઠ કોમિક બુક મૂવી છે. એન્ડ ગેમ પછી માર્વેલ દ્વારા બનાવવામાં આવેલી આ શ્રેષ્ઠ ફિલ્મ છે. હું આશા રાખું છું કે ફિલ્મમાં કોઈ સરપ્રાઈઝ બગાડે નહીં. કોમિક બુકના ચાહકો માટે આ ખૂબ જ ખાસ છે. બીજાએ ટ્વિટ કર્યુ, ‘ડેડપૂલ અને વોલ્વરાઈન નોસ્ટાલ્જીયાથી ભરપૂર છે, જેની તમે રાહ જોઈ રહ્યાછો. જો તમે પણ સુપરહીરોની ફિલ્મો જોઈને કંટાળી ગયા હોવ તો આ તમને હચમચાવી નાખશે. આ જોઈને તમે હસશો, રડશો અને ચીસો પણ પાડશો.



**આલિયા, પ્રિટી સહિતનાં કલાકારોએ પહેલું મેડલ અપાવનારી મનુને સ્ટાર ગણાવી**

# ઓલમ્પિકમાં મેડલ જીતવા બદલ મનુને અભિનંદન પાઠવ્યાં હતા

બોલિવૂડ સ્ટાર્સ જેવા કે કરીના કપૂર, આલિયા ભટ્ટ, અનુષ્કા શર્માએ ભારતનાં ગૌરવ મનુ ભાકરને પેરિસ ઓલમ્પિક ૨૦૨૪માં પહેલું મેડલ જીતવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં. મનુ ભાકરે પેરિસ ઓલમ્પિક ૨૦૨૪માં ૨૮ જુલાઈ, રવિવારે વીમેન્સ ૧૦ મીટર પિસ્તોલ શૂટિંગમાં ભારત માટે બ્રોન્ઝ મેડલ જીતીને દેશને ગૌરવ અપાવ્યું છે. તેની આ જીતને ધ્યાનમાં લઈને બોલિવૂડ સેલેબ્રિટીઝે તેને સોશિયલ મીડિયા પર અભિનંદન પાઠવ્યા હતાં. ૨૦૨૪ના ઓલમ્પિકમાં મેડલ જીતનારી પહેલી મહેલા બનીને મનુ ભાકરે ઈતિહાસ રચ્યો છે. કરીના કપૂરે ઈન્સ્ટાગ્રામ પર મનુને અભિનંદન આપતી સ્ટોરી પોસ્ટ કરી હતી. તેણે લખ્યું,“ફર્સ્ટ હોમ વિન. અભિનંદન મનુ ભાકર, તે અમને બધાને ખૂબ ગૌરવાન્વિત અનુભવ કરાવ્યો છે.” અનુષ્કા શર્માએ પણ આ બ્રોન્ઝ વિજેતા માટે પોતાના ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી પોસ્ટ કરી હતી. તેણે લખ્યું, “શૂટિંગ ફોર ધ સ્ટાર્સ એન્ડ ક્રિએટિંગ હિસ્ટ્રી. અભિનંદન મનુ ભાકર, અમને બધાને તારા પર ખૂબ ગૌરવ છે.” આલિયા ભટ્ટે પણ અભિનંદન આપતી પોસ્ટ લખી હતી,“આપણું પહેલું મેડલ આવી ગયું છે. આ અદ્દભુત સિદ્ધી પર ખૂબ અભિનંદન.” અર્જુન કપુર પણ આ લહેરમાં જોડાઈ ગયો હતો અને લખ્યું હતું, “અમેઝિંગ મનુ ભાકરને અભિનંદન. કીપ પૂશિંગ બાઉન્ડ્રીઝ એન્ડ મેકિંગ હિસ્ટ્રી.” સિદ્ધાર્થ મલ્હોત્રાએ પણ અભિનંદન આપતાં લખ્યું હતું, “અભિનંદન મનુ ભાકર, તું એક સ્ટાર છે. ભારતની ટીમને કેવી જોરદાર શરૂઆત અપાવી છે, ઉત્તરોત્તર આગળ વધતાં રહો.” મનુને તાપસી પન્નુ અને પ્રિટી ઝીંટા સહિતના કલાકારોએ પણ અભિનંદન આપ્યા હતા. ૨૦૨૦ના ટોક્યો ઓલમ્પિકમાં તેનું સાધન ખોટવાતાં મનુ ભાકરને નિરાશા સાંપડી હતી અને તે મેડલ ચૂકી ગઈ હતી. ૧૦ મીટર પિસ્તોલની ક્વોલિફાયિંગ મૅચ વખતે તેની પિસ્તોલ ચોંટી ગઈ હતી, જેના કારણે તેના પ્રદર્શન પર બહુ જ વધારે અસર કરી હતી. આ સાથે તે મિક્સ્ડ ટીમ ૧૦ મીટરમાં અને ૨૫ મીટરમાં પણ ક્વોલિફાય થવાથી ચૂકી ગઈ હતી. ત્યારે આ તેના માટે ઐતિહાસિક સિદ્ધિ સાબિત થઈ છે.



**ફરાહ ખાનના માતાનું નિધન થયું, ત્યારે પણ રિતિક એકલો જ ગયો હતો**

# શું રિતિક અને સબાનું બ્રેક અપ થઈ ગયું?

## રિતિક અને સબા લાંબા સમયથી જાહેરમાં સાથે દેખાયાં નથી, જેના કારણે અટકળોને વેગ મળ્યો

લગભગ દોઢ વર્ષ પહેલાં રિતિક રોશન અને સબા આઝાદે વિવિધ કાર્યક્રમોમાં એક સાથે હાજરી આપીને અને પાપરાઝીને એક સાથે ફોટો આપીને ક્યારેય કન્ફર્મ કર્યા વિના પણ પોતાની રિલેશનશીપ ઓફિશિયલ કરી દીધી હતી. રિતિક-સબાના આ અંદાજથી પરિચિત થયેલાં કેટલાક નેટિઝન્સને લાગે છે કે, તેઓ ઓફિશિયલ એનાઉન્સમેન્ટ વગર હવે અલગ પણ થઈ ગયાં છે. રિતિક રોશન અને સબા આઝાદ સંબંધઓમાં મુશ્કેલી અને પડકારોનો સામનો કરી રહ્યાં હોવાની અટકળો છે. ખાસ કરીને છેલ્લાં કેટલાંક સમયથી રિતિક રોશન કેટલીક હાઈ પ્રોફાઈલ ઈવેન્ટ જેમકે, અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નની ઉજવણી જેવી ઈવેન્ટમાં એકલો જ જોવા મળ્યો હતો. આ ઉપરાંત તાજેતરમાં જ ફરાહ ખાનના માતાનું નિધન થયું, ત્યારે પણ રિતિક એકલો જ ગયો હતો. ત્યાં સબા આઝાદની ગેરહાજરીની લોકોએ નોંધ લીધી હતી. જોકે, હજુ પણ રિતિક રોશન સબા આઝાદ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર ફોટો કે વર્ક અનાઉન્સમેન્ટ કરતી પોસ્ટ કરે તો લાઈક તો કરે જ છે. તેથી નેટીઝન્સ માને છે કે તેમના સંબંધો તૂટવાના આરે છે. થોડાં વખત પહેલાં સબાએ ઈન્સ્ટા સ્ટોરીમાં લખ્યું હતું કે, તેણે રિતિકને ડેટ કરવાનું શરૂ કર્યુ ત્યાર પછી તેને વોઈસ ઓવરનું કામ મળવાનું બંધ થઈ ગયું છે. તેને કામની જરૂર નથી એવી લોકોની ધારણાની તેણે ટીકા કરી હતી. સબાએ પોતાની અકળામણ રજૂ કરી હતી અને બે વર્ષ પછી રેકોર્ડિંગનું કામ મળ્યું તેની તસવીરો શેર કરી હતી. તેણે ગુસ્સો વ્યક્ત કરતાં કહ્યું હતું કે ઈન્ડસ્ટ્રીમાં લોકો એવું કેમ માની લેતાં હશે કે એક મહિલા કોઈ સફળ પાર્ટનર સાથે રિલેશનશિપમાં હોય તો તેને પોતાની જાત માટે કે પરિવાર માટે કોઈ સપોર્ટની જરૂર નહીં હોય. કેટલાંક યુઝર્સ માને છે કે સમયાંતરે તેમની વચ્ચે બ્રેક અપ થઈ ગયું છે, તો કેટલાંક એવું પણ માને છે કે સબા એક સ્વમાની વ્યક્તિ છે, તેથી તેણે તેના કામને પ્રમોટ નહીં કરવા રિતિકને જણાવ્યુ હશે.





**દેશભક્તિની ફિલ્મોનો ઓવરડોઝ થઈ જતાં કરણે રાહ જોવાનું વિચાર્યું**

# સલમાન અને કાર્તિકની ફિલ્મ ટલ્લે ચડી, કરણ જોહરે પ્લાન પોસ્ટપોન કર્યો

ક્રિતિકા કામરા હાલ તેની ધર્મા પ્રોડક્શનની ફિલ્મ ‘ગ્યારાહ-ગ્યારાહ’ની રિલીઝની તૈયારી કરી રહી છે. આ તેની કરણ જોહરના પ્રોડક્શન હાઉસ સાથે પહેલી ફિલ્મ છે, પરંતુ ઘણા લોકો જાણતા નથી કે કૃતિકાની પહેલી બોલિવૂડ ફિલ્મ પણ ધર્મા પ્રોડક્શનની જ હતી. ૨૦૧૩માં આ ફિલ્મની જાહેરાત થઈ હતી પરંતુ તે ફિલ્મનું શૂટિંગ શરૂ થાય એ પહેલાં જ ફિલ્મ અટકી ગઈ હતી. તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં ક્રિતિકાએ આ અંગે ખુલાસો કર્યો છે. તે ફિલ્મ મીરા નાયરની ‘વેનિટી ફેર’ની હિન્દી રીમેક હતી, જે કરણ જોહર અને એકતા કપૂર સાથે મળીને પ્રોડ્યુસ કરવાના હતા. આ ફિલ્મ અક્ષય રોય ડિરેક્ટ કરવાના હતા અને આ ફિલ્મ ક્રિતિકા અને ઈમરાન હાશ્મીની પહેલી ફિલ્મ બની ગઈ હોત. તેમાં ક્રિતિકાનો સેકન્ડ લીડ રોલ હતો. ક્રિતિકાએ ૨૦૧૮માં ‘ધ મિત્રો’ સાથે ફિલ્મોમાં ડેબ્યુ કર્યું. ત્યારે હવે ક્રિતિકાએ પહેલી ફિલ્મ વિશે ખુલાસો કરતાં કહ્યું,“મેં સાઈન કરેલી એ પહેલી ફિલ્મ હતી. અમે તૈયારીઓ કરી લીધી હતી અને બધાનાં સાથે રિડીંગ પણ થઈ ગયાં હતાં. બધાનાં શિડ્યુલ પણ બની ગયાં હતાં. પરંતુ પછી વ્યાપારી કારણોસર ફિલ્મ બની જ નહીં.” ક્રિતિકાએ કબૂલ્યું કે આ ઘટનાથી તે ઘણી નિઃરાશ થઈ ગઈ હતી. કાર્તિક આર્યને ૨૦૨૩માં જાહેરાત કરી હતી કે તો કરણ જોહર અને એકતા કપૂર સાથે પહેલી વખત એપિક ‘વોર’ ફિલ્મમાં કામ કરી રહ્યો છે કારણ કે એ વખતે તેણે ટીવીમાં કામ કરવાનું છોડી દીધું હતું અને તે ફિલ્મ માટે ઘણા બધાં ઓડિશન આપતી હતી. “ધર્માની ફિલ્મથી તમે ડેબ્યુ કરો એ બહુ મોટી વાત છે. બધું નક્કી થઈ ગયું, શૂટ શરૂ થવાનું હતું અને અચાનક બધું અટકી ગયું તેનાથી હું બહુ જ નિઃરાશ થઈ ગયો હતો.” જોકે, પછી ક્રિતિકાએ ‘ભીડ’ સહિતની ફિલ્મોમાં કામ કર્યુ. ક્રિતિકા કહે છે,“બધું જે પણ રીતે આગળ વધ્યું તેનાથી પણ હું ખુશ જ છું. પરંતુ મારા નસીબમાં ધર્મા સાથે કામ કરવાનું હતું, તેથી મને હવે ‘ગ્યારા ગ્યારા’માં કામ કરવાની તક મળી. બધું જ યોગ્ય સમયે જ થાય છે. આ શો કરતી વખતે હું ૨૦૧૩ કરતાં વધુ તૈયાર અને સજ્જ હોય એવું લાગે છે.” આ ફિલ્મમાં ક્રિતિકા સાથે રાઘવ જુયાલ, આકાશ દિક્ષિત અને ધૈર્ય કરવા મુખ્ય રોલમાં હશે. આ ફિલ્મ કરણ જોહર અને ગુનીત મોંગા એક સાથે પ્રોડ્યુસ કરી રહ્યાં છે. આ એક ઈન્વેસ્ટિગેટિવ ફેન્ટસી થ્રિલર ફિલ્મ છે, જે ૯ ઓગસ્ટથી ઝીપ પર જોઈ શકાશે.



### વીર નર્મદ યુનિવર્સિટી ખાતે

# હોકી ઈન્ડિયા-વેસ્ટ ઝોન દ્વારા બીજી 'ઈન્ડિયા સબ જુનિયર મેન એન્ડ વુમન હોકી ચેમ્પિયનશિપ' યોજાઈ

## મધ્યપ્રદેશની ગર્લ્સ અને બોઇસ બંને ટીમો ફાઈનલમાં વિજેતા બની



। (માહિતી) નર્મદ, તા.૩૧ ।

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી-સુરત ખાતે હોકી ઈન્ડિયા-વેસ્ટ ઝોન દ્વારા ૨૩થી ૩૦ જુલાઈ સુધી સાત દિવસીય સબ જુનિયર મેન એન્ડ વુમન ચેમ્પિયનશિપ યોજાઈ હતી. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, દીવ, દાદરા અને નગર હવેલીની કુલ ૧૩ હોકી ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ૭ બોયઝ ટીમો અને ૬ ગર્લ્સ ટીમો સમાવિષ્ટ હતી. બોયઝ ટીમ અને ગર્લ્સ ટીમની ફાઈનલ ટુર્નામેન્ટ ૩૦ જુલાઈએ રમાઈ હતી. ગર્લ્સ ફાઈનલ મેચ મધ્યપ્રદેશ અને હોકી છત્તીસગઢ વચ્ચે રમાઈ, જેમાં મધ્ય પ્રદેશે ૭-૧ થી ટુર્નામેન્ટ જીતી લીધી હતી. જ્યારે ત્રીજા સ્થાને મહારાષ્ટ્ર ટીમ ૫-૦થી રાજસ્થાન સામે જીતી હતી. બોયઝ ટીમમાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર વચ્ચે ફાઈનલ રમાઈ, જેમાં મધ્યપ્રદેશે ૭-૧ થી જીત મેળવી હતી. ત્રીજા સ્થાન પર દાદરા નગર હવેલી અને દમણ દીવ વિરુદ્ધ છત્તીસગઢ વચ્ચે રમાઈ જેમાં ૧-૧ (૫-૬ SO) થી છત્તીસગઢ વિજેતા થયું હતું. હોકી ચેમ્પિયનશીપમાં યુનિ.ના કાર્યકારી કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડા, કુલ સચિવ ડો રમેશદાન ગઢવી, પત્રકારત્વ વિભાગના કોકોર્ડીનેટર ડો. ભરત ઠાકોર અને યુવક કલ્યાણ વિભાગના વડા ડો. પ્રકાશચંદ્ર પટેલ સહિત રમતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# થરા શ્રી ઓગડ વિદ્યા મંદિરને જનરલ ચેમ્પિયન બનવા બદલ ટ્રોફી એનાયત કરી



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૩૧ ।

કાંકરેજ તાલુકામાં યોજાયેલ તાલુકા કક્ષાનાં એથલેટિક્સ રમતો ત્સવમાં તાલુકાની તમામ શાળાનાં ખેલાડીઓએ વિવિધ ઈવેન્ટમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ ખેલકુદ રમતોમાં યજમાન એવી શ્રી ઓગડ વિદ્યા મંદિરનાં ખેલાડીઓએ શાળાનાં આચાર્ય ડૉ. હિમાંશુભાઈ શાહની પ્રેરણાથી વ્યાયામશિક્ષક ભારમલભાઈ પટેલ કોચ દિનેશભાઈ, સિકંદર ભાઈનાં માર્ગદર્શન હેઠળ એથલે ટિક્સ, દોડ, કુદ અને ફેક જેવી રમતોમાં પ્રથમ નંબર મેળવી જન રલ ચેમ્પિયન બની શાળાને ગૌરવ પ્રદાન કરેલ. સંસ્થાનાં, ઉત્સાહી પ્રમુખ ધીરજભાઈ કે. શાહના વરદ હસ્તે સ્પર્ધકો અને વ્યાયામ શિક્ષકને ટ્રોફી અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું.

# દેવગઢ બારીઆ નગર પાલિકા કુંભકર્ણની નિંદ્રામાં પ્રજા ખાડામાં સત્તાધીશો મહેલમાં





તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૩૧ ।

દેવગઢ બારીઆ નગર પાલિકા બસ સ્ટેશન વિસ્તારમાં વરસાદ પહેલા ના ખાડા પડેલા છે ખાડા એક હાથ જેટલા ઊંડા પડેલ હોય તે દ્રશ્યમાન થાય છે આ ખાડા જે રોડ ઉપર પડેલા છે તે રોડ પર સરકારી હોસ્પિટલ પોલીસ સ્ટેશન. તાલુકા પંચાયત, સિવિલ, કોર્ટ, માધ્યમિક શાળા, સરકારી કચેરીઓ અને બસ સ્ટેશન આવેલ છે પરંતુ દુઃખની એ વાત છે કે નગર પાલિકાના સત્તાધીશોને વારંવાર રજૂઆતો કરવા છતાં પણ આ રોડના ખાડા પુરાવવામાં આવતા નથી જેના કારણે આ રોડ પર પડેલા ખાડાથી વારંવાર અકસ્માત અને ટ્રાફિકજામ થાય છે સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ નગરના રસ્તા ગટર બાગ બગીચા જેવા વિકાસ ના કામ માટે સરકાર આપતી હોય છે પરંતુ નગરના એન્જીન્યરો અને કોન્ટ્રાકટરની મીલીભગતથી રસ્તા ખોદીને બનાવવાની જગ્યા એ તેની ઉપર જ ડામર પાથરી રોડ ઉચો કરી દેવા માં આવે છે અને તેથી રોડ ઉચો બનવા ના કારણે વરસાદનું પાણી લોકોના ઘર દુકાનમાં પાણી ભરાય છે આ રોડમાં પડેલ ખાડાઓના કારણે શાળાના વિદ્યાર્થીઓને પણ ચાલતા જવામાં અને વાહન લઈ ને જવામાં ખુબ મુશ્કેલી વેઠવી પડે છે હવે જોવા નું રહ્યું કે આ નગર પાલિકાના વહીવટદારો કુંભકર્ણ નિંદ્રામાંથી ક્યારે જાગશે અને રોડ ના ખાડા પૂરશે.

# વલસાડ જિલ્લામાં કુદરતી આપત્તિ સમયે મદદરૂપ થવા 'આપદા મિત્રો'ની રિફ્રેશર તાલીમ યોજાઈ



। (માહિતી) વલસાડ, તા.૩૧ ।

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગર દ્વારા સંભવિત કુદરતી આપત્તિના સમયે ઉપયોગી થઈ શકે તે માટે વલસાડ જિલ્લા કલેકટરશ્રી અનસૂયા જ્હાના માર્ગદર્શન હેઠળ જિલ્લા ડિઝાસ્ટર શાખા દ્વારા જિલ્લા તથા તાલુકાના હોમગાર્ડ, જીઆરડી અને એસઆરડીના કુલ ૩૫૬ જવાનો (આપદા મિત્રો) માટે તા. ૨૭ અને ૨૮ જુલાઈના રોજ સવારે ૯-૩૦ થી સાંજે ૬-૦૦ વાગ્યા સુધી મોગરાવાડી પોલીસ હેડ ક્વાર્ટર ખાતે રિફ્રેશર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં પુરના સમયે પાણીમાંથી બચાવ, સર્ચ ઓપરેશન, પ્રાથમિક સારવાર, આગ સલામતી, આગના સમયે રાખવાની સાવધાની, આગના પ્રકાર, આગ લાગવાના કારણો, આગ સામે લડવાની પધ્ધતિ, ફાયર સેફ્ટીના સાધનોની વિસ્તૃત સમજ, ફાયર ફાઈટિંગનું ડેમોન્સ્ટ્રેશન, ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ ઓફિસર દ્વારા ઈઆરકે અને ઈઆરઆર કિટનું ડેમોન્સ્ટ્રેશન, હેલ્થ અને રેડક્રોસ સોસાયટીના વિશેષજ્ઞ દ્વારા સીપીઆર તાલીમ અને રિસોર્સ વિશેષજ્ઞ દ્વારા પ્રાથમિક સારવારમાં જરૂરી પ્રાથમિક જાણકારીઓ અને પ્રાથમિક સારવારના નિયમોની સમજ, રાહત વિતરણની કામગીરી, સ્થળાંતરમાં મદદરૂપ થવું, રસ્તાઓ ખુલ્લા કરવાની કામગીરી તથા એનડીઆરએફ અને એસડીઆરએફ સાથે સંકલનમાં રહી મદદરૂપ થવાની કામગીરી કઈ રીતે કરવી વગેરે વિષયોની તાલીમ NDRF ટીમ, ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી અને વલસાડ ફાયર વિભાગના નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી હતી.

# ચાંદીપુરા વાયરસ સામે લડવા જિલ્લા આરોગ્ય તંત્રની સઘન કામગીરી: સુરત જિલ્લાના ગામોમાં ૫% મેલેથિઓન ડસ્ટિંગની કામગીરી કરાઇ



। (માહિતી) સુરત, તા.૩૧ ।

ચાંદીપુરા વાયરસ સામે લડવા જિલ્લા આરોગ્ય તંત્રએ સઘન ઝુંબેશ શરૂ કરી છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સુરત જિલ્લાના ગામોમાં ૫% મેલેથિઓન ડસ્ટિંગની કામગીરી કરાઈ છે. જિલ્લાના કુલ ૫૧૭ ગામોમાં ૧૮,૬૬૭ કાચા (માટીના) તેમજ પ્લાસ્ટર વગરના મકાનોની દીવાલો અને તિરાડોમાં તેમજ ૧૩૯ આંગણવાડી અને ૭૧ શાળાઓમાં મેલેથીઓન(૫%) પાઉડરનું ડસ્ટિંગ કરાયું છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.અનિલ.બી.પટેલના માર્ગદર્શન અને એપેડેમિક મેડિકલ ઓફિસર ડૉ. કૌશિક મહેતાના સુપરવિઝન હેઠળ જિલ્લાના તમામ તાલુકાના તા.હેલ્થ ઓફિસરો, મેડિકલ ઓફિસરો, કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો, આર.બી.એસ.કે. ડોક્ટરો તથા આરોગ્યકર્મીઓની ટીમ દ્વારા વાયરલ એક્કેફલાઈટીસ (ચાંદીપુરા) વાયરસ ન ફેલાય તે માટે વિવિધ સ્થળોની મુલાકાત લેવાઈ હતી. ઉલ્લેખનીય છે કે, સેન્ડ ફલાય નામક માખીથી ફેલાતા વાયરસને કારણે ચાંદીપુરા વાયરલ તાવ તેમજ કાલા આઝાર રોગ થાય છે. સખત તાવ આવવો, ઝાડા થવા, ઉલટી થવી, ખેંચ આવવી, અર્ધભાન કે બેભાન થવું વગેરે ચાંદીપુરા રોગના લક્ષણો છે. બાળકોમાં ઉપર જણાવેલા લક્ષણો દેખાતા તરત જ દર્દીને નજીકના આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે તાત્કાલિક દાખલ કરવા, ગંભીર લક્ષણોના કિસ્સામાં મેડિકલ કોલેજ ખાતે દાખલ કરવા અને લોકોને સાવચેત રહેવા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અપીલ કરાઈ છે.

# નિઝરના પરિવારને મળ્યો પ્રધાનમંત્રી જીવન જ્યોત વિમા યોજનાનો સહારો



। (માહિતી) સુરત, તા.૩૧ ।

કુટુંબનો જુવાનજોધ દિકરો અચાનક મૃત્યુ પામ્યો ત્યારે સરકારશ્રીની કલ્યાણકારી યોજના સહાયરૂપ બની તાપી જિલ્લાના છેવાડાના નિઝર તાલુકા મથકે રહેતા અનુસૂચિત જાતિના આહિરે પરિવારને આફતના અવસરે સરકારશ્રીની કલ્યાણકારી યોજનાનો સહારો ટેકારૂપ બન્યો છે. પ્રધાનમંત્રી જીવન જ્યોત વિમા યોજનામાં આહિરે પરિવારને રૂ.૨ લાખની વિમાની રકમ મળતા ગરીબ પરિવારને સમયસર આર્થિક મદદ મળી રહી હતી. પરિવારના મોભી ઉત્તમભાઈ આહિરે ખૂબ જ સામાન્ય પરિવારના છે. તેઓને સરકારશ્રીના જુદા જુદા કાર્યક્રમો દ્વારા જાણકારી મળી હતી કે પ્રધાનમંત્રી જીવન જ્યોત વિમા યોજનામાં ખૂબ જ ઓછુ પ્રિમિયમ ભરવાથી સુરક્ષા કવચ પ્રાપ્ત થાય છે. આવી સરકારશ્રીની કલ્યાણકારી યોજનાનો લાભ લેવો જોઈએ. તેમના દિકરા સ્વ.બલીરામભાઈ ઉત્તમભાઈ આહિરે વર્ષ ૦૬/૦૮/૨૦૨૨થી આ યોજનામાં જોડાયા હતા. તેઓનું અચાનક ૩૦ એપ્રિલ-૨૪ ના રોજ મૃત્યુ થતા કુટુંબીજનો ઉપર જાણે આભ તુટી પડ્યું હતું. પરિવારે જુવાનજોધ દિકરો ગુમાવ્યો ત્યારે એવા સંજોગોમાં ખરેખર કુટુંબીજનોની હાલત કફોડી થઈ જાય. ઉત્તમભાઈ આહિરેએ પ્રધાનમંત્રી જીવન જ્યોત વિમા યોજનાનો લાભ મળતા અત્યંત ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સરકારશ્રીની આ યોજના ખૂબ સારી છે. દરેક લોકોએ આ યોજનાનો લાભ લેવો જોઈએ. વર્ષમાં એકવાર માત્ર રૂ.૪૩૬ જેટલું નજીવુ પ્રિમિયમ ભરવાનું હોય છે. બસ આટલા જ રૂપિયામાં વારસદાર/પરિવારજનોને રૂા. બે લાખ ચૂકવવામાં આવે છે. આખા વરસમાં આટલા રૂપિયા ભરવાના આવે તો બો મોટી વાત નથી. દરેક વ્યક્તિને પરવડે તેટલી રકમમાં યોજનાનો લાભ ખરા સમયે આપ્યો એ બદલ સરકારશ્રીનો ખૂબ ખૂબ આભાર. સાથે સાથે વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ સુ.ડિ. કો. બેંક ઓફિસરોનો પણ આભાર વ્યક્ત કરૂં છું તેઓએ ખૂબ જ સહાનુભૂતિપૂર્વક ખૂબ જ ટૂંકા સમયગાળામાં અમોને યોજનાનો લાભ આપ્યો છે. તાપી જિલ્લાના aspirational બ્લોક નિઝર ખાતે સુરત ડિસ્ટ્રીક્ટ કો ઓપ બેંક ના ૧૧૬ માં સ્થાપના દિવસ નિમિતે યોજાયેલ સમારોહમાં પ્રધાન મંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અંતર્ગત લાભાર્થીને બે લાખ રૂપિયાનો ચેક મૃતક બલિરામ ઉત્તમ ભાઈ આહિરે ના પરિવાર ને અર્પણ કરવામાં આવ્યો હતો. સુરત ડિસ્ટ્રીક્ટ કો ઓપ બેંક ના વાઈસ ચેરમેન શ્રી સુનીલભાઈ પટેલ,લીડ બેંક મેનેજર રસીક જેઠવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ યોજના ૧૮ થી ૫૦ વર્ષની વય સુધીના વ્યક્તિઓ લાભ લઈ શકે છે. જેમાં વિમાધારકના કોઈપણ કારણસર થયેલા મૃત્યુ સામે તેઓના વારસદાર/પરિવારજનોને રૂા.૨ લાખની સહાય મળે છે. આ યોજના દર વર્ષે રીન્યુ કરાવી શકાય છે.

# ૯ મી ઓગષ્ટ "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉજવણીના આયોજન અંગે કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ



। (માહિતી) સુરત, તા.૩૧ ।

આગામી તા.૯મી ઓગષ્ટ, વિશ્વ આદિવાસી દિવસની રાજયવ્યાપી ઉજવણીના ભાગરૂપે નર્મદા જિલ્લામાં બંને વિધાનસભા વિસ્તાર મુજબ નાંદોદ અને દેડિયાપાડા ખાતે ઉજવણી કરવામાં આવનાર છે. જેના આયોજન અને અમલવારી સંદર્ભે નર્મદા જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO) દ્વારા પ્રતિ વર્ષ ૯ મી, ઓગષ્ટના દિવસે "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષીને રાજ્યના આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓ અને તેના તાલુકાઓમાં આ દિવસ ઉજવવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. તેના અનુસંધાને નર્મદા જિલ્લામાં તા. ૯ મી ઓગષ્ટ, વિશ્વ આદિવાસી દિવસ-૨૦૨૪નાં કાર્યક્રમોનું આયોજન નાંદોદ વિધાનસભા મત વિસ્તારમાં શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલના કેમ્પસમાં અને દેડિયાપાડા વિધાનસભા વિસ્તારમાં આદર્શ નિવાસી શાળા-દેડિયાપાડા કેમ્પસ ખાતે આ કાર્યક્રમ યોજાનાર છે.

# લેપ્ટોસ્પાયરોસીસને નાથવા માટે આરોગ્ય તંત્ર દ્વારા આગોતરા પગલાઓ

। (માહિતી) સુરત, તા.૩૧ ।



દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની ઋતુમાં ખાસ કરીને લેપ્ટોસ્પાયરોસીસ જેવા જીવલેણ રોગનું પ્રમાણ જોવા મળે છે. જે ખેતીવાડી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ લોકોમાં જોવા મળે છે. લેપટોસ્પાયરોસીસ લેપટોસ્પાયરા નામના બેક્ટેરિયાથી થતો રોગ છે. તેના લક્ષણો ઠંડી લાગીને તાવ આવવો, માથાના આગળના ભાગમાં સખત દુખાવો થવો, સ્નાયુઓનો દુખાવો થવો, પેશાબ ઓછો થવો, ખાંસી થવી, કમળો જેવા લક્ષણો જોવા મળે છે. સુરત જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. અનિલ બી. પટેલના માર્ગદર્શન હેઠળ તથા એપિડેમિક મેડિકલ ઓફિસર ડો. કૌશિક મહેતાના આયોજન અને નિરીક્ષણ હેઠળ સુરત જિલ્લામાં તા. ૧૫/૦૬/૨૦૨૪ થી ૩૧/૧૦/૨૦૨૪ સુધીમાં કુલ ૮૫૭ આરોગ્ય ટીમો દ્વારા ઘરે ઘરે ફરી સર્વેલન્સ કામગીરી કરી લોકોને આરોગ્ય શિક્ષણ દ્વારા જનજાગૃતિના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તા.૨૩/૦૭/૨૦૨૪થી સુરત જિલ્લામાં લેપ્ટોસ્પાયરોસીસ માટે જોખમી એવા ૧૦ ગામોમાં લેપ્ટોસ્પાયરોસીસ જેવા જીવલેણ રોગના અટકાયતી પગલારૂપે પશુપાલન તેમજ ખેતીવાડી સાથે સંકળાયેલ દરેક વ્યક્તિને આશાબહેનો દ્વારા ઘરે ઘરે જઈને લેપ્ટો કીમો પ્રોફાઈલેક્સીસ અંતર્ગત ૮ અઠવાડીયા સુધી કેપ. ડોક્સીસાઈક્લીન રૂબરૂ ગળાવવાની કામગીરીની શરૂઆત કરવામાં આવી છે. ચોમાસાની ઋતુ દરમ્યાન રોગચાળા નિયંત્રણ કામગીરી અંતર્ગત જિલ્લા કક્ષાએ આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત સુરત ખાતે 24×7 કંટ્રોલ રૂમ ચાલુ કરવામાં આવ્યો છે. જેનો સંપર્ક નંબર ૬૩૫૭૧ ૮૬૫૩૯ છે. આ રોગથી બચવા માટે લોકોને ખુલ્લા પગે ખેતર કે પાણીમાં ન જવા, તેમજ તાવ આવે તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાનામાં સારવાર લેવા તથા સાવચેત રહેવા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજનો દિવસ તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજનો દિવસ આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજનો દિવસ શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટેન્શન હળવું કરશે. તમારૂં પ્રિયપાત્ર થોડુંક ચીડાયેલું લાગે છે-આ બાબત તમારા મગજ પરની તાણમાં વધારો કરશે. લઘુ ઉદ્યોગ કરનારા આ રાશિ ના જાતકો ને આજે ખોટ થયી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજનો દિવસ દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો. પ્રેમ પ્રકરણમાં બળપૂર્વક કામ લેવાનું ટાળો. કારકિર્દીના સારી તક માટે કરાયેલી મુસાફરી કદાચ સાકાર થશે.

**સિંહ (મ,ટ) :**

આજનો દિવસ તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માટે આજે લાભ થશે. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વંગ મળશે. આજે ઓફિસ માં તમને સારા પરિણામ નહિ મળશે? તમારું કોઈ ખાસ આજે તમારી જોડે વિશ્વાસઘાત કરી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજનો દિવસ સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. તમારા ઉદાર સ્વભાવનો લાભ તમારા મિત્રોને ન લેવા દો. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે.

**તુલા (ર,ત) :**

આજનો દિવસ તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો? ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજનો દિવસ તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે. તમારા સાથીદારની ગેરહાજરીમાં તેની હાજરી વર્તાવાની શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજનો દિવસ હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

**મકર (ખ,જ) :**

આજનો દિવસ આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજનો દિવસ મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તાણભર્યો સમય પ્રવર્તશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજનો દિવસ તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો. ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદે જરૂર છે. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

### આતંકવાદી સંગઠન પર ૨૦૦૬માં પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો

# પાકિસ્તાની કટ્ટરપંથીને બ્રિટનમાં આજીવન કેદ, આતંકવાદી સંગઠન ચલાવતો હતો



। (એજન્સી) બ્રિટન, તા.૩૧ ।

બ્રિટન અને પાકિસ્તાનની બેવડી નાગરિકતા ધરાવતા કટ્ટરપંથી ઈસ્લામિક ઉપદેશક અંજેમ ચૌધરીને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. તેને આતંકવાદી સંગઠન ચલાવવાનો દોષી ઠેરવવામાં આવ્યો છે, જેમાં તેને ૨૮ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. અંજેમ ચૌધરી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલ-મુહાજીરૂન (એએલએમ)નું સંચાલન કરવા અને ઓનલાઈન માધ્યમથી તેનો પ્રચાર કરવા માટે દોષી ઠેરવવામાં આવ્યો હતો. તેમણે આ સંસ્થાની સ્થાપના ૧૯૯૬માં કરી હતી અને ત્યારથી તેઓ સંસ્થા માટે કામ કરી રહ્યા હતા. સંગઠનને પ્રતિબંધિત ન થાય તે માટે તે તેનું નામ બદલીને તેનું સંચાલન કરતો હતો.કોર્ટે કહ્યું, "તમારા જેવા સંગઠનો વૈચારિક કારણોની શોધમાં હિંસાને સામાન્ય બનાવે છે. તેઓ શાંતિથી સાથે રહેતા લોકોમાં તિરાડ પેદા કરે છે." ૨૦૦૬માં અલ ઘુરબા નામથી કામ કરવા બદલ બ્રિટન દ્વારા ALM પર સૌપ્રથમ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ૨૦૧૦ માં, છન્સ ને વૈકલ્પિક નામ તરીકે પ્રતિબંધમાં સામેલ કરવામાં આવ્યું હતું. કોર્ટને જાણવા મળ્યું કે ચૌધરી જુલાઈ ૨૦૨૩ સુધી ALM માટે કામ કરી રહ્યો હતો. તેની ઓળખ ઈસ્લામિક થિંકર્સ સોસાયટી નામના ઑફશૂટ જૂથને ઓનલાઈન ભાષણ આપતી વખતે કરવામાં આવી હતી, જે એક અન્ડરકવર ટીમ દ્વારા ઘૂસણખોરી કરવામાં આવી હતી. આ પછી તેની ધરપકડ કરવામાં આવી હતી.

### ઈઝરાયેલે ૭ ઓક્ટોબરના રક્તપાતનો બદલો પૂરો કર્યો

# તેહરાનમાં હમાસના વડા ઈસ્માઈલ હાનિયાની હત્યા થઈ

। (એજન્સી) ઈઝરાયેલ, તા.૩૧ ।

ઈઝરાયેલે ૭ ઓક્ટોબરનો બદલો પૂરો કરીને હમાસ ચીફને મારી નાખ્યો છે. હમાસે ખુદ એક નિવેદન જારી કરીને કહ્યું છે કે હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયાની ઈરાનની રાજધાની તેહરાનમાં હત્યા કરવામાં આવી છે.ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ એક નિવેદનમાં પુષ્ટિ કરી છે કે હુમલો તેહરાનમાં હાનિયાના ઠેકાણાને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો, જેમાં હમાસના વડા તેમજ એક અંગરક્ષક માર્યા ગયા હતા. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે જણાવ્યું હતું કે બુધવારે વહેલી સવારે આ હુમલો કરવામાં આવ્યો હતો.આ હુમલામાં માર્યા ગયાના એક દિવસ પહેલા મંગળવારે ઈસ્માઈલ હાનિયા ઈરાનના નવા રાષ્ટ્રપતિના શપથ ગ્રહણ સમારોહમાં સામેલ થયા હતા. આ દરમિયાન હાનિયાએ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખમેની સાથે પણ મુલાકાત કરી હતી.તાજેતરમાં (એપ્રિલ ૨૦૨૪), હાનિયાના ત્રણ પુત્રોને પણ ઈઝરાયલી સુરક્ષા દળોએ માર્યા હતા. ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર હવાઈ હુમલામાં હાનિયાના ત્રણ પુત્રોને મારી નાખ્યા હતા. ઈઝરાયેલની સેના IDFએ જણાવ્યું હતું કે હાનિયાના ત્રણ પુત્રો આમિર, હાઝેમ અને મોહમ્મદ ગાઝામાં આતંકવાદી ગતિવિધિઓ કરવા જઈ રહ્યા હતા, આ દરમિયાન ત્રણેય હવાઈ હુમલામાં આવ્યા હતા.તમને જણાવી દઈએ કે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ૭ ઓક્ટોબર ૨૦૨૩થી યુદ્ધ ચાલી રહ્યું છે. ત્યારબાદ હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો, જેમાં ૧૨૦૦ લોકો માર્યા ગયા. હમાસે ૨૫૦ નાગરિકોને પણ બંધક બનાવ્યા હતા. દાવો કરવામાં આવે છે કે ૧૫૦ બંધકો હજુ પણ હમાસની કસ્ટડીમાં છે. તે જ સમયે, હમાસનો દાવો છે કે ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં ૩૯ હજારથી વધુ પેલેસ્ટિનિયન નાગરિકોના મોત થયા છે.

### વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસાનો આરોપ

# બાંગ્લાદેશમાં જમાત-એ-ઈસ્લામી પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો

### શેખ હસીના સરકારે કટ્ટરવાદી પાર્ટી પર આંદોલનનો ફાયદો ઉઠાવવાનો આરોપ લગાવ્યો છે



। (એજન્સી) બાંગ્લાદેશ, તા.૩૧ ।

બાંગ્લાદેશ સરકારે જમાત-એ-ઈસ્લામી પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો છે. તાજેતરમાં, દેશભરમાં ક્વોટા સંબંધિત વિરોધ પછી, સરકારે આ જાહેરાત કરી. શેખ હસીના સરકારે કટ્ટરવાદી પાર્ટી પર આંદોલનનો ફાયદો ઉઠાવવાનો આરોપ લગાવ્યો છે. વિરોધ પ્રદર્શનમાં ઓછામાં ઓછા ૧૫૦ લોકો માર્યા ગયા હતા અને જાહેર સંપત્તિને વ્યાપક નુકસાન થયું હતું. જમાત-એ-ઈસ્લામી પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય શેખ હસીનાની પાર્ટી અવામી લીગના નેતૃત્વમાં ૧૪-પક્ષીય જોડાણની બેઠકમાં લેવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન કથિત રીતે સહયોગી પક્ષોએ પણ કટ્ટરપંથી પક્ષ પર પ્રતિબંધ મૂકવાની અપીલ કરી હતી. ઉદાહરણ તરીકે, આ એક રાજકીય પક્ષ છે, જેને બાંગ્લાદેશમાં કટ્ટરવાદી માનવામાં આવે છે. આ રાજકીય પક્ષ પૂર્વ પીએમ ખાલિદા ઝિયાના સમર્થક પક્ષોમાં સામેલ છે.બાંગ્લાદેશના કાયદા પ્રધાન અનીસુલ હકે મંગળવારે જમાત પર પ્રતિબંધની જાહેરાત કરી હતી અને બુધવારે આ સંબંધમાં એક કાર્યકારી આદેશ જારી કરવામાં આવ્યો હતો. જમાત-એ-ઈસ્લામીની સ્થાપના બ્રિટિશ શાસન હેઠળ અવિભાજિત ભારતમાં ૧૯૪૧માં થઈ હતી. હસીના સરકારનો આરોપ છે કે વિરોધ પ્રદર્શનમાં સામેલ વિદ્યાર્થીઓએ હિંસામાં સામેલ હોવાના આરોપોને ફગાવી દીધા છે.કાયદા પ્રધાન અનીસુલ હકે કહ્યું કે એવા પુરાવા છે કે જમાત અને ખાલિદા ઝિયાની પાર્ટીના વિદ્યાર્થી એકમો દેશભરમાં વિરોધ પ્રદર્શનમાં સામેલ હતા, જેમણે હિંસા આચરી હતી. અવામી લીગે કહ્યું છે કે જમાત-શિબીર (વિદ્યાર્થી વિંગ) પર પ્રતિબંધ મૂકતા પહેલા તે તમામ કાયદાકીય પાસાઓની સંપૂર્ણ તપાસ કરશે, જેથી કોઈપણ સંભવિત કાયદાકીય છટકબારીઓ ટાળી શકાય.૧ ઓગસ્ટ, ૨૦૧૩ના રોજ એક ઐતિહાસિક ચુકાદામાં બાંગ્લાદેશ હાઈકોર્ટે ચૂંટણી પંચમાં જમાતની નોંધણીને ગેરકાયદેસર જાહેર કરી હતી. આ પછી, જમાતે અપીલ વિભાગમાં અપીલ કરી અને ૨૦૧૮ માં નોંધણી રદ કરવામાં આવી.

## હોર્ડિંગ્સમાં તસવીરોનો ઉપયોગ થતાં મહિલાઓએ નોંધાવી FIR

। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

મહારાષ્ટ્રમાં 'ગર્લ સિસ્ટર' સ્કીમને લઈને વિવાદના સમાચાર આવ્યા છે. અહીંના એક પરિવારની બે મહિલાઓએ મહારાષ્ટ્ર સરકારની 'લડકી બહેન' યોજનાની જાહેરાતના હોર્ડિંગ્સ માટે તેમની સંમતિ વિના તેમના ફોટાનો ઉપયોગ કરવા બદલ ભાજપના સ્થાનિક ધારાસભ્ય વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.શિવાજીનગરના ધારાસભ્ય સિદ્ધાર્થ શિરોલે, જેમણે હોર્ડિંગ મૂક્યું હતું, જણાવ્યું હતું કે તે એક બાહ્ય એજન્સી દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું હતું, પરંતુ મહિલાઓને નુકસાન પહોંચાડવા બદલ માફી માંગી હતી.એકનાથ શિંદે સરકારે ગયા મહિને વિધાનસભા ચૂંટણી પહેલા 'ગર્લ સિસ્ટર' યોજના શરૂ કરી હતી. યોજના હેઠળ, પાત્ર મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા મળે છે. એક મહિલાએ કહ્યું કે તેણીની જાણ વગર તેના ફોટોગ્રાફસનો ઉપયોગ કરવાથી પરિવારમાં વિવાદ થયો હતો."લોકો પૂછે છે કે શું અમે બદલામાં કોઈ પૈસા લીધા," તેમણે કહ્યું. ધારાસભ્ય શિરોલેએ જણાવ્યું હતું કે જાહેરાત એક એજન્સી દ્વારા ડિઝાઈન કરવામાં આવી હતી જેણે ફી ચૂકવીને ઓનલાઈન ઈમેજ ડિપોઝિટરીમાંથી ચિત્રો મેળવ્યા હતા. "પરંતુ જો આ બે મહિલાઓને લાગે છે કે તેમની ભાવનાઓને ઠેસ પહોંચી છે, તો હું તેમની માફી માંગુ છું," તેમણે પત્રકારોને કહ્યું.મુખ્યમંત્રી મારી લાડકી બહુ યોજના હેઠળ ૨૧-૬૫ વર્ષની વય જૂથની મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા આપવામાં આવશે.



કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોત નવી દિલ્હીમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી.

## દુકાનની સામે રાખેલી થેલીમાં લાઈટ સળગી રહી હતી, ધક્કો મારવાનો અવાજ આવી રહ્યો હતો...

। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક દુકાનની સામે બોમ્બ જેવી વસ્તુ મૂકવામાં આવી હતી, જેમાં લાઈટો બળી રહી હતી અને ધક્કો મારવાનો અવાજ સંભળાતો હતો. માહિતી બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને બોમ્બ સ્કવોડને બોલાવવામાં આવી. જ્યારે સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી તો ચોંકાવનારી બાબત સામે આવી. મહારાષ્ટ્રના ચંદ્રપુરના ગડચંદુર શહેરમાં એક દુકાન સામે બોમ્બ જેવી વસ્તુ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. વાસ્તવમાં અહીં કપડાની દુકાનની સામે બોમ્બ જેવી વસ્તુ એક થેલીમાં પ્રકાશ અને બીપના અવાજ સાથે સળગતી જોવા મળી હતી. જ્યારે દુકાનદાર શિરીષ બોગાવરે આ જોયું તો તેણે તાત્કાલિક પોલીસને જાણ કરી.શહેરમાં બોમ્બ હોવાના સમાચાર મળતા જ સમગ્ર પોલીસ વિભાગ એક્શનમાં આવી ગયું હતું. પોલીસની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. દુકાનની સામે એક થેલીમાં બોમ્બ જેવી વસ્તુ હતી, જેમાં લાઈટ સળગી રહી હતી અને ધક્કો મારવાનો અવાજ સંભળાતો હતો. પોલીસે બોમ્બ સ્કવોડને સ્થળ પર બોલાવી હતી.બોમ્બ સ્કવોડે તત્પરતાથી તપાસ કરી હતી. બોમ્બ સ્કવોડે બેગમાં રાખેલી બોમ્બ જેવી વસ્તુની તપાસ કરતાં તે નકલી હોવાનું જાણવા મળ્યું હતું. આ સમય દરમિયાન, પોલીસે સીસીટીવીની તપાસ કરી, જેમાં એક નકાબધારી વ્યક્તિ દુકાનની સામે બેગ લઈને ગયો હોવાનું જોવા મળ્યું હતું. મામલાની ગંભીરતા જોતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે બે આરોપીઓની ધરપકડ કરી હતી. તેની કડક પૂછપરછ કરવામાં આવતા ચોંકાવનારો ખુલાસો થયો હતો. આરોપીઓએ પોલીસને જણાવ્યું કે તેમના પર ઘણું દેવું થઈ ગયું છે. તેની ચૂકવણી કરવા માટે દુકાનની સામે બોમ્બ જેવી વસ્તુ મૂકીને દુકાનદાર પાસેથી ખંડણી વસૂલવાનો પ્લાન ઘડવામાં આવ્યો હતો. પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી કસ્ટડીમાં લીધા છે. પોલીસનું કહેવું છે કે આ સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે.

# હવે વિદ્યાર્થીઓ પાસેથી ૬ હજાર રૂપિયા વસૂલાશે

### પહેલા કે બીજા માળે પુસ્તકાલયો ચલાવતા પુસ્તકાલય માલિકો દર મહિને રૂ. ૨,૦૦૦ થી રૂ. ૩,૦૦૦ વસુલતા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

દેશની રાજધાની દિલ્હીમાં સિવિલ સર્વિસ એક્ઝામ (UPSC EXAM)ની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓનો દાવો છે કે ગેરકાયદેસર રીતે ચલાવતા બેઝમેન્ટ કોચિંગ સેન્ટરો સામે MCDની કાર્યવાહી બાદ, જૂના રાજેન્દ્ર નગર અને તેની આસપાસના વિસ્તારોમાં લાયસન્સવાળી લાઈબ્રેરીઓએ તેમની ફી બમણી કરી દીધી છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી) એ જૂના રાજેન્દ્ર નગરની ઈમારતો સામે કાર્યવાહી કરી છે જેના ભોંયરાઓનો ઉપયોગ લાઈબ્રેરી સહિત વ્યવસાયિક ઉપયોગ માટે કરવામાં આવતો હતો.જૂના રાજેન્દ્ર નગર સ્થિત RAU'S IAS કોચિંગ સેન્ટરમાં ૨૭મી જુલાઈની સાંજે એક મોટો અકસ્માત થયો હતો. આ કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ ગેરકાયદેસર રીતે બિલ્ડિંગના ભોંયરામાં પુસ્તકાલય તરીકે ઉપયોગ કરી રહી હતી, જે ભારે વરસાદને કારણે પૂરમાં આવી ગઈ હતી અને ત્રણ સિવિલ સર્વિસના ઉમેદવારો ડૂબી જવાથી મૃત્યુ પામ્યા હતા. આ ઘટના બાદ MCD જાગી અને બેઝમેન્ટનો દુરુપયોગ કરતી સંસ્થાઓ સામે કાર્યવાહી કરી.

યુપીએસસી પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવાર પંકજે ન્યૂઝ એજન્સી પીટીઆઈને કહ્યું, 'પહેલા, પહેલા કે બીજા માળે લાઈબ્રેરી ચલાવતા લાઈબ્રેરી માલિકો દર મહિને ૨,૦૦૦ થી ૩,૦૦૦ રૂપિયા વસૂલતા હતા, પરંતુ હવે ઘણી લાઈબ્રેરીઓ બંધ થઈ ગયા પછી, તેઓ જાણે છે કે. વિદ્યાર્થીઓ પાસે અન્ય કોઈ વિકલ્પ નથી, તેઓએ તેમની ફી બમણી કરી છે. જે વિદ્યાર્થીઓ ટૂંક સમયમાં (UPSC) મુખ્ય પરીક્ષામાં બેસશે તેમની પાસે કોઈ વિકલ્પ નથી. કારણ કે અમે જે રૂમમાં રહીએ છીએ તે રૂમ એટલા નાના છે કે અમે ત્યાં આરામથી અભ્યાસ કરી શકતા નથી અને અમારે લાઈબ્રેરીમાં જવું પડે છે. અન્ય એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે જૂના રાજેન્દ્ર નગરની આસપાસના વિસ્તારો જેમ કે પટેલ નગરમાં પુસ્તકાલયોની મુલાકાત લેતા વિદ્યાર્થીઓને પણ રૂ. ૪,૦૦૦ થી રૂ. ૫,૦૦૦ સુધીની ફી ચૂકવવાનું કહેવામાં આવે છે. અગાઉ આ પુસ્તકાલયોની ફી ૨૦૦૦ થી ૨૫૦૦૦ રૂપિયાની આસપાસ હતી. તમને જણાવી દઈએ કે, જૂના રાજેન્દ્ર નગરમાં MCDએ જે કોચિંગ ઈન્સ્ટિટ્યૂટ વિરુદ્ધ કાર્યવાહી કરી છે, તેમાં પ્રખ્યાત UPSC કોચ વિકાસ દિવ્યકીર્તિની સંસ્થા 'દ્રષ્ટિ IAS' પણ સામેલ છે. MCD આખા શહેરમાં બેઝમેન્ટનો દુરુપયોગ કરતી સંસ્થાઓ સામે આ કાર્યવાહી કરી રહી છે.

## નોઈડાના સેક્ટર ૮માં આગને કારણે ભયાનક અકસ્માત

। (એજન્સી) નોઈડા તા.૩૧ ।

નોઈડા ફાયર ઓફિસરના જણાવ્યા અનુસાર, ૧૦ અને ૭ વર્ષની બે છોકરીઓ અને એક પાંચ વર્ષનો છોકરો બેડ પર સૂઈ રહ્યા હતા, જ્યારે માતા-પિતા જમીન પર સૂઈ રહ્યા હતા. ઓરડો નાનો હતો. મૃતક બાળકોના પિતા બેટરી રિક્ષા ચલાવે છે અને રૂમમાં બેટરી ચાર્જ થઈ રહી હતી. ઉત્તર પ્રદેશના નોઈડા સેક્ટર ૮માં ઝૂંપડપટ્ટીમાં આગ લાગવાને કારણે મોટી દુર્ઘટના સર્જી છે. આ ઘટના વિસ્તારના ફેઝ ૧ તરીકે જણાવવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ આ ઘટનામાં ત્રણ બાળકોના દુઃખદ મોત થયા છે. તે જ સમયે, બાળકોના પિતાની હાલત નાજુક હોવાનું કહેવાય છે.

## વિશેષ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'સખી સંવાદ' અંતર્ગત ગ્રામીણ ક્ષેત્રના સખીમંડળો – સ્વ-સહાય જૂથની બહેનો સાથે પ્રત્યક્ષ સંવાદનો સેતુ સાધ્યો

# દેશની માતાઓ-બહેનોને આર્થિક આત્મનિર્ભર બનાવવા વડાપ્રધાનશ્રીના લખપતિ દીદી સંકલ્પમાં ગુજરાતે ૭.૫૦ લાખ બહેનોને લખપતિ દીદી બનાવવાનો નિર્ધાર કર્યો છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ વિસ્તારોના સ્વ-સહાય જૂથ સખીમંડળની નારીશક્તિને પ્રોત્સાહિત કરતાં તેમના મંડળોના ઉત્પાદનો, ચીજ વસ્તુઓની ઉચ્ચ ગુણવત્તા જાળવી રાખી વધુને વધુ લોકોનો વિશ્વાસ સંપાદિત કરવા પ્રેરક આહવાન કર્યું હતું. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, લોકોને સારી ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ મળે તો સખીમંડળની શાખ, પ્રતિષ્ઠા વધશે અને તેમના ઉત્પાદનોનું વેચાણ માઉથ ટુ માઉથ પબ્લિસિટીથી આપોઆપ ઊંચું જશે જ.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં 'સખી સંવાદ' કાર્યક્રમ અંતર્ગત રાજ્યભરની સ્વ-સહાય જૂથોની બહેનો સાથે વાર્તાલાપ કરતાં આ આહવાન કર્યું હતું. ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની દ્વારા આયોજિત આ સખી સંવાદમાં ૨૮ હજાર સ્વ-સહાય જૂથોની પોણા ત્રણ લાખથી વધુ ગ્રામીણ બહેનોને કુલ મળીને રૂ. ૩૫૦ કરોડના સહાય લાભનું મુખ્યમંત્રીશ્રીએ વિતરણ કર્યું હતું. તેમણે ડાંગ આહવાથી લઈને બનાસકાંઠા-વડુ અને પંચમહાલ થી પોરબંદર સુધીના જિલ્લાઓની ૧૭ જેટલી ગ્રામ્ય સખીમંડળ બહેનો સાથે પ્રત્યક્ષ સંવાદ કરીને તેમની સફળતા ગાથા જાણી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સખીમંડળ દ્વારા બનાવવામાં આવતી ચીજ વસ્તુઓના ઉત્પાદનથી માંડીને માર્કેટિંગ સુધીની એક આખી ચેઈન ઊભી કરવા સાથે પ્રોડક્ટ્સ માર્કેટિંગમાં આવતી નાની-મોટી સમસ્યા હલ કરવા માટે પણ સરકાર પ્રયત્નશીલ રહેશે તેવો વિશ્વાસ આપ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ અર્થતંત્રમાં મહિલાઓના યોગદાનને વેગ આપવા સાથે વુમન એમ્પાવરમેન્ટ માટે વડાપ્રધાનશ્રીએ 'ગ્યાન' એટલે કે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ એમ ચાર સ્તંભના વિકાસ પર દેશની વિકાસગતિ તેજ બનાવવા નિર્ધાર કર્યો છે તેમ જણાવ્યું હતું.



તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીએ આ વર્ષના બજેટમાં મહિલાઓ માટે રૂ. ૩ લાખ કરોડની વિવિધ યોજનાઓ આપી છે. બહેનોને આત્મનિર્ભરતાના માર્ગે વાળવા ગ્રામીણ મહિલાઓને ડ્રોન પાયલોટ તાલીમ આપીને 'ડ્રોન દીદી' તરીકે સશક્ત કરવાનું કામ વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં થયું છે તેની ભૂમિકા શ્રી ભૂપેન્દ્ર પટેલે આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દેશભરમાં માતા-બહેનોને આર્થિક રીતે પગભર કરવા ૩ કરોડ લખપતિ દીદી બનાવવાનો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે અને ગુજરાતે આવી ૭.૫૦ લાખ બહેનોને લખપતિ દીદી બનાવવાનો નિર્ધાર કર્યો છે. એટલું જ નહીં, રાજ્ય સરકારે નવી ખરીદ નીતિ અંતર્ગત જેમ (GEM) પોર્ટલ પર ઓનલાઈન ખરીદીમાં પણ મહિલા ઉદ્યોગ સાહસિકોની માલિકીના ઉત્પાદનની ખરીદીને પ્રોત્સાહિત કરવાની જોગવાઈઓ કરી છે. તેમણે વિકસિત ભારત@૨૦૪૭ના નિર્માણમાં ગ્રામીણ નારીશક્તિ સ્વ-સહાય જૂથોનું યોગદાન મહત્વનું બની રહેશે તેઓ વિશ્વાસ દર્શાવ્યો હતો. ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, ગ્રામીણ વિસ્તારની ગરીબ કુટુંબોની મહિલાઓને સંગઠિત કરીને, તેમને કૌશલ્યયુક્ત તાલીમ આપી આજીવિકા પૂરી પાડવી, એ અમારી સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય છે. મુખ્યમંત્રીશ્રી સાથે સંવાદમાં સ્વ-સહાય જૂથની મહિલાઓ દ્વારા રજૂ કરાયેલી માંગણી અને લાગણીને રાજ્ય સરકાર હકારાત્મક પ્રતિભાવ આપી તેમને મદદરૂપ થવા હંમેશા તત્પર છે, તેવી ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ ખાતરી આપી હતી. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં મહિલા સશક્તિકરણની કેડી કંડારી હતી. આજે એ જ કેડીએ આગળ વધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર સ્વ-સહાય જૂથોને માળખાકીય સુવિધા, બેંક ધિરાણ અને સહાય ઉપલબ્ધ કરાવી, ગ્રામીણ વિસ્તારોની મહિલાઓને સ્વરોજગારીની તકો પૂરી પાડી રહી છે. મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં આશરે ૩૧ લાખ મહિલાઓને આવરી લેતા ૩ લાખ જેટલા સ્વ-સહાય જૂથોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

રાજ્યના ૨૮ જિલ્લામાં ગ્રામિણ તાલીમ સ્વરોજગાર સંસ્થાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ તાલીમ કેન્દ્રોમાં અત્યાર સુધી આશરે ૩.૧૩ લાખથી વધુ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના હસ્તે ૨૮,૦૦૦થી વધુ સ્વ-સહાય જૂથોની આશરે ૨.૮૦ લાખથી વધુ મહિલાઓને રૂ.૩૫૦ કરોડની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં સ્વ-સહાય જૂથની ૫૦૦ મહિલાઓને આજીવિકાલક્ષી પ્રવૃત્તિમાં જોડવા માટે પીડીલાઈટ કંપની સાથે રાજ્ય સરકારના ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપનીએ MoU સાઈન કર્યા હતા.

# સ્પર્ધાત્મક પરીક્ષામાંથી CBRT પદ્ધતિ બંધ કરવાની કરી રજૂઆત

## વિદ્યાર્થીઓને થયેલા અન્યાય બાબતે ગૌણસેવા સચિવની રૂબરૂ મુલાકાત લેવા માટે યુવરાજસિંહ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પહોંચ્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૧ ।

ફોરેસ્ટ ભરતી બાબત તથા વર્તમાન પરીક્ષા પધ્ધતિ CBRT નાં કારણે વિદ્યાર્થીઓને થયેલા અન્યાય બાબતે ગૌણસેવા સચિવની રૂબરૂ મુલાકાત લેવા માટે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પહોંચ્યા હતા અને સ્પર્ધાત્મક પરીક્ષામાંથી CBRT પદ્ધતિ બંધ કરવાની રજૂઆત કરી હતી. ત્યારે તેઓને પડતી સમસ્યા તેમજ માંગણી વિશે વિગતવાર ચર્ચા કરીએ

વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ એચડી ન્યુઝ સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી ગૌણસેવા દ્વારા CCE, ફોરેસ્ટ, સર્વેયર, એકાઉન્ટ એન્ડ સબ ઓડિટર અને મહાનગરપાલિકાની અલગ અલગ સવર્ગ અને કેડરની ભરતીઓ CBRT પદ્ધતિ દ્વારા લેવામાં આવી છે. આ પદ્ધતિનો ગુજરાતમાં પહેલી વાર જ્યારે પ્રયોગ કરવામાં આવ્યો તે પહેલા કહેવામાં આવતું હતું કે આ CBRT દ્વારા પરીક્ષા લેતી એજન્સી ખૂબ વિશ્વસનીય, પારદર્શી,પેપર રહિત, ભૂલ રહિત છે, પરંતુ છેલ્લે લેવાયેલ તમામ પરીક્ષાઓમાં અનેક છબરડા સામે આવ્યા છે. સૌથી મોટું નકારાત્મક પાસુ એ છે કે ગુજરાત સરકારની તમામ પરીક્ષાઓ ગુજરાતી ભાષા દ્વારા લેવામાં આવે છે. TCS કે અન્ય પ્રાઈવેટ એજન્સી દ્વારા જે કોન્ટ્રાકટ ધોરણે કામ આપવામાં આવે છે તેમાં તેને ગુજરાતી ભાષાનો કોઈ અનુભવ જ નથી હોતો તેમ જ ગૌણસેવાના અધિકારી અને એજન્સીના માણસો વચ્ચે સંકલનનો અભાવ છે, જેથી જે પેપર સેટ કરવાનું અને પેપર ચેક કરવા માટેનું જે કામ સોંપવામાં આવે છે તેમાં સૌથી વધુ ભાષાંતરની ભૂલો જોવા મળે છે. ગૂગલ ટ્રાન્સલેશન કે અન્ય કોઈ એપ્લિકેશનનો ઉપયોગ કરી ભાષાંતર કરવામાં આવે છે, જેને કારણે જે ભાવાનુવાદ થવું જોઈએ તે થતું નથી અને અર્થનો અનર્થ થઈ જાય છે.

જાડેજા ઉમેર્યું હતું કે બીજી મુશ્કેલી એ પણ છે કે એકથી વધારે શિફ્ટમાં જે પેપર લેવામાં આવે છે તેમાં પ્રશ્નોનું સ્તર જળવાતું નથી, કોઈ પેપર ખૂબ સહેલા નીકળે છે અને કોઈ પેપર ખૂબ અઘરા નીકળે છે. પછી નોરમોલાઈઝેશન મેથડ ઉપયોગ કરી જે મેરીટ યાદી તૈયાર કરવામાં આવે છે તેમાં ગુણભાર ચોક્કસાઈથી માપી શકાતો નથી અને તુલનાત્મક માપદંડો પણ જાળવતા નથી. આ નોરમોલાઈઝેશન પદ્ધતિ ખૂબ નુકશાનકારક અને અન્યાય કરતા છે. તે પણ આ CBRT પદ્ધતિને કારણે દૂર થવી જોઈએ. વિદ્યાર્થીઓને પડતી સમસ્યાઓને લઈને વાત કરતા જણાવ્યું હતું કે CBRT પરીક્ષા દરમિયાન અગણિતવાર ટેકનિકલ ખામી આવેલ છે જેથી ઉમેદવારને સમયનું નુકશાન થાય જ છે પરંતુ તેની સાથે ઉમેદવારને ટેકનિકલ ખામીને કારણે મોરલ પણ ડાઉન થઈ જતું હોઈ છે અને નિરાશ થઈ જતા હોઈ છે જેથી નિયત કરેલ સમયમાં દરેક પ્રશ્નને ન્યાય નથી આપી શકતા. તેથી દરેક ઉમેદવારનું માનવું છે કે સિંગલ પેપર પરીક્ષા જ બધા માટે સમાન તક અને સમાન અવસરની હોઈ શકે છે. હા અમે એ પણ માનીએ છીએ કે સિંગલ પેપર પદ્ધતિમાં ઘણા છીંડા હોઈ શકે છે પરંતુ ભૂતકાળમાં થયેલ છબરડામાંથી બોધપાઠ લઈને આ છોડા બુરી ફૂલ પ્રૂફ સિસ્ટમ વિકસાવી શકાય છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભેગા થઈને માંગણી કરી હતી કે જો GPSC, પોલીસ ભરતી બોર્ડ જેવી સંસ્થા ઓફલાઈન મોડથી પરીક્ષા લેવાનો આગ્રહ રાખતી હોઈ તો ગૌણસેવા શા માટે ઓફલાઈન મોડથી પરીક્ષા ન લઈ શકે ? અમે આ આવેદનના માધ્યમથી દરેક વિદ્યાર્થી વતિ વિનંતી કરીએ છીએ કે આ CBRT પદ્ધતિ દૂર કરવામાં આવે કેમ કે આ પ્રયોગ ખૂબ નિષ્ફળ સાબિત થયો છે, અને આ પદ્ધતિનો ભોગ સૌથી વધારે "મહેનતુ વિદ્યાર્થી" બન્યા છે, માટે દરેક ઉમેદવારને સમાન અવસર મળે તે માટે GPSC અને પોલીસ ભરતી બોર્ડની જેમ ઓફોલાઈન મોડથી પરીક્ષાનું આયોજન કરવામાં આવે.

## ન્યૂઝ બ્રિફ

### રણુંજા દર્શન કરી પરત ફરતા કાર ડીવાઈડરમાં ઘૂસી ગઇ

। (એજન્સી) બનાસકાંઠા, તા.૩૧ ।

ગુજરાતમાં હાઈવે પર પુરપાટ ઝડપે પસાર થતાં વાહનો ગંભીર અકસ્માત સર્જી રહ્યાં છે.વડગામના તેનીવાડાના અધુરિયા બ્રિજ પાસે સ્વિફ્ટ કાર ડિવાયઈડર સાથે અથડાતાં ગાડીમાં સવાર પાંચ લોકો પૈકી પતિ-પત્ની સહિત ત્રણના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા છે. જ્યારે અન્ય બે ઘાયલ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતાં. પોલીસે ઘટના સ્થળે પહોંચીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અકસ્માત અંગે મળતી માહિતી મુજબ મહેસાણાના દેદિયાસણનો સથાર પરિવાર સ્વિફ્ટ કારમાં રણુજા ખાતે બાબા રામદેવપીરના દર્શન કરવા ગયો હતો. ત્યારે આજે પરત ફરતાં બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના તેનીવાડાના અધુરિયા બ્રિજ પાસે કાર ડિવાઈડરમાં ઘૂસી ગઈ હતી. કારના આગળના ભાગનો ભુક્કો બોલી ગયો હતો. કારની ટક્કર એટલી જોરદાર હતી કે એરબેગ પણ ખુલી ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર પાંચ લોકો પૈકી વિનુભાઈ ચીમનલાલ સુથાર તેમના પત્ની ગીતાબેન વિનુભાઈ સુથાર અને ડ્રાઈવર સંજયભાઈ ચંદુભાઈ સુથારના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા.

### ઓખા-દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ટ્રેન ના ટર્મિનલ સ્ટેશનમાં ફેરફાર

। અમદાવાદ, તા.૩૧ ।

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા ચલાવવામાં આવી રહેલી ઓખા-દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ટ્રેનના ટર્મિનલ સ્ટેશન માં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે આ ટ્રેન દિલ્હી સરાય રોહિલ્લા ને બદલે દિલ્હી કેન્ટ જશે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૯૫૨૩ ઓખા-દિલ્હી કેન્ટ સ્પેશિયલ ૬ ઓગસ્ટ, ૨૦૨૪ થી દર મંગળવારે સવારે ૧૦.૦૦ કલાકે ઓખા થી તેના નિર્ધારિત સમયે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૯.૪૦ કલાકે દિલ્હી કેન્ટ પહોંચશે. તેવી જ રીતે, રિટર્ન માં, ટ્રેન નંબર ૦૯૫૨૪ દિલ્હી કેન્ટ-ઓખા સ્પેશિયલ ૭ ઓગસ્ટ, ૨૦૨૪ થી દર બુધવારે દિલ્હી કેન્ટથી ૧૩.૪૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૩.૫૦ કલાકે ઓખા પહોંચશે.

નોંધનીય છે કે દિલ્હી કેન્ટ સિવાય આ ટ્રેનના અન્ય કોઈ સ્ટેશનના ટાઈમ ટેબલમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ટ્રેનોના સ્ટોપેજના સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

#### અગાઉ, AMC એ TDR જેવા સમાન TDR લાવ્યા છે

# અમદાવાદ મ્યુનિ. આ નવા કીમિયાથી રૂપિયા ૧૦૦૦ કરોડ ઊભા કરશે

। (એજન્સી) અમદાવાદ,તા.૩૧ ।

અમદાવાદને ઝીરો પોલ્યુશનવાળું શહેર બનાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ગ્રીન ગોલ્ડમાઈનને અનલોક કરવા માટે તૈયાર છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ટાઉન પ્લાનિંગ (TP) સ્કીમ્સમાં પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે આરક્ષિત પ્લોટમાંથી અંડરયુટિલાઈઝ્ડ ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (FSI)ની હરાજી કરવા અને FSI ને ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટ્સ (TDR) તરીકે બિલ્ડરોને વેચવા માટે તૈયાર છે.

અમદાવાદને ઝીરો પોલ્યુશનવાળું શહેર બનાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ગ્રીન ગોલ્ડમાઈનને અનલોક કરવા માટે તૈયાર છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ટાઉન પ્લાનિંગ (TP) સ્કીમ્સમાં પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે આરક્ષિત પ્લોટમાંથી અંડરયુટિલાઈઝ્ડ ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (FSI)ની હરાજી કરવા અને FSIને ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટ્સ (TDR) તરીકે બિલ્ડરોને વેચવા માટે તૈયાર છે.

આ TDR વેચાણમાંથી થતી આવક – AMCના અંદાજ મુજબ વાર્ષિક રૂ. ૧,૦૦૦ કરોડની નજીક – એક સમર્પિત આબોહવા અનુકૂલન ધિરાણ ભંડોળમાં મોકલવામાં આવશે. બિનઉપયોગી FSI, જે TDR તરીકે વેચવામાં આવશે, તે TP સ્કીમમાં AMCના આરક્ષિત પ્લોટની હશે જેમ કે સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર – પમ્પિંગ સ્ટેશન, પાણીની ટાંકીઓ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ (STP). AMCના એક વરિષ્ઠ અધિકારીએ નામ જાહેર ન કરવાની વિનંતી કરતાં, વિચારણા હેઠળની નવી નીતિની પુષ્ટિ કરી. અધિકારીએ એ પણ જાહેર કર્યું કે એક અલગ કમિટી ટીડીઆરના મૂલ્યાંકન અને હરાજીની દેખરેખ કરશે, જેનું નેતૃત્વ મ્યુનિસિપલ કમિશનર કરશે. કમિટીમાં Audaના CEO અને AMCની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનનો સમાવેશ થશેTDRનો ખ્યાલ FSI સાથે ગાઢ રીતે જોડાયેલો છે. "FSI નક્કી કરે છે કે આપેલ જમીનના પ્લોટ પર કેટલા બાંધકામની પરવાનગી છે. તેથી, નવી આબોહવા અનુકૂલન ભંડોળ નીતિ અનુસાર, વિકાસકર્તાઓ તેમની ઈમારતો પર વધારાના માળ બાંધવા અથવા તેમની બાંધકામ મર્યાદા ચોક્કસ રકમથી વધુ કરવા માટે AMCનો TDR ખરીદી શકે છે, "એએમસીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. AMCને વિશ્વાસ છે કે વાર્ષિક રૂ. ૧,૦૦૦ કરોડનો પ્રવાહ તળાવના કાયાકલ્પ, શહેરી વન વિકાસ અને વાયુ પ્રદૂષણ નિયંત્રણના પગલાં જેવા મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે ભંડોળ પૂરું પાડવા માટે નિમિત્ત બનશે. અગાઉ, AMC એ TDR જેવા સમાન TDR લાવ્યા છે – જેનો ઉપયોગ ઈન-સીટુ સ્લમ રિહેબિલિટેશન પ્રોજેક્ટ્સમાં થાય છે. બીજી તરફ હેરિટેજ TDR, ઐતિહાસિક મિલકતોના માલિકોને વિકાસની ખોવાયેલી સંભવિતતા માટે વળતર આપે છે. "બિલ્ડરો TDRs માટે પ્રીમિયમ ચૂકવે છે. ઝૂંપડપટ્ટીના TDRના કિસ્સામાં, AMCએ રિયલ એસ્ટેટ ઉદ્યોગને રૂ. ૧,૭૦૦ કરોડના TDRsનું વેચાણ કર્યું હતું. નાગરિક સંસ્થાનો ઉદ્દેશ્ય મહત્તમ વળતર મેળવવા અને આવકને પર્યાવરણીય સંરક્ષણ પ્રોજેક્ટ્સમાં જોડવાનો છે," અધિકારીએ જણાવ્યું હતું.

## પશ્ચિમ રેલવે ઉધના અને ભાવનગર ટર્મિનસ વચ્ચે સ્પેશલ ટ્રેન ચલાવશે

। અમદાવાદ, તા.૩૧ ।

પશ્ચિમ રેલવે દવારા મુસાફરોની સુવિધા માટે અને વધારાની સંખ્યામાં મુસાફરોને સમાવવા માટે ના ઉદેશ્ય થી ઉધના અને ભાવનગર ટર્મિનસ વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો છે. આ સ્પેશલ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન નંબર ૦૯૦૨૧/૦૯૦૨૨ ઉધના-ભાવનગર ટર્મિનસ (સાપ્તાહિક) સ્પેશલ (૦૮ ફેરા)

ટ્રેન નંબર ૦૯૦૨૧ ઉધના - ભાવનગર ટર્મિનસ સ્પેશલ દર સોમવારે ઉધનાથી ૨૨.૦૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૮.૪૫ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૦૫ ઓગસ્ટ થી ૨૬ ઓગસ્ટ, ૨૦૨૪ સુધી ચાલશે.

તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૨૨ ભાવનગર ટર્મિનસ - ઉધના સ્પેશલ દર મંગળવારે ભાવનગર ટર્મિનસથી ૧૯.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૭.૧૦ કલાકે ઉધના પહોંચશે. આ ટ્રેન ૦૬ ઓગસ્ટ થી ૨૭ ઓગસ્ટ, ૨૦૨૪ સુધી ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ, ગાંધીગ્રામ, સરખેજ, ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા, સોનગઢ, સિહોર અને ભાવનગર પરા સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ચેર કાર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ ના સામાન્ય કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૦૨૧ અને ૦૯૦૨૨ માટે બુકિંગ ૦૨ ઓગસ્ટ, ૨૦૨૪ થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરુ થશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## પત્નીએ બચકું ભરતાં ઈજાગ્રસ્ત પતિ સરકારી દવાખાને ગયો

। (એજન્સી) મહિસાગર, તા.૩૧ ।

જિલ્લાના વિરપુર તાલુકામાં વિચિત્ર બનાવ પ્રકાશમાં આવ્યો છે. વિરપુરની સરકારી હોસ્પિટલમાં એક ઈજાગ્રસ્ત યુવક સારવાર માટે આવ્યો હતો. તેણે ફરજ પરના ડોક્ટરને ઈજા થવાનું કારણ તેની પત્નીએ બચકું ભર્યું હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ ડોક્ટરે પ્રિસ્ક્રિપ્શન પેપર પર ઈજાના કારણમાં બૈરુ કરડ્યું હોવાનું લખતાં સોશિયલ મીડિયામાં જબરદસ્ત ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ડોક્ટરે ધનુરનું ઈન્જેક્શન આપી અન્ય દવા કરીને દર્દીને રવાના કર્યા હતાં. આ સમગ્ર મામલે હજુ કોઈ પોલીસ ફરિયાદ દાખલ થઈ નથી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વિરપુર તાલુકા મથકે આવેલ સરકારી દવાખાને ઓપીડી સમયે હાજર ડો. મૌલિક પટેલ પાસે વિરપુરના શેખ પરિવાર પચ્ચીસ વર્ષીય પેશન્ટ આવ્યા હતા. જે બાદ ડોક્ટરે શું થયું છે પૂછતા યુવકે પત્નીએ બચકું ભર્યું હોવાનું જણાવ્યું હતું. જ્યારે દર્દી દ્વારા પૂરી હકીકત જણાવતા પત્ની સાથે સામાન્ય વાતને લઈ બોલાચાલી થતાં ઉગ્ર બનેલી પત્નીએ પતિને હાથની આંગળી પર બચકું ભરી ઘાયલ કર્યા હતા. તેની સારવાર માટે યુવક સરકારી દવાખાને આવી હાજર તબીબ મૌલિક પટેલ દ્વારા દર્દીને ધનુરનું ઈન્જેક્શન આપીને જરૂરિયાત પ્રમાણે દવા કરી રવાના કર્યા હતા. પરંતુ જ્યારે કેસ પેપર મા ડો. મૌલિક પટેલ દ્વારા લખાયેલ બૈરું કરડ્યું ના શબ્દો જોતા વિરપુર તાલુકાના સોશિયલ મીડિયા મા વાયરલ થયું અને કૂતરું, બલાડું , વાનર જેવા પ્રાણી કરડયા ના કિસ્સા બન્યા પણ બૈરું કરડ્યું નો પ્રથમ કિસ્સો બન્યો તે સમગ્ર મહીસાગર જિલ્લામાં ચકચાર મચાવી રમુજી ઉપજાવી હતી.આ સમગ્ર મામલે હજુ કોઈ પોલીસ ફરિયાદ દાખલ થઈ નથી.

## સુરતમાં ગેમઝોન શરૂ કરવા નવેસરથી લેવું પડશે લાયસન્સ

। (એજન્સી) સુરત, તા.૩૧ ।

સુરતમાં હવેથી ગેમઝોન શરૂ કરવા માટે નવેસરથી લાયસન્સ લેવું પડશે. જી હાં સુરત પોલીસ કમિશ્નરે ૬૩ પાનાનું જાહેરનામું બહાર પાડ્યું છે. જેમ ગેમઝોનના માલિક પાસે હાલ લાયસન્સ છે તેમણે પણ નવેસરથી લાયસન્સ લેવું પડશે. તો અલગ-અલગ ગેમ માટે જુદી-જુદી પરમિશન લેવી પડશે. એક્સપર્ટનો અભિપ્રાય લેવો ફરજિયાત કરવામાં આવ્યો છે, ગેમઝોનના માલિકોએ થર્ડ પાર્ટી લાયેબિલિટી ઈન્સ્યોરન્સ ફરજિયાત લેવાનો રહેશે. જે હેઠળ જો અકસ્માત થાય અને તેમાં કોઈનું મોત નિપજે અથવા કોઈને કાયમી ખોડખાંપણ આવે તો તે માટે ૧૦ લાખ રૂપિયાનો વીમો લેવાનો રહેશે. જાહેરનામાના તમામ નિયમોનું કડક પાલન કરવાનું રહેશે, નહીં તો કડક કાર્યવાહી થશે. રાજકોટ આગકાંડમાં ૨૭ લોકો જીવતા ભૂંજાયા પછી નિયમો કડક બનાવવમાં આવ્યા છે. ગેમઝોન માલિકોએ ફરજીયાતપણે થર્ડ પાર્ટી લાયબિલિટી ઈન્શ્યોરન્સ લેવાનું રહેશે. જે હેઠળ જો અગર અકસ્માત થાય અને તેમાં કોઈનું મોત નિપજે અથવા કોઈને કાયમી ખોડખાપણ થાય તો તે માટે ૧૦ લાખ રૂપિયાનું વીમો લેવાનું રહેશે.

#### જયંતિ રવિની ફરી ગુજરાતમાં વાપસી

## 18 IAS અધિકારીઓની બદલીના આદેશ કરાયા

। ગાંધીનગર, તા.૩૧ ।

લોકસભાની ચૂંટણી બાદ ગુજરાતમાં એક સાથે 18 IAS અધિકારીઓની બદલી કરી દેવામાં આવી છે. ગુજરાતમાં બદલીઓનો દોર શરૂ થયો છે, ફરી એક વાર ગુજરાતના વહીવટી તંત્રમાં ધરખમ ફેરફાર કરાયો છે. મોટા પાયે આઈએએસ અધિકારીઓમાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે. સિનિયર 18 IAS અધિકારીઓની બદલીના આદેશ કરાયા છે. અધિક મુખ્ય સચિવ સુનયના તોમરને શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલમાં મુકાયા છે.

અધિક મુખ્ય સચિવ એમ કે દાસને મુખ્યમંત્રી કાર્યાલયમાં મુકાયા અને ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવનો ચાર્જ સોપાયો. IAS અધિકારીઓની બદલીમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક સચિવ સુનૈતા તોમરને શિક્ષણ વિભાગના અધિક સચિવ તરીકે નિમણૂંક આપવામાં આવી છે. ઉપરાંત તેમને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના એડિશ્નલ ચીફ સેક્રેટરી તરીકેનો વધારાનો ચાર્જ પણ સોંપવામાં આવ્યો છે. મુખ્યમંત્રી કાર્યાલયના અધિક સચિવ પંકજ જોશીને પોર્ટ અને ટ્રાન્સપોર્ટ વિભાગનો વધારાનો ચાર્જ સોંપાયો છે. જ્યારે રેવન્યૂ વિભાગના મુખ્ય અધિક સચિવ મનોજ કુમાર દાસને ગૃહ વિભાગમાં મુકવામાં આવ્યાં છે.

**સિનિયર આઈએસ અધિકારીઓની બદલી આ પ્રમાણે છે...**

- સુનયના તોમર શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ
- ડૉ. જયંતિ રવીને મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ
- એસ. જે. હેદરને ઉર્જા અને પેટ્રો કેમિકલના અધિક મુખ્સ સચિવ
- ડૉ. ટી નટરાજને નાણાં વિભાગના મખ્ય સચિવ બનાવ્યા
- નવા શિક્ષણ સચિવ બન્યા મુકેશ કુમાર
- રાજીવ ટોપનો ચીફ કમિશનર ઓફ સ્ટેટ ટેક્ષ
- મનોજ દાસની મુખ્યમંત્રી કાર્યાલયમાં નિમુણક
- પંકજ જોશીને પોર્ટ અને ટ્રાન્સપોર્ટના વધારાનો હવાલો
- જયંતિ એસ રવિ મહેસુલ વિભાગમાં અધિક મુખ્ય સચિવ
- અંજુ શર્માની છઝજી કૃષિ અને વેલફેર તરીકે નિમુણક
- જેપી ગુપ્તા ટ્રાઈબલ ડેવલપમેન્ટ વિભાગના અધિક મુખ્ય સચિવ
- મમતા વર્માની છઝજી ઉદ્યોગ અને ખાણ તરીકે નિમુણક
- ડૉ.એસ મુરલીકૃષ્ણનને ચૂંટણી પંચ માં આયુક્ત સ્પેશલ ડ્યૂટી
- વાહન વ્યવહાર કમિશમર તરીકે અનુપમ આનંદ






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨